Wednesday 02, April 2025
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૨૭૫ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### રાજ્યમાં બેંકીંગ ક્ષેત્રે ઐતિહાસિક સિધ્ધી સાથે

## એસબીપીપી બેન્કની ડિપોઝીટ ૧૦૦૦ કરોડ થઈ

### બેંકે ચાલું નાણાંકીય વર્ષે ૨૨.૮૨ કરોડનો નફો કર્યો : બેંકનો ગ્રોસ એનપીએ ૫.૪૭ ટકા અને નેટ એનપીએ શૂન્ય થયું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**


**પારડી, તા.૦૧ :** એસબીપીપી કો-ઓપરેટિવ બેંકના વર્ષ ૨૦૨૪-૨૫ના નાણાંકીય પરિણામો હાલમાં જાહેર કરવામાં આવેલ છે. બેન્કની કુલ ડિપોજિટ વધીને રૂા. ૧૦૨૭.૩૫ કરોડ અને કુલ ધિરાણ વધીને ૭૦૯.૭૯ કરોડ થયેલ છે. વર્ષ ૨૦૨૪-૨૫ના અંતે બેન્કનો ચોખ્ખો નફો વધીને રૂા. ૨૨.૮૨ કરોડ થયેલ જે બેન્કના અત્યાર સુધીના ઈતિહાસમાં સૌથી વધારે છે. તે ઉપરાંત બેન્કનો ગ્રોસ એનપીએ ૫.૪૭ ટકા અને નેટ એનપીએ શૂન્ય રહેલ છે.

એસબીપીપી બેંક ની ડિપોજિટ વધીને રૂા. ૧૦૦૦ કરોડ થવાથી હવે રિજર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની માર્ગદર્શિકા પ્રમાણે બેન્ક ની ગણના ટાયર ૩ અર્બન કો ઓપ બેન્કો માં થવા લાગશે તેથી કરી ને બેન્ક હવે રૂ. ૨ કરોડ સુધી ની હોમ લોન ગ્રાહકોને આપી શકશે તે ઉપરાંત આખા દેશમાં અસ્તિત્વ ધરાવતી ૧૪૦૦ થી વધુ કો-ઓપ બેન્કોમાંથી માત્ર ૮૪ જ બેન્કો ટાયર ૩ માં આવતી હોવા થી બેન્કની ગણના હવે મોટી બેન્કોમાં થવા લાગશે. ખાસ જણાવવાનું કે એસબીપીપી બેન્ક વર્ષોથી શિડ્યુલ બેન્કનો દરજ્જો ધરાવે છે. જે એસબીપીપી કરતાં ઘણો વધારે ધંધો ધરાવતી બેન્કો પણ હજુ સુધી મેળવી શકી નથી તે બેન્ક ના ગ્રાહકો અને સભાસદો માટે એક ગૌરવની વાત છે.

ખાસ જણાવવાનું કે હાલના બોર્ડના ચેરમેન જિતેન્દ્રભાઈ દેસાઈની રાહબરી હેઠળ બેન્કે વર્ષ ૨૦૨૧થી સફળતાના ઘણા બધા સોપાન સર કરીને નવા વિક્રમો સ્થાપિત કરેલ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૧ના અંતે બેન્કની કુલ ડિપોજિટ રૂા. ૭૬૧ કરોડ અને ફુલ ધિરાણ રૂા. ૪૩૪ કરોડ હતું જે વિગત ૪ વર્ષોમાં વધી ને વર્ષ ૨૦૨૪-૨૫ના અંતે કુલ ડિપોજિટ રૂ. ૧૦૨૭ કરોડ અને કુલ ધિરાણ રૂ. ૭૦૯ કરોડ થયેલ છે. આ રીતે બેન્કનો કુલ બીજીનેસ છેલ્લા ચાર વર્ષોમાં વધીને રૂા. ૧૧૯૫ કરોડ ૫૨ થી રૂા. ૧૭૩૭ થયેલ છે જે કુલ રૂા. ૫૪૨ કરોડનો વધારો દર્શાવે છે. બેન્કનો ચોખ્ખો નફો વર્ષ ૨૦૨૧ના અંતે રૂા. ૪.૬૦ કરોડ હતો તે હવે વધીને રૂા. ૨૨.૮૨ કરોડ થયેલ છે. જે બેન્કના ગ્રાહકોનો બેન્ક પ્રત્યેનો વિશ્વાસ અને બેન્ક ગ્રાહકોની અપેક્ષાઓ પર સફળ થવાની પ્રતીતિ કરાવે છે.

ચેરમેન જીતેન્દ્રકુમાર દેસાઈએ નાણાંકીય પરિણામોને આવકારતા કહ્યું હતું કે, બેન્કની આ સફળતા સામાન્ય માણસની બેન્ક પ્રત્યેની વિશ્વસનીયતા અને બેન્ક ની સકુશળ કર્મચારીઓની ટીમની મહેનતનો પરિણામ છે. અમે આ સક્રિયતા અને પેશનને આગળ વધારીને અમારા ગ્રાહકો માટે શ્રેષ્ઠ સેવા પ્રદાન કરવાનું ચાલુ રાખીશું. અમે સતત અમારા બિઝનેસ મોડલને મજબૂત બનાવવાનું, નવી ટેકનો લોજીનો વધુ અને સક્ષમ ઉપયોગ કરવાનું અને કાર્યક્ષમતા વધારવાનો પ્રયાસ કરતા રહીશું. બેન્કના આ નાણાંકીય પરિણામો બેન્કના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ એ સમયસૂચકતા વાપરીને બેંકિંગ ક્ષેત્રમાં થઈ રહેલ ફેરફારોને ધ્યાને લઈને લાગુ કરેલ નવી પોલિસીઓ, બોર્ડ ઓફ મેનેજમેંટના સભ્યોએ સૂચવેલ કાર્યશૈલી અને સમગ્ર સ્ટાફની એકરૂપ થઈને કરેલ સહિયારી મેહનતનું પરિણામ છે. આ બાબતે ગુજરાત રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ બેન્કના વિકાસ માટે આપેલ માર્ગદર્શન, સહકાર અને તેમના અમૂલ્ય યોગદાનને પણ તેઓએ ખાસ બિરદાવ્યુ હતું. એસબીપીપી કો-ઓપરેટિવ બેંક વધુ વ્યાપક વૃદ્ધિ માટે ઉત્સાહિત છે અને ગ્રાહક માટે નવી સેવાઓ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે.

## વલસાડ જિલ્લામાં કમોસમી વરસાદના છાંટણા અને વાદળછાયું વાતાવરણથી ખેડૂતો ચિંતામાં





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, વલસાડ, તા. ૧ :** સમગ્ર વલસાડ જિલ્લો અને વાપી પંથકમાં કોમોસમી વરસાદના છાંટા પડ્યા સાથે આખો દિવસ વાદળ છવાયું વાતાવરણ અને અંધારપટ જેવા માહોલ સાથે વાપી પંથકના રસ્તાઓ ભીના થયા જેને લઈ કેરી ચીકુ તેમજ શાકભાજીની ખેતી કરતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

પ્રાપ્ત વિગત મુજબ આજે હવામાન વિભાગની આગાહી મુજબ સમગ્ર વલસાડ જિલ્લા અને વાપી પંથકમાં વહેલી સવારથી જ કોમોસમી વરસાદના અમીછાંટા થવા પામ્યા હતાં સાથે રસ્તાઓ ભીના બનતા અનેક બાઈક અને મોપેડ ચાલકો સ્લીપ થઈ પડી જવાના બનાવો બન્યા હતાં. જોકે આખો દિવસ વાદળ છવાયુ વાતાવરણને લઈ કેરી, ચીકુ તેમજ શાકભાજી અને સીઝનેબલ ખેતી કરતા ખેડૂતો ભારે ચિંતામાં મુકાયા હતાં. જોકે કેટલોક ઉભો પાક ખરાબ ન થઈ જાય તેની પણ ચિંતા કરતાં ખેડૂતો જોવા મળ્યા હતાં. સાથે વાદળ છવાયુ વાતાવરણને લઈ આંબાના ઝાડ ઉપર આવેલ કેરી પડી જવાના કે નાની કેરીનું બાળમરણ થવાની શક્યતાને લઈ ખેડૂતો ખૂબ જ ચિંતામાં મુકાયા છે. જેઓને દર વર્ષની જેમ આ વર્ષે પણ કુદરતે ચિંતામાં મૂક્યા છે.

તેવી જ રીતે વલસાડ પંથકમાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલટો આવી આજરોજ સવારે વરસાદી છાંટણા પડતા કેરીના પાક અને ખેતરમાં શાકભાજીના ઉભા પાકને ભારે નુકસાન થવાની ભીતિ ખેડૂતોને દેખાઈ રહી છે. જેમાં ખાસ કરીને છેલ્લા કેટલાક વર્ષથી કેરીનો પાક પાછળતો અને ઓછો હોવાથી વેપારીઓ ભારે મૂંઝવણમાં મુકાઈ રહ્યા છે.

આમ તો ગુજરાત રાજ્યમાં વલસાડ જિલ્લા માં મુખ્યત્વે ડાંગર, શાકભાજી નો પાક લેવામાં આવે છે. તો બીજી તરફ વલસાડી હાફૂસ જગવિખ્યાત છે. વલસાડ જિલ્લામાં આંબાવાડીઓમાં કેરીના પાક ઉપર ખેડૂતો નભતા હોય છે. નવેમ્બર ડિસેમ્બરમાં કેરીના પાક લેવા માટે ખેડૂતો આંબાવાડીમાં ટ્રેક્ટરથી ખેડ કરી છાણીયું ખાતર નાંખવામાં આવે છે. જે બાદ આંબા ઉપર જંતુનાશક દવાનો પણ છટકાવ કરવામાં આવે છે. દર વર્ષે કેરીનો પાક લેવા માટે ખેડૂત લાખો રૂપિયાની દવાનો છંટકાવ કરવા મા આવે છે અને વરસાદ પડતા આંબા પર બેઠેલી મંજરી નીચે પડી જતી હોય છે ક્યાં તો મંજરી કાળી પડી તેમાં જંતુ પડતા હોય છે. જેના કારણે ખેડૂતે ફરીવાર દવાનો છંટકાવ કરવો પડતો હોય છે. વલસાડ જિલ્લાના ખેડૂતોની આંબાવાડીઓમાં સારો કેરીનો પાક આવે તે માટે મહેનત કરતા હોય છે. પરંતુ આ મહેનત ઉપર વરસાદ પાણી ફેરવી દેતો હોય છે. ત્યારે સમગ્ર ગુજરાત રાજ્યમાં છેલ્લા બે દિવસથી અસહ્ય ગરમી અને વાદળછાયુ વાતાવરણ રહેતા કેટલાક સ્થળોએ કમોસમી વરસાદ પડવાની ચેતવણી આપવામાં આવી હતી. આજરોજ વલસાડ પંથકમાં વહેલી સવારે વરસાદી અમી છાંટણા પડતા કેરી અને શાકભાજીનો પાકને નુકસાન થવાની ભીતિ ખેડૂતોને દેખાઈ રહી છે.

## વાપી મનપાએ મિલકત વેરામાં ૯૫.૬૩ ટકાની વસુલાત

### વાપી મનપાના ૨૮.૭૫ કરોડના માંગણા સામે ૨૭.૪૯ કરોડ અને મનપામાં સમાવેશ ૧૧ ગામોમાં પણ ભારે વસુલાત કરાઈ : ગત વર્ષ કરતા ૨ ટકા વધુ વસુલાત કરાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૧ :** વાપી મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ના નાણાંકીય વર્ષ દરમિયાન કુલ મિલકત વેરાના ૯૫.૬૩ ટકાની વસૂલાત કરી સાથે ૫૨૦થી વધુ રહેણાંક અને કોમર્શિયલ મિલકતો સીલ કરવામાં આવી તેમ જ મહાનગરપાલિકામાં સમાવેશ થયેલા ૧૧ ગામોમાં પણ સૌથી વધુમાં વધુ વેરા વસુલાતની કામગીરી કરાઈ છે.



વાપી મહાનગરપાલિકા ઘરવેરા વિભાગ દ્વારા પૂરા થયેલા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૯૫ ટકાથી વધુની વેરા વસૂલાત કરવામાં આવી છે. કમિશ્નર યોગેશ ચૌધરી, વહીવટદાર અને નાયબ કમિશ્નર અશ્વિન પાઠકના માર્ગદર્શનમાં ટેક્ષ સુપ્રિન્ટેન્ડન્ટ રાકેશ ઠક્કર સાથે ટેક્ષ ઈન્સ્પેકટર દીપક ચભાડિયા અને તમામ ઘરવેરા સ્ટાફ દ્વારા છેલ્લા બે માસથી સઘન વેરા વસૂલાત અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. રૂા.૨૮.૭૫ કરોડના માંગણા સામે રૂા.૨૭.૪૯ કરોડ મેળવી ૯૫.૬૩ ટકા વસૂલાત કરી હતી. જે ગત વર્ષ કરતાં ૪.૮૭ કરોડ વધુ છે. ગત ૨૦૨૩-૨૪ના વર્ષમાં ૯૩.૬૧ ટકા વસૂલાત થઈ હતી. વાપી મહાનગરપાલિકાની રચના બાદ સમાવિષ્ટ ૧૧ ગામોમાં પણ વેરા વસૂલાતને વેગ આપવામાં આવ્યો હતો. જેમાં સૌથી વધુ છીરીમાં રૂા.૬૯ લાખ, બલીઠામાં રૂા.૫૮ લાખ અને છરવાડામાંથી રૂા.૪૬ લાખ વસૂલ્યા હતાં. સમગ્ર મહાનગરપાલિકાની કુલ વસૂલાત રૂા.૩૭.૪૬ કરોડ થઈ હતી. સમગ્ર વેરા વસૂલાત અભિયાન દરમ્યાન ૫૨૦થી વધુ રહેણાંક અને બિનરહેણાંક મિલકતો સીલ કરવામાં આવી હતી. આ વર્ષે લાંબા સમયથી વેરો ન ભરનાર ચાલીની રૂમોને તાળાં મારવામાં આવ્યા હતાં અને ફ્લેટની હરાજીની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. માર્ચ માસમાં સતત ૩૧ દિવસ કાર્યવાહી કરી મૂળ વાપીમાંથી રૂા.૩.૬૧ કરોડ અને ૧૧ ગામોમાંથી રૂા.૨.૪૪ કરોડની વસૂલાત કરી રૂા.૬.૦૫ કરોડ મેળવ્યા હતાં. આગામી વર્ષમાં મિલકતધારકો વધુ સરળતાથી અને ઝડપથી ઓનલાઈન અને ઓફલાઈન વેરો ભરી શકે એ માટે વાપી મહાનગરપાલિકા દ્વારા નવી અને આધુનિક વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે. ચાલુ વર્ષમાં સમગ્ર મહાનગરપાલિકા વિસ્તારમાં વેરામાં કોઈ વધારો કરવામાં આવનાર નથી અને જૂન માસમાં ટેક્ષમાં રીબેટનો પણ લાભ આપવામાં આવનાર છે.

## વલસાડ જિલ્લા કલેકટરનો ચાર્જ ડીડીઓને સોંપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૦૧ :** વલસાડ જિલ્લા કલેકટરની વય મર્યાદાને લઈ બે દિવસ અગાઉ નિવૃત્ત થતા તેમની જગ્યાએ વલસાડ જિલ્લા કલેકટરનો ચાર્જ વલસાડ જિલ્લા વિકાસ અધિકારીને સોંપવામાં આવ્યો છે.

વલસાડ જિલ્લા કલેકટર તરીકે નૈમેશ દવે છેલ્લા એક વર્ષથી વલસાડ જિલ્લા કલેકટર તરીકે સેવા આપી રહ્યા હતાં. કલેકટર નૈમેશ દવે તા. ૨૯/૩/૨૦૨૫ના રોજ વયમર્યાદાને લઈને નિવૃત્ત થયા હતાં. જિલ્લા કલેકટર નૈમેશ દવે નિવૃત્ત થતાં તેમનો વિદાય સમારંભ સાદગીમાં રેવન્યુ ડિપાર્ટમેન્ટ તેમજ અન્ય કર્મચારીઓ અધિકારીઓ મળીને શુભેચ્છા પાઠવી હતી. જિલ્લા કલેક્ટર નૈમેશ દવે નિવૃત્ત થતાં તેમની જગ્યાએ વલસાડ જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચેપલોતને વલસાડ જિલ્લા કલેક્ટરનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો.

## વલસાડમાં શાકભાજી માર્કેટમાં દબાણ હટાવાતા વેપારીઓનો હોબાળો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૧ :** શાકભાજી માર્કેટમાં લારી પથારાવાળાઓનો દબાણને લઈ આજરોજ સાંજે નગરપાલિકા દ્વારા દબાણ હટાવવામાં આવતા વેપારીઓ એ ભારે હોબાળો મચાવ્યો હતો.

વલસાડ નગરપાલિકા દ્વારા શાકભાજી માર્કેટમાં ૧૨૦ આવાસ બિલ્ડીંગ તોડી પાડી નવી બિલ્ડીંગ બનાવવાની કામગીરી ચાલી રહી છે. નગરપાલિકા અને શાકભાજી માર્કેટમાં નીચે બેસી પથ્થરો નાંખી વેચનારા નાના વેપારીઓ અને મોટા વેપારીઓને તેઓને તરીયા વાડ આવેલા મેદાનમાં ત્યાં ધંધો કરવા માટે જગ્યા ફાળવવામાં આવી હતી. પરંતુ નાના વેપારીઓ અને વેપારીઓને પોતાની જગ્યા નહીં મળશે એવી બીક ના કારણે માર્કેટમાંથી વેપારીઓ પોતાનો ધંધો કરવા માટે જતા ન હતાં. વેપારીઓ શાકભાજી માર્કેટમાં જ બેસી ધંધો કરતા નવી બાંધકામ કરી રહેલા બિલ્ડીંગનું કામ ધીમી ગતિએ ચાલી રહી છે અને સવાર-સવાર ટ્રાફિક સમસ્યા પણ સર્જાતી હોય છે જે તેને લઈ આજરોજ વલસાડ નગરપાલિકા ચીફ ઈજનેર હિતેશ પટેલ તેમની ટીમ સાથે વલસાડ શાકભાજી માર્કેટમાં રસ્તાની બંને બાજુ દબાણ કરી લારી કે પાથરણા પાથરી ધંધો કરનારા વેપારીઓના દબાણો દૂર કરવામાં આવતા વેપારીઓએ ભારે હોબાળો મચાવ્યો હતો. આગામી દિવસોમાં શાકભાજી માર્કેટને તરીયાવાડ માં ખસેડવાની તજવીજ પાલિકાએ હાથ ધરી છે.

## ધરમપુર પાલિકાએ ૯૩.૧૦ ટકા વેરા વસુલાત કરી

### પાલિકાની ૧૦ ટીમોએ બાકી વેરાદારોનો સતત સંપર્ક કરી લક્ષ્ય પુરો કર્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા.૦૧ :** ધરમપુર નગરપાલિકા ૨૦૨૪-૨૦૨૫ના વર્ષ દરમ્યાન વેરા વસુલાત મા ૯૩.૧૦ ટકા લાવી ધરમપુર નગરપાલિકાનું નામ રોશન કર્યું છે. અને સાથે સાથે ચીફ ઓફિસર, પ્રમુખ સાથે સંકલનમાં રહી ડોર ટુ ડોર વેરા વસુલાત કલેકશન માટે ૧૦ ટીમો બનાવી વેરા વસુલાત કરવામાં આવતા ગામની બહાર રહેતા લોકો સાથે ટેલિફોનીક દ્વારા સંપર્ક કરી ઓનલાઈન પેમેન્ટ દ્વારા વેરો વસુલ કરવામાં આવ્યો હતો. વારીગૃહ શાખા, ફાયર શાખા, આરોગ્ય શાખાની ટીમની સરાહનીય કામગીરીને ચીફ ઓફિસર તેમજ પાલીકા પ્રમુખ સહીત સભ્યોએ બિરદાવી હતી. ધરમપુર નગરપાલિકા દ્વારા એક કરોડ નેવું લાખ વેરા વસુલાત કરવામાં આવતા સામાન્ય આવક મિલકત નામફેર,આકરાણી પત્રક ફી વિગેરમાં ૨૦૨૪- ૨૦૨૫ દરમ્યાન ૫૦ લાખ રકમની આવક ધરમપુર નગર પાલિકાને થતા ધરમપુર નગરપાલિકા તમામ ગ્રામજનનો આભાર વ્યકત કર્યો હતો વધુ મા ધરમપુર નગરપાલિકા વેરા વસુલાત ૯૩.૧૦ ટકા સાથે ગુજરાતમા પ્રથમ નંબરે રહ્યાનો અનુમાન કરી રહ્યા છે.

## કોસંબા ગામે રસ્તા અંગે સરપંચને રજૂઆત કરતા ઉડાઉ જવાબ આપ્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૦૧ :** વલસાડ તાલુકાના કોસંબા ગામ ખાતે છેલ્લા ૧૫થી મહાત્મા ગાંધી ચોકથી માહ્યાવંશી ફળિયાનો રસ્તો નહિ બનતા ગામજનોએ હાલાકી વેઠવાનો વારો આવતા ભારે રોષ જોવા મળી રહ્યો છે. મારી પાસે પૈસા નથી નો ઉડાઉ સરપંચે જવાબ આપતા ગ્રામજનોમાં ભારે નારાજગી જોવા મળી છે.


એક તરફ ગુજરાત સરકાર દ્વારા ખૂણા ખૂણા સુધી રસ્તો સહિતની પાયાની સુવિધાઓ આપી હોવાનો દાવો કરવામાં આવે છે. તો બીજી તરફ સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તાર કે શહેરી વિસ્તારમાં ડામર રસ્તા, પેવર બ્લોક, સ્ટ્રીટ લાઈટ, ચેકડેમ, વરસાદી પાણીની ગટર, પાકા નાળા કે અન્ય પ્રાથમિક સુવિધાઓ આપવા માટે ધારાસભ્યની ગ્રાન્ટ, એટીવીટી યોજના, ૧૫માં નાણાપંચ, સાંસદની ગ્રાન્ટ , કે અન્ય ગ્રાન્ટો મોટા પ્રમાણમાં ગ્રામ પંચાયતમાં આવતી હોય છે. ત્યારે વલસાડ શહેરને અડીને આવેલા કોસંબા ગામની આશરે ૨૦ હજાર જેટલી વસ્તી છે. ગામના વોર્ડ નંબર ૫ માંથી ચૂંટાયેલા સભ્ય નિલેશભાઈ કોશિયા એ ગામના સરપંચ કિરીટભાઈ ટંડેલને છેલ્લા ત્રણ વર્ષથી રસ્તા લાઈટ પાણી બાબતે અવારનવાર સામાન્ય સભામા લેખિત અને મૌખિક રજૂઆતો કરી હતી. માહ્યાવંશી ફળિયાના લોકો છેલ્લા ૧૫ વર્ષથી રસ્તા માટે વારંવાર રજૂઆત કરવા તેમ છતાં ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા ૧૫ વર્ષથી માહ્યાવંશી ફળિયાનો આશરે ૧ કિલોમીટર લાંબો રસ્તો નહિ બનતા ગામના લોકોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ફળિયાનો રસ્તો બિસ્માર બનતા રહીશોના બાઈક મોપેડ ચાલકો સ્લીપ થવાની ઘટના પણ અવારનવાર બની છે. સ્થાનિક રહીશો કે અન્ય લોકો રસ્તા પરથી પસાર થતાં ભારે પરેશાની વેઠી રહ્યા છે તો બીજી તરફ ઈમરજન્સીની ઘટના બને તો એમ્બ્યુલન્સ પણ ફળિયામાં લાવી મુશ્કેલી સર્જાતી હોય છે. કોસંબા પંચાયત સભ્ય નિલેશભાઈ કોસીયાએ માહ્યાવંશી ફળિયામાં ડામર રસ્તો પેવર બ્લોક, પીવાના પાણી સાહિત્યની ૨૨ જેટલી અલગ અલગ વારંવાર રજૂઆતો કરવા તેમ છતાં ગ્રામ પંચાયત સભ્યોની માંગણી નહીં સંતોષાતા તેમણે વલસાડ જિલ્લા કલેકટર, વલસાડ જિલ્લા વિકાસ અધિકારી વલસાડ તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં રજૂઆત કરી છે. વિસ્તારમાં પોતાની માંગણી નહીં સંતોષાય તો આગામી દિવસમાં જલદ કાર્યક્રમો આપવાની ચીમકી આપી છે.

## વલસાડ તા.પં. કચેરીનું નવુ મકાન બનાવાતા ડાયવર્ઝન અપાયુ

**વલસાડ, તા. ૦૧ :** વલસાડ તાલુકા પંચાયત કચેરીનું મકાન તોડી આ જ જગ્યા પર તાલુકા પંચાયત કચેરીનું નવુ મકાન બનાવવા માટે વલસાડ તાલુકા પંચાયત કચેરીથી જિલ્લા પંચાયત કચેરીના પાછળના દરવાજા સુધીના રસ્તાને વાહન વ્યવહાર માટે બંધ કરી ડાયવર્ઝન અંગેનું જાહેરનામુ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ.આર.જહા દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૨૨માં)ની કલમ ૩૩ ની પેટા કલમ-૧ (બી) અન્વયે મળેલી સત્તાની રૂએ તા. ૦૧/૦૪/૨૦૨૫ થી તા.૩૧/૦૫/૨૦૨૫ સુધી વલસાડ તાલુકા પંચાયત કચેરીથી જિલ્લા પંચાયત કચેરીના પાછળના દરવાજા સુધીના રસ્તા પરથી તમામ પ્રકારના વાહનોના આવન-જાવન માટે પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જેથી વાહન ચાલકો હવે ડાયવર્ઝન રૂટ વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનથી તાલુકા પંચાયત કચેરી થઈ ડોક્ટર હાઉસ તરફથી જઈ શકાશે અને વલસાડ સિટી પોલીસ સ્ટેશનથી વલસાડ ધરમપુર રોડ થઈ કલ્યાણ બાગ તરફ થઈ જઈ શકાશે.

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે
વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com




FULLY FURNISHED
A.C.OFFICE FOR SALE.
Fully furnished A.C.Office (FIRST FLOOR) with 12mm thick glass cabin, Table.with revolving chairs,, staff cabin for 4 person with computer points and wall mounted filing cabinets, pantry ,Toilet. Ready for use GIDC. CHAR RASTA, near CNG PUMP.
Contact:-9737767000

વાપી સીટી બસ સર્વિસ સેવા માટે સ્ટાફ જોઈએ છે

| | | |
|---|---|---|
| ડ્રાઈવર | ૧૨ | પેસેન્જર લાઈસન્સ ધરાવનાર (હેવી લાઈચસન્સ ધરાવનાર) |
| કંડકટર | ૧૨ | પુરૂષ તથા મહિલા ઉમેદવાર ટિકીટ મશીન ચલાવી શકે તેવા (કંડકટર લાઈસન્સ હોવું જોઈએ) |

એક પાસપોર્ટ સાઈઝ ફોટો, આધાર કાર્ડની નકલ તથા બાયોડેટા નીચે આપેલા મોબાઈલ નંબર પર વોટસએપ કરવું.
Mo.No. 9601473359, 9978514571

## દેગામની કંપનીમાં સોલર સેલ મેન્યુફેક્ચરીંગ યુનિટનું ઉદ્ઘાટન મુખ્યમંત્રીના હસ્તે કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા.૦૧ :** નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના દેગામના વારી એનર્જીસમાં સોલર સેલ મેનુફેક્ચરીંગ યુનિટનું ઉદ્ઘાટન મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ઝીરો ઈફેક્ટ, ઝીરો ડિફેક્ટ મંત્ર સાથે ગુજરાતના ગ્રીન ગ્રોથમાં અનેક કંપનીઓનું યોગદાન રહેલું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવસારી જિલ્લાના દેગામ ખાતે આવેલી કંપનીના ૪.૫ ગીગાવોટ સોલાર સેલ મેન્યુફેક્ચરિંગ યુનિટના ઉદ્ઘાટન વેળાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વન અર્થ, વન સન વન ગ્રીડનો મંત્ર આપ્યો છે. તેમના વિઝનને સાકાર કરતો આ પ્રોજેક્ટ છે. આ કપંની દ્વારા ભારતના સૌથી મોટા ૫.૪ ગીગા વોટની ક્ષમતાના સોલર સેલ મેન્યુફેક્ચરીંગ યુનિટનું ઉદઘાટન થયું છે. નવસારી જિલ્લામાં ૧૫૦ એકરમાં ફેલાયેલો આ સોલર સેલ પ્લાન્ટ નવીનીકરણીય ઊર્જા માં ઐતિહાસિક સીમાચિહ્નરૂપ બનશે. જે ભારતની નવીનીકરણીય ઊર્જા યાત્રામાં એક મહત્વપૂર્ણ પગલું છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, દેશ અને દુનિયા જ્યારે રીન્યુએબલ એનર્જી, ગ્રીન અને કલીન એનર્જીની વાતો કરતી હતી ત્યારે ગુજરાતમાં સૂર્ય ઊર્જા ના પ્લાન્ટ - સ્થાપિત થઈ ચૂક્યા હતા. આજનો સમય સોલર, વિન્ડ અને હાઈડ્રો એનર્જી, અને ગ્રીન એનર્જીથી ગ્રીન ગ્રોથનો છે. ગુજરાત આ દિશામા સક્રિય રીતે કામ કરી રહ્યું છે. આપણી રીન્યુએબલ એનર્જી કેપેસીટી દેશની કુલ કેપેસીટીના ૧૫ ટકા એટલે કે, ૩૨,૯૨૪ મેગા વોટ થઇ છે. કેન્દ્ર સરકારે શરુ કરેલી વિવિધ યોજાનાઓમાં પીએમ સૂર્યશક્તિ મફત વીજળી ઘર યોજનામાં લગભગ ૪૨ ટકાના યોગદાન સાથે ગુજરાત અગ્રિમ સ્થાને છે એમ પણ તેમણે ઉમેર્યું હતું.

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, સોલાર સેલ ઉત્પાદન પ્લાન્ટ રોજગાર સર્જન અને સ્વચ્છ ઊર્જા વિકસિત ભારત પ્રત્યે પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. એમ કહી તેમણે ઈન્ડસ્ટ્રીઝ શરૂ કરવા માટે દક્ષિણ ગુજરાત સૌથી અનુકૂળ જગ્યા છે. વારી કંપનીની સાહસવૃદ્ધિ અને દૂરંદેશીના કારણે અહીંના વિસ્તારના લોકોને રોજગાર મળ્યો છે. આજે નવા પ્રસ્થાપિત થયેલા પ્લાન્ટ થકી સ્થાનિક લોકોની રોજગારીમાં વધારો થશે.

કાર્યક્રમમાં નાણા અને ઊર્જા મંત્રી કનુભાઇ દેસાઇ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, જિલ્લા પંચાયત પ્રમુખ પરેશ દેસાઈ, રાજયસભા સાંસદ ચૌધરી, ધારાસભ્ય નરેશ પટેલ, રાકેશ પટેલ, વારી એનર્જી લી.ના અધિકારી-કર્મચારીઓ અને સંબંધિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## માનકુનીયામાં બે બાઈક અકસ્માતમાં એકનું મોત, અન્ય સારવાર હેઠળ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૦૧ :** વાંસદા તાલુકાના મનપુરા ગામે બાઈક ચાલકે જમણી સાઈડે બાઈક વાળતા પાછળથી આવતી બાઈકે તેને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં આગળની બાઈક પર પાછળ બેસેલ યુવાનને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું સારવાર દરમિયાન મોત ઉપજ્યું હતું.

વાંસદા તાલુકાના માનકુનીયા ગામે રહેતા ભાયજીભાઈ મલજીભાઈ દળવી (ઉં.વ.૫૧) જેઓ મોડી સાંજે ગામમાં આવેલ દૂધ ડેરીમાં દૂધ ભરવા તેમની પેશન બાઈક નંબર જીજે ૨૧ એ.એલ. ૭૩૭૮ લઈ જઈ રહ્યા હતા ત્યારે તેમની બાજુમાં રહેતા તેમના સગા ફોઈના દીકરા ભાયકુભાઈ સોમલભાઈ ભોયા (ઉં.વ.૪૪) જેઓ પણ દુકાને જવાનું છે એમ કહી બાઈક ઉભી રખાવી પાછળ બેસી ગયા હતા. ત્યારબાદ તેઓ ચોરવણી - ખાંભલા માર્ગ પર આવેલ માનકુનીયા ગામની હદમાં બારીફળિયા પાસેથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન ડેરી આવતા બાઈક ને જમણી બાજુએ વાળતા પાછળથી આવતી ktm બાઈક નંબર જીજે ૨૧ બીસી ૨૦૫૭ ના ચાલક જયેન્દ્ર કાંતુભાઈ માહલા (રહે. નિરપણ તા. વાંસદા જિ.નવસારી ) એ પોતાની બાઈક ભાયજીભાઈ દડવીની બાઈક સાથે અથડાવતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ભાયકુભાઈ ભોયા બાઈક ઉપરથી ભંગોળાઈને ફેંકાઈ ગયા હતા. જેમાં તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. તથા ભાયજીભાઈ અને જયેન્દ્રને સામાન્ય ઈજા થવા પામી હતી. આ તમામને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે રાણી ફળિયા ખાતેની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં સારવાર દરમિયાન ભાયકુભાઈ ભોયાનું મોત નિપજ્યું હતું. આ સમગ્ર બનાવ અંગે વાંસદા પોલીસ મથકે ભાયજીભાઈ દળવીએ ktm ચાલક જયેન્દ્ર માહલા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## રૂમલા જાગૃતિ વિદ્યાલય ખાતે કન્યા - કુમાર છાત્રાલયોનું લોકાર્પણ થયું







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા.૦૧ :** દક્ષિણ ગુજરાત કોળચા કોટવાળીયા આદિવાસી સેવા સમાજ સંચાલિત રૂમલા ગામે પ્રસિદ્ધ હાઈસ્કૂલ જાગૃતિ વિધાલયમાં અભ્યાસ કરતા અંતરિયાળ ડુંગરાળ વિસ્તારના આદિવાસી ગરીબ છાત્રોને શિક્ષણની સુવિધા મળે એ માટે રવિવાર ૩૦/૩/૨૫ની સવારે મોગરીબા કન્યા છાત્રાલય અને સ્વ.હાર્દિક- કુમાર છાત્રાલયના લોકાર્પણ થયા હતા. આ -સંગે વિદ્યાર્થીઓએ પરંપરા અને સંસ્કૃતિને જીવંત રાખતી રંગારંગ કૃતિઓથી સૌના મન મોહી લીધા હતા.

ખેરગામ નજીકના રૂમલા ગામે જાગૃતિ વિદ્યાલયમાં અભ્યાસ કરતી ૧૫૦ જેટલી કન્યાઓ માટે ૭૫ લાખના માતબર દાન થકી મહિલા છાત્રાલય, જાગૃતિ વિધાલય શાળા સંચાલક મંડળના ઉપપ્રમુખ ૧૭૬-ગણદેવી ચીખલી ખેરગામ મતવિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય અને માજી મંત્રી નરેશભાઈ મ.પટેલે પોતાની મોગરી મા ની સ્મૃતિમાં મોગરી બા કન્યા છાત્રાલય, ૨૦૦ જેટલા કુમારો માટે અંદાજિત ૮૫ લાખના માતબર દાન થકી સુરત માતૃ કાશીબા હરિભાઈ ગોટી ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ કેશુભાઈ ગોટી દ્વારા સહયોગી દાતા વશરામ સંઘાણી સાથે સ્વ. હાર્દિક વશરામભાઈ સંઘાણી કુમાર છાત્રાલયના લોકાર્પણ વિધિ કરવામાં આવી હતી.

આમંત્રિત મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય બાદ શાળાના આચાર્ય કિરીટ પટેલે મહેમાનોને આવકાર આપ્યો. આ પ્રસંગે અધ્યક્ષ સ્થાને સમાજના અગ્રણી ડો. જીતુભાઈ શાહ હતાં.ભરત સુખડીયા, ધારાસભ્ય નરેશભાઈના ધર્મપત્ની ભારતી ન.પટેલ, માતૃ કાશીબા હ. ગોટી ટ્રસ્ટના શુભચિંતક દિવ્યભાસ્કરના તંત્રી મૃગાંક પટેલ તથા દાતાના પરિવારજનો હાજર રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન સંચાલક મંડળના પ્રમુખ ઘેલાભાઈ અબ્દુ પટેલ, મંત્રી ડાહ્યાભાઈ પટેલ ધારાસભ્ય અરવિંદ પટેલ-ધરમપુર, જીતુ ચૌધરી-મોટાપોન્ઢા ,રાકેશ દેસાઈ-નવસારી, જિ.પં.પ્રમુખ પરેશ દેસાઈ તથા સમગ્ર ટ્રસ્ટી મંડળનાં સભ્યો તથા આજુબાજુના ગામનાં વડીલો, વાલીઓ મળી મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

અધ્યક્ષસ્થાનેથી સમાજના અગ્રણી ડૉ. જીતુભાઇ શાહે પોતાના સંબોધનમાં કાશીબા ચેરી. ટ્રસ્ટના કેશુભાઈ ગોટીના ૩૫૧ જેટલા ભવન નિર્માણના ભગીરથ કાર્યમાં ૨૨૭ માં નિર્માણને બિરદાવી શિક્ષણ સાથે સંસ્કાર, નીતિમત્તાના પાઠ ભણાવવાની હિમાયત કરી હતી.

## બીલીમોરા ગણદેવીમાં ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૧ :** સહિત ગણદેવી તાલુકામાં ઈદ-ઉલ-ફિત્ર (રમજાન ઈદ)ની સર્વત્ર ઉલ્લાસભેર ઉજવણી કરાઈ હતી.

રમઝાન માસના ઓગણત્રીસ રોજા બાદ રવિવારે ચંદ્ર દર્શન થતાં સોમવારે ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી કરાઈ હતી. સમગ્ર રમઝાન માસ દરમિયાન મુસ્લિમ બિરાદરોએ ઈબાદત સહિત તરાવીહ ની ખાસ નમાઝો અદા કરી હતી. કાળઝાળ ગરમી વચ્ચે રમજાન મહિનો સુખરૂપ પૂર્ણ થતા વિશેષ નમાઝ અદા કરી અલ્લાહનો આભાર વ્યક્ત કરાયો હતો. બીલીમોરા ઈદગાહ મસ્જિદ, દેસરા મદીના મસ્જિદ, ગણદેવી તોરણગામ ઈદગાહ મસ્જિદ, ગણદેવી જમાદારવાડ મસ્જિદમાં સેંકડો મુસ્લિમ બિરાદરો એ ઈદ ની નમાઝ અદા કરી હતી. અને એકમેક ને ઈદની મુબારકબાદી પાઠવી હતી.

## ગણદેવીના પરેશભાઈ અદવયુને ગુજરાત એક્સિલન્સ એવોર્ડથી સન્માનિત કરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૦૧ :** ગુજરાત રાજ્ય સરકારના રાજ્ય ગૃહ મંત્રી હર્ષ સંઘવીના હસ્તે ગાંધીનગર ખાતે પરેશભાઈ અદવયુને ગુજરાત એક્સિલન્સ એવોર્ડ થી નવાજવામાં આવ્યા હતા ક્ષય નિવારણ અને સામાજિક સેવાકીય ક્ષેત્રે દીર્ઘકાલીન સેવાઓ બદલ આ એવોર્ડ અગાઉ ઘોષિત કરવામાં આવ્યો હતો અને ગાંધીનગર ખાતે એ એનાયત કરવામાં આવ્યો હતો નવાજવામાં આવ્યા હતા નવસારી વલસાડ અને ડાંગ જિલ્લા ટીબી એસોસિએશનના પ્રમુખ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સેવા સંસ્થા લાયન્સ ના ડિસ્ટ્રીક ચેરમેન ગણદેવી પત્રકાર સંઘના હાલના પ્રમુખ પદે છે તેમ જ નવસારી જિલ્લા ગ્રામીણ પત્રકાર સંઘના પણ સતત છ વર્ષ સુધી પ્રમુખ રહ્યા હતા. આ ઉપરાંત અનેકવિધ સેવાકીય સંસ્થાઓ સાથે હોદ્દાઓ પર સક્રિય રહે છે ક્ષય નિવારણ ની કામગીરી માટે આ અગાઉ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવનમાં બે વખત એમને સન્માનિત કરવામાં આવ્યા હતા ઉપરાંત ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના પણ તેઓ સન્માનિત થયા હતા ગુજરાત રાજ્ય ક્ષયરોગ નિવારણ મંડળના પણ તેઓ હાલમાં કારોબારી સભ્ય છે ગણદેવી પીપલ કોપરેટીવ બેંકના સતત બે દાયકા થી ડિરેક્ટર તરીકે ચૂંટાતા આવ્યા છે આ એક ઓર મોરપીંછ ઉમેરાયું છે જિલ્લાની અને રાજ્યની વિવિધ સંસ્થાઓએ આ બદલ એમને અભિનંદન પાઠવી શુભકામના ઉપરથી છે. છેલલા પાચ દાયકાની ક્ષય રોગ નિવારણ સેવાઓ સાથે રકતપિત રોગ માટે પણ યોગદાન રહયુ છે ચંબલ ઘાટીમા પણ એમણે ડકૈટી રોકવા ને ડાકુગીરી મુકત ચંબલ અભિયાનના પાયાના રહયા છે ચંબલ ઘાટીમા અનેક યુવાશિબીરો યોજી માનસ પરિવતેન માટે સકીય રહયા છે લાયનસ ઈનટર નેશનલે એમને એમજેએફ ફેલોશીપથી ગોલડન પીન થી નવાજયા છે લાયનસ કલબથી લઈ ઝોન ને ડીસટીકટ ના એસીથી પણ વધારે એવોડસ શિલટ સનમાન પત્રો દેશ વિદેશોમા મળયા છેગણદેવી પીપલસ બેકના બે દાયકાથી ડીરેકટર તરીકે ચૂટાય વિવિધ સમિતિઓ મા રહી ઉમદા ફાળો આપી રહયા છે ગણદેવી પીપલસ સહકારી બેકના વિકાસમા સહભાગી રહયા હોય બોડ દવારા સતત સનમાનિત રહયા છે ગરીબો ગિરબાના મશીહા તરીકે લોકચાહના ધરાવેછે

**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં,**

રજી. ૧૧૪/૨૦૨૪

**અરજદાર :-** **અલ્લારખુ ઉમરભાઈ ખલીફા**
રહે. કિલ્લા પારડી ચીવલ રોડ, મરીમાતા મંદિર પાસે તા.પારડી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** **ચીફ ઓફિસરશ્રી,**
નગર પાલિકા પારડી
તા.પારડી, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અલ્લારખુ ઉમરભાઈ ખલીફા**, રહે. કિલ્લા પારડી ચીવલ રોડ મરીમાતા મંદિર પાસે તા.પારડી જી.વલસાડનાએ તેઓના નાના ભાઈ **મહેબુબ ઉમરભાઈ ખલીફા**નો જન્મ તા.૨૭/૦૩/૧૯૭૩ ના રોજ મોજે- પારડી તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૯/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/જન્મ-મરણ/રજી નં.૧૧૪-૨૦૨૪/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી. તા.પારડી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહી/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**

**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**

સંપર્ક નંબર : ૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૨૨/૨૦૨૫ તા.૨૮/૦૩/૨૦૨૫

**જાહેર નોટીસ**

**વાદીઃ- પાર્વતિબેન બાબુભાઈ તે નગીનભાઈની દીકરી રહે. પીર ફ.ચીચોઝર, તા.ધરમપુર, જી.વલસાડ**

**વિરૂધ્ધ**

**પ્રતિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ચીચોઝર**

**વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **પાર્વતિબેન બાબુભાઈ તે નગીનભાઈની દીકરી** રહે. પીર ફ. ચીચોઝર, તા. ધરમપુર, જી.વલસાડના પોતાનો **પાર્વતિબેન બાબુભાઈ પટેલનો** જન્મ તા.૧૨/૦૭/૧૯૫૪નાં રોજ ચીચોઝર ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૮/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**




# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૦૨-૦૪-૨૦૨૫, **વારઃ** બુધવાર **તિથિઃ** પાંચમ **વિક્રમ સંવતઃ** ૨૦૮૧
**સૂર્ય ઉદયઃ** ૦૬:૩૨ **સૂર્ય અસ્ત :** ૧૮:૫૪ **ચંદ્રરાશિઃ** મેષ

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** *આજના દિવસે તમારું સૌથી પ્રિય સપનું સાકાર થશે. પરંતુ તમારો ઉત્સાહ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે.*

**વૃષભ(બ.વ.ઉ) :** *આજે તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે.*

**મિથુન(ક.છ.ઘ) :** *આજે અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે.*

**કર્ક(ડ.હ) :** *આજે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો.*

**સિંહ(મ.ટ.) :** *આજનો દિવસ તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને હળવા થવાનો પૂરતો સમય આપશે.*

**કન્યા(પ.ઠ.ણ.) :** *આજે રમૂજી સંબંધીઓનો સાથ તમારી તાણ ઘટાડશે તથા તમને જેની જરૂર છે.*

**તુલા (ર.ત.) :** *આજે સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો.*

**વૃશ્ચિક(ન.ય.) :** *આજે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશે જે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે.*

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** *આજે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે.*

**મકર(જ.ખ) :** *આજના દિવસે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે.*

**કુંભ(ગ.શ.સ.) :** *આજે અન્યોની નિંદા કરવાની તમારી ટેવને કારણે તમારે નિંદા નો સામનો કરવો પડે એવી શક્યતા છે.*

**મીન(દ.ચ.ઝ.થ.) :** *આજે તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે.*

## પાણી, પ્રકૃતિ અને પર્યાવરણનું જતન કરતી ખેતી એટલે પ્રાકૃતિક ખેતી





### પ્રાકૃતિક ખેતીની સફળતાનાં મુખ્ય આયામો બીજામૃત, જીવામૃત અને ઘનજીવામૃત તૈયાર કરવાની રીત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા.૦૧ :** ખેતીને રસાયણાશાસ્ત્રની પ્રયોગશાળામાંથી બહાર કાઢીને પ્રકૃતિની પ્રયોગશાળા સાથે જોડવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશભરનાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અને દરેક દેશવાસીના હિતમાં પ્રાકૃતિક ખેતીને એક જન આંદોલન બનાવવા આહવાન કર્યું છે.

પ્રાકૃતિક ખેતી કોઈપણ રસાયણ પર આધારિત નથી જેથી ખેડૂતોને રસાયણ પર થતાં ખર્ચથી બચાવે છે તેમજ ખેત ઉત્પાદનમાં ઘટાડો કર્યા વિના જળ, જમીન અને પર્યાવરણનું સંવર્ધન કરે છે. પ્રાકૃતિક ખેતીથી દેશી ગાયનું જતન-સંવર્ધન થાય છે. લોકોને આરોગ્યપ્રદ અનાજ મળે છે અને પ્રાકૃતિક કૃષિ પેદાશોના સારાં ભાવ મળે છે, જેનાથી ખેડૂતોની આવક વધે અને ખેડૂતોને આત્મનિર્ભર બનાવે છે. પ્રપ્રાકૃતિક ખેતીની વ્યવસ્થા બિન ખર્ચાળ અથવા ઓછી ખર્ચાળ ખેતી વ્યવસ્થા છે, કે જેનાથી પોષણક્ષમ ખેત ઉત્પાદન કરી શકાય છે અને ખેડૂતનું જીવન ધોરણ સુધારી શકાય છે. પ્રાકૃતિક ખેતી માટે જરૂરી આયામોનું ધ્યાન રાખીને ઉપયોગ કરવાથી શ્રેષ્ઠ ઉત્પાદન મેળવી શકાય છે. તેનાં આયામોમાં બીજામૃત, જીવામૃત અને ઘન જીવામૃતનો સમાવેશ થાય છે.

**બીજામૃત, જીવામૃત અને ઘનજીવામૃત તૈયાર કરવાની પ્રક્રિયા :-**

બીજામૃત તૈયાર કરવા માટે ખેડૂતોએ ૦૫ લીટર દેશી ગાયનું ગૌમૂત્ર, ૦૫ કિ.ગ્રા. દેશી ગાયનું છાણ, ૫૦ ગ્રામ ચુનો અને ૦૧ મુઠી ઝાડ નીચેની માટીને ૨૦ લીટર પાણીમાં મિશ્રણ કરી ૧૦૦ કિ. ગ્રા. બિયારણને પટ આપવા માટે ૨૪ કલાક બાદ ઉપયોગમાં લઈ શકાય છે. જીવામૃત તૈયાર કરવા ખેડૂતોએ ૧૦ લીટર દેશી ગાયનું ગૌમૂત્ર, ૧૦ કિ.ગ્રા. દેશી ગાયનું તાજુ ગોબર, ૦૧ મુઠી ઝાડ નીચેની/શેઢા-પાળા/વાડની માટી, ૦૧ કિ.ગ્રા. દેશી ગોળ, ૦૧ કિ.ગ્રા. ચણા કે કોઈપણ દાળનાં લોટનું મિશ્રણ તૈયાર કરી તેને ૨૦૦ લીટર પાણીના ડ્રમમાં નાખી મીલાવવું ત્યારબાદ ડ્રમને કંતાનના કોથળાથી ઢાંકવું અને છાંયામાં રાખવું. લાકડીથી ઘડિયાળના કાંટાની દિશામાં સવાર-સાંજ ૦૨ વખત ૫-૫ મિનિટ માટે મિશ્રણને હલાવવું. ઉનાળામાં બે ત્રણ દિવસ અને શિયાળામાં એક અઠવાડિયાનાં સમયગાળામાં જીવામૃત તૈયાર થઈ જશે અને તૈયાર થયાનાં ૧૫ દિવસ સુધી આ જીવામૃતનો ઉપયોગ કરી શકાય છે. એક એકર માટે ૨૦૦ લીટર જીવામૃતને ગાળીને પિયતના પાણી સાથે અથવા ડ્રીપ સાથે મુખ્ય પાકની હારમાં આપવું, ઉભા પાક પર છંટકાવ કરવો જોઈએ. ઘન જીવામૃત તૈયાર કરવા ખેડૂતોએ ૨૦૦ કિ.ગ્રા. સખત તાપમાં સુકવેલ અને ચારણીથી ચાળેલા દેશી ગાયનાં ગોબરને ૨૦૦ લીટર જીવામૃત સાથે ભેળવવું. ૪૮ કલાક માટે છાંયો હોય ત્યાં ઢગલો કરી ત્યારબાદ પાતળું સ્તર કરી સુકવવું. આ સ્તરને દિવસમાં ૨-૩ વાર ઉપર નીચે કરવું. સુકાઈ જાય ત્યારે ગાંગડાનો ભુકો કરી એક વર્ષ સુધી વપરાશમાં લઈ શકાય છે.


**દમણ રેડિયો**

**102.3 FM**

આકાશવાણી

**બુધવાર**


**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૫ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (દિલ્હી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૦ - પ્રકૃતિ, ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - ભારત કી ગુંજ, ૯.૩૦- આજ કે ફનકાર, ૧૦.૦૦ - ગીત ગાતા ચલ, ૧૦.૩૦- સુગમ સંગીત, ૧૧.૦૦-હિન્દી ફિલ્મ સંગીત. **બપોરે :** ૧૨.૦૦- લોક સંગીત અને ૧૨.૩૦ - મહિલા જગત (અમદાવાદ-વડોદરાથી), ૧.૦૦ - કુછ બાતે કુછ ગીત - ૨.૦૦ - ગાને તરાને, ૩.૦૦ - સખી સહેલી, ૪.૦૦ આજ મહેમાન. **સાંજે :** (દમણથી) ૫.૦૦ - ગુલમહોર (હિન્દી ફિલ્મ સંગીત), ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ - NCERT - ઉમંગ, ૬-૦૦ શ્રી રામ ચરિતમાનસ ગાન, ૬-૧૦ - કાર્યક્રમ વિવરણ, ૬.૧૫ -શ્રવણ માધુરી, ૬.૩૦ યુવવાણી (અમદાવાદ-વડોદરાથી), ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર, ૭-૨૦ કિસાન વાણી (સ્થાનિક ખેડૂતો, તજજ્ઞો સાથે મુલાકાત), ૭.૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા (દિલ્હીથી, ૮.૩૦ - રજનીગંધા (હિન્દી ફિલ્મ સંગીત), ૯.૦૦ - આજ કે ફનકાર, ૯.૩૦ છાયા ગીત, ૧૦.૦૦ નાટક ( અમદાવાદ -વડોદરાથી), ૧૦.૩૦ - ગોલ્ડન અવર્સ, ૧૧.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ સભા સમાપન


**દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**

www.damangangatimes.com

સ્થાનિક સમાચારો
● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# દમણમાં કેન્દ્રીય મંત્રીએ વિવિધ વિકાસના કામોનું નિરીક્ષણ કર્યુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૧ :** ભારત સરકારના કેન્દ્રીય પ્રવાસન અને સાંસ્કૃતિક મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે કેન્દ્રશાસિત પ્રદેશની તેમની બે દિવસીય મુલાકાત દરમિયાન દમણમાં નિર્માણાધીન એરપોર્ટ, સચિવાલય, પક્ષી અભ્યારણ, દેવકા ગાર્ડન, નાઈટ માર્કેટ અને ગો-ર્કાટિંગ અને અન્ય સ્થળોનું નિરીક્ષણ કર્યું હતું અને એડમિની પ્રફુલ્લ પટેલની કાર્ય વ્યવસ્થાની પ્રશંસા કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ભારત સરકારના કેન્દ્રીય પ્રવાસન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ દીવની ૨ દિવસીય મુલાકાત દરમિયાન બપોરે દમણ પહોંચ્યા હતા. જ્યાં તેમણે દમણ ખાતે એરપોર્ટ ટર્મિનલના બાંધકામની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું. તેમણે પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી અને અધિકારીઓ પાસેથી વિગતવાર માહિતી મેળવી. મંત્રીએ એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક બનાવવાના પ્રયાસોની પ્રશંસા કરી અને કનેક્ટિવિટી વધારવા અને પ્રદેશમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવા તેના મહત્વ પર ભાર મૂક્યો હતો. જે બાદ મંત્રીએ મોતી દમણમાં બની રહેલા સચિવાલયની મુલાકાત લીધી હતી. જે બાદ મંત્રીએ જામપોરના સરકારી ગૃહમાં આરામ કર્યો હતો.

કેન્દ્ર શાસિત પ્રદેશની મુલાકાત દરમિયાન, કેન્દ્રીય પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે દિવસની બીજી પાળીમાં મોતી દમણમાં જમ્પોર ખાતે પક્ષી અભ્યારણ્યની મુલાકાત લીધી હતી અને ત્યાં હાજર પક્ષીઓને નિહાળવાનો આનંદ લીધો હતો. જે બાદ કેન્દ્રીય મંત્રીએ જામપોર રોડ પર સ્ટોલ લગાવનાર સિલ્વન દીદીઓ સાથે મુલાકાત કરી અને વાતચીત કરી. તેમની મુલાકાત દરમિયાન, પ્રવાસન મંત્રીએ જુપ્રિમ ખાતે સ્થિત આરોગ્ય અને સુખાકારી કેન્દ્રનું પણ નિરીક્ષણ કર્યું હતું અને કેન્દ્રમાં ઉપલબ્ધ આરોગ્ય સુવિધાઓ વિશે માહિતી લીધી હતી. જે બાદ મંત્રી નમો પથ, દેવકા ગાર્ડન થઈને દમણથી ભીમપોર ચાર રસ્તા પર પહોંચ્યા હતાં, જ્યાં તેમણે ટોય ટ્રેન સહિત એડવેન્ચર પાર્ક ડિસ્પ્લેનું નિરીક્ષણ કર્યું હતું. શેખાવત દેવકા ગાર્ડન થઈને દમણ નાઈટ માર્કેટ પહોંચ્યા અને રાત્રિ બજારનું નિરીક્ષણ કર્યું. અંતે કેન્દ્રીય પ્રવાસન મંત્રી નાનીએ દમણ જેટી સ્થિત ગો-કાર્ટીંગ સાઈટનું નિરીક્ષણ કરી તેનું ઉદ્ઘાટન કર્યું હતું.

જે બાદ તેઓ મોતી દમણ સરકારી ગૃહ પરત ફર્યા હતા અને મોતી દમણના જૂના લાઈટ હાઉસ ખાતે પ્રશાસક પ્રફુલ પટેલ સાથે રાત્રિભોજન કર્યું હતું.

# દમણમાં રાજસ્થાન દિવસની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૧ :** દમણમાં રાજસ્થાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કેન્દ્રીય પર્યટન મંત્રીએ રાજસ્થાન દિવસની ઉજવણી કરી, પ્રવાસીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. કેન્દ્રીય પર્યટન અને સાંસ્કૃતિક મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નવા ભારત, વધુ સારા ભારતના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસક પ્રફુલ્લ પટેલના નેતૃત્વમાં અદ્ભુત વિકાસ કાર્ય કરવામાં આવ્યું છે. આ વિકાસ કાર્યથી આગામી સમયમાં દમણનું આકર્ષણ વધશે અને લોકોની આર્થિક સ્થિતિમાં સુધારો થશે.

હું અવારનવાર મારા વિસ્તારમાં રહીને લોકો સાથે આ તહેવારની ઉજવણી કરું છું. આ વખતે, રાજસ્થાનની બહાર હોવાને કારણે, હું મારા લોકોની વચ્ચે ન હોવા માટે ખૂબ જ દોષિત અનુભવું છું, પરંતુ કેન્દ્રીય રાજ્ય પ્રશાસક પ્રફુલ્લ ભાઈ પટેલ અને તેમની ટીમના અથાક પ્રયાસોને કારણે, મને મારા રાજસ્થાની લોકો સાથે દમણમાં રાજસ્થાન દિવસની ઉજવણી કરવાનું સૌભાગ્ય મળ્યું, જેના માટે હું તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

# સેલવાસ-ટોકરખાડા સ્થિત અયપ્પા મંદિરમાં નવગ્રહ સમારાધના પૂજા યોજાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૦૧ :** સેલવાસ, ટોકરખાડા સ્થિત અયપ્પા મંદિરમાં નવગ્રહ સમારાધના પૂજાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ અનુષ્ઠાન ૨૯ માર્ચે થનાર શનિ ગ્રહના રાશિ પરિવર્તનના ઉપક્રમે યોજાયું હતું. આ ધાર્મિક આયોજનનો મુખ્ય ઉદ્દેશ ભક્તોની સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવી રહ્યો હતો. આ અનુષ્ઠાન દરમિયાન વિદ્વાન પંડિતોએ સંપૂર્ણ વિધિ-વિધાનથી હવન અને વિશેષ પૂજાનું આયોજન કર્યું હતું. જેમાં સૈંકડો શ્રદ્ધાળુઓએ ભક્તિભાવે ભાગ લીધો હતો. ખાસ કરીને કેરળ સમાજની મહિલાઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ દિવસે આખું મંદિર પરિસર ભક્તિ અને આધ્યાત્મિક ભાવનાથી ગુંજી ઉઠ્યું હતું. દોષ નિવારણ માટે વિશેષ અનુષ્ઠાન યોજવામાં આવ્યું હતું, જેથી શ્રદ્ધાળુઓને આધ્યાત્મિક શાંતિ મળી શકે. આ ભવ્ય આયોજનમાં હજારો ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં ભક્તોએ ભક્તિભાવપૂર્વક ભાગ લીધો હતો. પૂજા દરમિયાન શ્રદ્ધાળુઓએ ભગવાન શનિની કૃપા પ્રાપ્ત કરવા અને જીવનમાં શાંતિ, સુખ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. આ આયોજને આખા સિલવાસામાં ધાર્મિક અને આધ્યાત્મિક ચેતનાને વધુ મજબૂત બનાવી હતી.

# દાનહના ગુનસામાં ગોંડ કુળ પરિવાર દ્વારા ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન-૩ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૧ :** દાદરા નગર હવેલીના ગુનસા ગામે સાવરપાડા ફળીયામાં ગોંડ કુળ પરિવારના યુવાનો દ્વારા ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન-૩ નું આયોજન કરવામાં આવ્યું. ૨૦૨૫ ની આ ટુર્નામેન્ટમાં કુલ ૧૦ ટીમોએ ભાગ લીધો હતો, જેમાં ખેલાડીઓ અને દર્શકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ટુર્નામેન્ટમાં દાદરા નગર હવેલીના લુહેરી ગામની ટીમે પ્રથમ સ્થાન હાંસલ કર્યું, જ્યારે ગુનસા ગામની ટીમે બીજું અને કપરાડા તાલુકાના કરંજલી ગામની દિલ ખુશ ભગવાન ટીમે ત્રીજું સ્થાન મેળવ્યું. આ સ્પર્ધામાં નવસીયા ગોંડ, સતિષ ગોંડ, લલીત ગોંડ, ચંદુ ગોંડ, ગણેશ ગોંડ, હિતેશ ગોંડ, ટીટુમાલ, નવિન ગોંડ, દેવજી ગોંડ અને અન્ય યુવાનોની મહત્વની ભૂમિકા રહી હતી. ટુર્નામેન્ટ દરમિયાન ગોંડ પરિવારના વડીલો અને આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# વલસાડમાં ઈ.આર.પત્રક ૩૦ એપ્રિલ સુધીમાં મોકલવા તાકીદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૧ :** વલસાડ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીઓના અધિનિયમ (ખાલી જગ્યાઓની ફરજીયાત જાણ), ૧૯૫૯ હેઠળની જાહેરક્ષેત્રની સરકારી કે અર્ધસરકારી કચેરીઓ તથા માન્ય નિગમ -બોર્ડ અને બેંક તેમજ ખાનગી ક્ષેત્રની કંપની, ફેકટરી, કોન્ટ્રાકટ, શૈક્ષણિક સંસ્થા, હોટલ, હોસ્પિટલ અને તમામ એકમોના સક્ષમ સત્તાધિકારીને તાકીદ કરવામાં આવે છે કે, વલસાડ જિલ્લા રોજગાર વિનિમય કચેરીને માહે માર્ચ-૨૦૨૫ અંતિતનાં રજુ કરવાના તથા ઈ.આર.-૧ પત્રક તારીખ ૩૦ એપ્રિલ-૨૦૨૫ સુધીમાં વેબસાઈટ www.employment.gujarat.gov.in પર ઓનલાઈન અથવા રૂબરૂ ટપાલ મારફત મોકલી આપવાના રહેશે. અન્યથા યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વધુ માહિતી તથા માર્ગદર્શન માટે વલસાડ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીનાં હેલ્પ લાઈન નંબર ૦૨૬૩૨ ૨૪૪૪૦૯ પર રૂબરૂ સંપર્ક કરવા રોજગાર અધિકારી (જનરલ) પારૂલ એલ પટેલ દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.

# બોન્ટામાં શનિ અમાવસ્યાની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૧ :** દાદરા નગર હવેલીના બોન્તા ગામે શનિવારે શનિ અમાવસ્યાની ભવ્ય ઉજવણી યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં શનિ ભક્તોએ યજ્ઞ અને મહા-સાદનો લાભ લીધો હતો. શનિવાર અને શનિ અમાવસ્યાનો સંયોગ દાયકાઓમાં કદીક મળતો હોય છે, જેને ધ્યાનમાં રાખી ભક્તોએ વિશેષ ભક્તિભાવ દર્શાવ્યો હતો.

શનિવારે વહેલી સવારથી જ બોન્તા શનિધામ ખાતે ભક્તોની ભીડ જોવા મળી હતી. શ્રદ્ધાળુઓએ શનિ અભિષેક, યજ્ઞ તથા મહાપ્રસાદનો આનંદ ઉઠાવ્યો હતો. સમગ્ર પરિસર ભક્તિ અને આસ્થાથી ગુંજી ઉઠ્યું હતું. ભક્તોએ શનિદેવની કૃપા પ્રાપ્ત કરવા માટે ખાસ પ્રાર્થનાઓ કરી હતી. આ ભવ્ય ઉજવણીમાં શ્રદ્ધાળુઓની વિશાળ સંખ્યા જોવા મળી હતી, જેનાથી સમગ્ર વિસ્તારમાં ધાર્મિક અને આધ્યાત્મિક માહોલ છવાઈ ગયો હતો.

# અતુલમાં સીનીયર સીટીઝન્સ માટે કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૧ :** વલસાડ તાલુકાના અતુલ ગ્રામ પંચાયતના હોલમાં ગામનાં વડીલો માટે એક પ્રોગ્રામનું આયોજન અતુલ કંપની દ્વારા કરવામાં આવ્યું હતું. હરકિશનભાઈ પ્રજાપતિ કે જે કંપનીમાં અને વિવિધ આઈટીઆઈમાં ટ્રેનર તરીકે સેવા આપે છે અને ઘણા સીનીયર સીટીઝન્સનાં ગ્રુપ સાથે જોડાયેલા છે તેમણે હાજર રહેલા વડીલોને સરળ ભાષામાં નવરાત્રીની સમજ આપી હતી તેમજ રવિન્દ્રભાઈ આહીર કે જેઓ હાલ નિવૃત્ત છે અને આધ્યાત્મિકતા સાથે જોડાયેલા છે તેમણે આપણી ભારતીય સંસ્કૃતિ અને હવે પછીની પેઢીને વડીલો દ્વારા કેવા સંસ્કાર આપવા તે અંગે વક્તવ્ય આપ્યું હતું.

# વાપીમાં સિંધી સમાજ દ્વારા ચેતીચાંદની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૧ :** વાપી દમણ અને સેલવાસમાં વસતા સિંધી સમાજ દ્વારા ભગવાન ઝુલેલાલ ની ૧૦૭૫ મી જન્મ જયંતી અને ચેતીચાંદ ની ઉજવણી કરવામાં આવી હતી વાપીમાં શ્રી ઝુલેલાલ ભગવાનની ૧૦૭૫ મી જન્મ જયંતી નિમિત્તે વાપી દમણ સેલવાસ માં વસતા સિંધી સમાજ દ્વારા ચેતીચાંદની વાપી જીઆઈડીસીના ગુંજન ખાતે ભારે ધૂમધામ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા તમામ સિંધી સમાજના ભાઈઓ તથા બહેનો એ પોતાના કામકાજ ગંદા બંધ રાખી સીધું ભવન રાતા ખાતે સાંસ્કૃતિક પ્રોગ્રામ માં ઉપસ્થિત રહ્યા હતા તેમજ ગુંજન ચાર રસ્તા ખાતે મહાપ્રસાદ અને શરબત વિતરણ નું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૧૫૦૦ થી વધુ જરૂરિયાત મત લોકોએ આ મહાપ્રસાદ તથા શરબતનો લાભ લીધો હતો જ્યારે આ કાર્યક્રમને સફળ બનાવવા ટેકચંદાણી, ગોલાણી, ધનવાણી તેમજ સમાજના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે
વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

# વાપી પબ્લિક સ્કુલ દ્વારા નુક્કડ નાટકથી લોકજાગૃતિ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૧ :** સામાજિક પ્રશ્નોની લોકજાગૃતિ માટે વાપી પબ્લિક સ્કુલ, વટાર હંમેશાં અગ્રસર રહી છે છેલ્લા લગભગ ૧૦ વર્ષથી તેઓ એક સામાજીક પ્રશ્નનું નુક્કડ નાટક દ્વારા પ્રદર્શન કરી એના વિશે જાગરૂકતા તેમજ તેના નિવારણ માટે પ્રયત્નશીલ રહ્યા છે. આ પ્રથાને ચાલુ રાખતા શાળાના ધોરણ ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓએ તા. ૨૯.૦૩.૨૦૨૫ ના રોજ ચલા વિસ્તારના ત્રણ સ્થળોએ નશા મુક્તિ નુક્કડ નાટક પ્રસ્તુત કર્યું. જેમાં વિદ્યાર્થીઓએ અલગ-અલગ પ્રકારના નશા, યુવાઓમાં વધતા જતા નશાના સેવન તેમજ તેને કારણે થતા પોતાના તેમજ સમાજના નુકસાન માટે જનતામાં જાગૃતિ ફેલાવવાનો સુંદર પ્રયાસ કર્યો હતો. તેમણે સંદેશ આપ્યો હતો કે વ્યક્તિ જયારે નશામાં જીંદગી શોધે છે ત્યારે અંતે તે જીંદગીથી જ હાથ ધોઈ બેસે છે. વિદ્યાર્થીઓએ ‡સોચો સમઝો, બચો નશે શે, જીંદગી જીયો બડે મઝેસે‡ જેવા સ્લોગનથી ઉપસ્થિત સર્વેને આ નશા મુક્તિ માટેની ચળવળમાં જોડાવાની અપીલ કરી હતી. શાળાના આચાર્યશ્રી ડૉ. અલ્પા એસ. કોટડિયા એ વિદ્યાર્થીઓના આ પ્રયાસને અત્યંત પ્રોત્સાહિત કરી ઉપસ્થિત સર્વેને નશામુક્ત ભારત બનાવવા કાર્ય કરવાની અપીલ કરી હતી. યુવાઓમાં જાગૃતિ, યુવાઓ દ્વારા લાવવાના આ શાળાના ઉત્તમ પ્રયાસને શાળાના વાલીઓ, અન્ય ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ વાપીની આમ જનતાએ ખૂબ વખાણ્યો હતો અને અભિનંદન પાઠવ્યા હતા.

# છીપવાડ વાવડીના યુવાનોનો રક્તદાન જાગૃતિ માટે અનોખો સેવાયજ્ઞ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** આજના જમાનામાં માતા-પિતા પોતાના વ્હાલ સોયા સંતાનો નો જન્મદિવસ હજારો રૂપિયા ખર્ચી હોટલો કે પાર્ટી પ્લોટમાં ઉજવતા હોય છે. ત્યારે વલસાડ શહેરના છીપવાડ વાવડીના શતક રક્તદાતા મિતેશ ભંડારીએ પોતાના દિકરા પ્રીથીલ નો ૮ મો જન્મ દિવસ નિમિતે વલસાડ રક્તદાન કેન્દ્રમાં રક્તદાન શિબિર થકી અનોખી રીતે ઉજવી રક્તદાન જાગૃતિ માટે એક નવા અભિગમ ની શરૂઆત કરી છે. આ શિબિરમાં મીતેશ ભંડારીએ પોતાનું ૧૧૫મું રક્તદાન કરી તથા અન્ય સહયોગી શતક રક્તદાતાઓ ભીખુ ભાવસારે પોતાનું ૧૩૬મું રક્તદાન, સુનિલ પટેલે ૧૨૫મુ રક્તદાન, મુકેશ ઓઝા એ ૧૦૫મું રક્તદાન તથા પરેશ પ્રજાપતિ એ ૨૯મું રક્તદાન કરી સહભાગી થયા હતાં.



રક્તદાન ક્ષેત્રે હવે લોકોમાં જાગૃતિ આવી રહી છે. જે સરાહનીય છે. દરેક પરીવાર પોતાના કુટુંબમાં વ્હાલ સોયા સ્વજનોનો જન્મદિવસ, લગ્ન દિવસ કે શ્રધ્ધાંજલી નીમીતે રક્તદાન શિબિર યોજી ઉજવી સાથોસાથ પોતાના વિસ્તારમાં ભગવાનનાં પાટોત્સવ કે વિવિધ તહેવારો નીમીતે રક્તદાન શિબિર યોજી માનવતાના યજ્ઞમાં આહુતિ આપી સમાજ સેવામાં અનોખુ યોગદાન આપી અનંત રકતતણી રક્તક્રાંતિની જ્યોત પ્રજ્વલિત રાખી શકે છે.

અત્રે ઉલ્લેખનિય છે કે મિતેશ ભંડારી અને ભીખુ ભાવસાર પોતે શતક રક્તદાતા તરીકે નિયમિત રક્તદાન તો કરે જ છે. સાથોસાથ ગણેશ મહોત્સવ તથા ધુળેટી જેવા તહેવારોમાં પણ રક્તદાન શિબિર યોજી નિસ્વાર્થ માનવ સેવા કરે છે. તેઓના નાની છીપવાડ યુવક મંડળ તથા વાવડી ગણેશ મંડળ દ્વારા હાલ પર્યંત કુલ ૨૯ રક્તદાન શિબિરો યોજી ત્રણ હજાર જેટલું રક્ત યુનિટની નિસ્વાર્થ સેવા આપી અન્ય સમાજ માટે પ્રેરણાદાયક કાર્ય કર્યું છે. જે અભિનંદનીય છે.

શિબિર આયોજનમાં સહભાગી કુટુંબીજનોએ શતક રક્તદાતાઓ અને વલસાડ રક્તદાન કેન્દ્ર ની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વલસાડના કાપરિયામાં ચોસઠ જોગણી માતાજીના પાટોત્સવ નિમિત્તે રકતદાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૧ :** વલસાડ તાલુકાના કાપરિયા ગામે ચોસઠ જોગણી માતાજીના પાટોત્સવ નિમિત્તે ચોસઠ જોગણી નવયુવક મંડળ કાપરિયા, પાર્થ ટ્રેડર્સ વાપી, સાકાર જીવન વિકાસ ટ્રસ્ટ મુંબઈ તથા Rainbow warrior's dharampur ના સંયુક્ત ઉપક્રમે રકતદાન કેમ્પ યોજાયો હતો જેનું ઉદઘાટન વાપીના પાર્થિવ મહેતા તથા ઊર્મિલા પટેલ, હિતેન્દ્ર દેસાઈ, જસવંત સિંહ ઠાકોરના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવ્યું હતું.



ચોસઠ જોગણી નવ યુવક મંડળ છેલ્લા ૧૫ વર્ષથી માતાજીના પાટોત્સવ પ્રસંગે રકતદાન કેમ્પ યોજી ધાર્મિક તથા સામાજિક સેવાનું અનોખું ઉદાહરણ પૂરુ પાડે છે. આ પ્રસંગે કિરણ દેસાઈ, શિક્ષક -બોધ ઠાકોર અને હિનલ પટેલે ઉપસ્થિત રહી રકતદાતાઓને ન્નેત્સાહિત કર્યા હતા. રક્તદાતાઓને પાર્થ ટ્રેડર્સ વાપી, સાકાર જીવન વિકાસ ટ્રસ્ટ મુંબઈ તથા Rainbow warrior's dharampur તરફથી પ્રોત્સાહક ભેટ આપવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ચોસઠ જોગણી નવયુવક મંડળ કાપરિયાના યુવાનો પ્રતિક દેસાઈ, સંદીપ ઠાકોર, નેજલ દેસાઈ, સૌરભ ઠાકોર, જીતેન્દ્ર ઠાકોર વગેરેએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સફળ આયોજન તથા સંચાલન ચોસઠ જોગણી નવયુવક મંડળના સભ્યો એ તથા Rainbow warrior's dharampur કો.ઓ શંકર પટેલે કર્યું હતું.

# વલસાડમાં સ્વાગત કાર્યક્રમ માટે ૧૦ એપ્રિલ સુધીમાં પ્રશ્નો મોકલી આપવા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૧ :** રાજ્યમાં નાગરિકોના ગ્રામ્ય કે તાલુકા કક્ષાના પ્રશ્નો/ફરીયાદો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા સ્વાગત, તાલુકા સ્વાગત કાર્યક્રમ ચાલુ કર્યો છે. માહે-એપ્રિલ - ૨૦૨૫ માસમાં સ્વાગત કાર્યક્રમ હેઠળ અરજીઓ મંગાવવામાં આવી છે.

એપ્રિલ - ૨૦૨૫ માસનો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૩/૦૪/૨૦૨૫ને બુધવારના રોજ તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૪/૦૪/૨૦૨૫ને ગુરૂવારનાં રોજ યોજાશે. આ કાર્યક્રમમાં રજૂઆત કરવા માંગતા અરજદારોએ પોતાના પ્રશ્નો/રજૂઆતોનાં નિકાલ માટેની વિગતવાર અરજી, જરૂરી આધાર પુરાવાઓ સહિત અરજીઓ મારી અરજી તાલુકા સ્વાગત/ જિલ્લા સ્વાગતમાં લેવી તેવા મથાળા હેઠળ તા.૧૦/૦૪/૨૦૨૫ સુધીમાં બિનચુક રજુ કરવા વિનંતી છે. ઉપરોક્ત અરજીઓ પૈકી તાલુકા કક્ષાએ નિકાલ કરવા પાત્ર ગ્રામ/ તાલુકાની અરજીનો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૩/૦૪/૨૦૨૫ને બુધવારે જે- તે તાલુકાની મામલતદાર કચેરીમાં સવારે ૧૧-૦૦ કલાકે યોજાશે, જેથી અરજી કરનાર અરજદારોને જે-તે મામલતદાર કચેરી દ્વારા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહેવાની જાણ કરવામાં આવશે. તેઓએ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી રજૂઆત કરવાની રહેશે. સ્વાગત કાર્યક્રમમાં અરજદાર બે થી વધુ પ્રશ્ન રજુ કરી શકશે નહી.

# વિશેષ વાંચન

Wednesday 02, April 2025
દમણગંગા ટાઇમ્સ

## સ્વની ઓળખ


ડો. જે.એમ. નાયક
પૂર્વ આચાર્યશ્રી,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ

આયુષી પંડ્યાનો જન્મ મીની મેટ્રો સિટીમાં થયો હતો. ગામમાં જ આવેલી કોલેજમાં અભ્યાસ કરીને બી. સી.એ.ની ડિગ્રી મેળવે છે. દેખાવમાં સુંદર, સ્વભાવે નમ્ર અને વિવેકી એવી આયુષીને મેળવવા કે પોતાની જીવનસાથી બનાવવા માટે ભણવામાં હોશિયાર એવા ઘણા છોકરાઓએ -યત્ન કર્યા. ઉચ્ચ શિક્ષણ સારી રીતે મેળવીને એણે પોતાની શૈક્ષણિક કારકિર્દી ઉજવળ બનાવવાનું નક્કી કર્યું હતું. મા બાપ દ્વારા યોગ્ય મુરતીયાની શોધખોળ ચાલુ થઈ ગઈ છે ?ઘ્ઘ કર્યા પછી એ -તિષ્ઠિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ઓફિસમાં જોબ શરૂ કરે છે. એક વર્ષ જોબનું પૂર્ણ થાય છે. શહેરમાં જ રહેતા હર્ષ પુરોહિત સાથે એના વિવાહ નક્કી થાય છે અને ટૂંક સમયમાં મેરેજ પણ થઈ જાય છે.

અનેક અરમાનો લઈને આયુષી સાસરે આવે છે. પાંચ માણસોના સંયુક્ત કુટુંબમાં એ ધીરે ધીરે એડજસ્ટ થઈ જાય છે. સ્વની ઓળખ ગુમાવીને ઘરના તમામ સભ્યોને એ ખુશખુશાલ રાખે છે. અન્યોની ખુશીમાં જ એ પોતાની ખુશી માને છે. ઘરના બધા સભ્યો કરતાં વહેલા ઉઠી જઈને જોબ પર જતા પતિદેવ તથા ઘરના સભ્યો માટે ગરમ ગરમ ચા નાસ્તો બનાવે છે. પતિદેવ માટે એને ભાવતું ટિફિન તૈયાર કરીને બપોરની રસોઈ માટે તૈયારી શરૂ કરી દે છે. પોતાના પતિ માટે આયુષીને ખૂબ જ માન છે. એના પર વધારે પડતો વિશ્વાસ પણ છે. શ્રેષ્ઠ પતિ મળ્યાની લાગણી એ અનુભવે છે. પતિને ખાસ ખુશ રાખવા માટે એ આકાશ પાતાળ એક કરે છે. સાસુ અને સસરા સિનિયર સિટીઝન થઈ જતા ભક્તિભાવમાં જ પોતાનો સમય પસાર કરે છે. એવો વહુને ઘરમાં દીકરીનું સ્થાન આપતા નથી. ઉલટાનું સાસુમા કહેતા ફરે છે કે વહુને તો વહુની જેમ જ રાખવાની હોય ! એનું કારણ અમને દીકરી નહીં હતી.

ઘરમાં આયુષી નો દિયર ખરો પરંતુ એ તો ફક્કડ થઈને ફર્યા કરે. ઘરની કોઈ જવાબદારી ઉપાડે નહીં. પરણવાની પણ એ ના પાડે. પોતાના સિવાય ઘરના અન્ય ચાર સભ્યોની જવાબદારી આયુષીએ ઉપાડવાની રહેતી હતી. હર્ષની ના છતાં પણ આયુષી મેરેજ પછી એમ. સી. એ. ની ડીગ્રી મેળવી લે છે.એને જોબ કરવાનો ખૂબ જ હરખ હતો. સાસુજી એને નોકરી માટે ના પાડે છે કારણ કે આયુષી નોકરી કરે તો ઘરની તમામ જવાબદારી એના પર આવી પડે.

પોતાની મમ્મી આગળ હર્ષનું કંઈ ઉપજતું નથી. તેથી ન છુટકે આયુષીએ પોતાના અરમાનને દબાવી દેવા પડે છે. લગ્નના ત્રણ વર્ષ પછી કોમલ ફૂલ જેવી દીકરી પર્લનો જન્મ થાય છે. સાસુજી તો એમ જ સમજે છે કે સંતાનના ઉછેરની જવાબદારી એકલી વહુની જ છે. ઘરમાં બધા સભ્યો ખુશ રહે તે માટે આયુષી હાઉસ વાઈફ તરીકે રોજના ૧૨ થી ૧૩ કલાક કામ કરે છે. આયુષીનો સ્વભાવ એવો છે કે પોતાના કારણે કોઈ દુંખી થવું જોઈએ નહીં.

એક રાત્રે આયુષી ઊંઘમાંથી જાગી જાય છે. કોઈ દિવસ નહીં પરંતુ આજે હર્ષનો મોબાઈલ ઓન કરે છે. ફોનની ગેલેરીમાં હર્ષના અન્ય સુંદર છોકરી સાથેના ફોટા જોઈને એ ચોંકી ઉઠે છે. જેના પર અતિ વિશ્વાસ મૂક્યો એણે જ વિશ્વાસઘાત કર્યાની લાગણી અનુભવે છે. આયુષીએ શાંતિથી પૂછ્યું કે મારામાં શું ખામી કે તમારે એક્સ્ટ્રા મેરિટલ રિલેશનની જરૂર પડી ? હર્ષ માફી માંગે છે. આયુષી માફી આપવા તૈયાર નથી. આપઘાત કરવાનો વિચાર આયુષીને આવે છે. એની ફ્રેન્ડ ન્યિલ કે જે કોલેજમાં એની સાથે અભ્યાસ કરતી હતી એને ફોન કરે છે. ન્યિલ એને સમજાવે છે કે પર્લનો વિચાર કર. આપઘાત એ આ સમસ્યાનો ઉકેલ નથી. તું એમ.સી.એ. થયેલી છે. તારા પગ પર ઉભા રહેવાનું અને તારી સ્વની ઓળખ થકી જીવનમાં તારે આગળ વધવાનું છે.

એક જ ઝાટકે આયુષી નિરાશાને ખંખેરી નાખે છે. બધાને ખુશ રાખવાની ઘેલછા એ છોડી દે છે. એના મનગમતા શોખ કે જે અત્યાર સુધી દબાવી રાખ્યા હતા તેને પૂરેપૂરો અવકાશ આપે છે. એ કાર ડ્રાઈવિંગ શીખે છે. કથ્થકના ક્લાસીસ જોઈન કરે છે.

શ્રીમદ ભાગવત ગીતામાં એના મનમાં ઉપસ્થિત થયેલા તમામ -'નું સમાધાન શોધે છે. બી. સી. એ. કોલેજમાં અધ્યાપક તરીકેની એને નોકરી મળી જાય છે. ખુદને માટે જીવવાનું એ નક્કી કરી લે છે. ન્યિલને ફોન કરી એનો આભાર માને છે. આયુષીને સ્વની ઓળખ થઈ ચૂકી છે. સ્વની ખુશી એ જ સાચી ખુશી છે એવું સ્વીકારતી થઈ ગઈ છે.

## નવરાત્રીમાં જગદંબાના કયા નવ સ્વરૂપની ઉપાસના કરવામાં આવે છે?



નવરાત્રિના પહેલા નોરતે માતા શૈલપૂત્રીની ઉપાસના પહેલા કરવામાં આવે છે. શૈલપૂત્રીએ માતા પાર્વતીનું જ એક સ્વરૂપ છે જે પર્વતપૂત્રી તરીકે ઓળખાય છે.માં દુર્ગા પોતાના પહેલા સ્વરૂપમાં શૈલપૂત્રીના નામથી જાણવામાં આવે છે.પર્વતરાજ હિમાલયને ત્યાં પૂત્રીના રૂપમાં ઉત્પન્ન થવાના કારણે તેમનું નામ શૈલપૂત્રી પડ્યું છે.પોતાના પૂર્વજન્મમાં તે પ્રજાપતિ દક્ષની કન્યાના રૂપમાં ઉત્પન્ન થયાં હતાં.તે સમયે તેમનું નામ સતી હતું. નવરાત્રીના બીજા નોરતે માતા બ્રહ્મચારિણીની ઉપાસના કરવામાં આવે છે.માં દુર્ગાની નવ શક્તિઓમાં બીજું સ્વરૂપ માતા બ્રહ્મચારિણીનું છે. અહી બ્રહ્મ શબ્દનો અર્થ તપસ્યા છે. બ્રહ્મચારિણી એટલે તપની ચારિણી..તપનું આચરણ કરનારી.તેમના જમણા હાથમાં જપની માળા તથા ડાબા હાથમાં કમંડલ હોય છે. પોતાના પૂર્વજન્મમાં જ્યારે તે હિમાલય અને મેનાના ઘેર પૂત્રીરૂપે ઉત્પન્ન થયાં ત્યારે નારદજીના ઉપદેશ અનુસાર તેમને ભગવાન શિવને પતિરૂપમાં -પ્રાપ્ત કરવા અત્યંત કઠીન તપસ્યા કરી હતી. આ દુષ્કર તપસ્યાના કારણે તેમને તપારિણી એટલે કે બ્રહ્મચારિણી નામથી ઓળખવામાં આવે છે. દુર્ગાજીનું આ બીજું સ્વરૂપ ભક્તો અને સિદ્ધોને અનંત ફળ આપનાર છે. તેમની ઉપાસનાથી મનુષ્યમાં તપ ત્યાગ વૈરાગ્ય સદાચાર અને સંયમમાં વૃદ્ધિ થાય છે. નવરાત્રીના ત્રીજા નોરતે માતા ચંદ્રઘંટાની ઉપાસના કરવામાં આવે છે. માતાજીનું આ સ્વરૂપ પરમ શાંતિદાયક અને કલ્યાણકારી છે. તેમના મસ્તક ઉપર ઘંટના આકારનો અર્ધચંદ્ર છે તેથી તેમને ચંદ્રઘંટા દેવી કહેવામાં આવે છે.તેમના શરીરનો રંગ સુવર્ણ સમાન ચમકીલો છે.તેમને દશ હાથ છે. આ દશ હાથોમાં ખડગ વગેરે શસ્ત્રો તથા બાણ વિભૂષિત છે. તેમનું વાહન સિંહ છે.તેમની ઉપાસના કરવાથી તમામ પાપો અને અડચણો દૂર થઇ તમામ સાંસારીક કષ્ટોથી મુક્તિ મળે છે અને સહજમાં જ પરમપદના અધિકારી બની જઇએ છીએ.

નવરાત્રીના ચોથા નોરતે માતાની ઉપાસના કરવામાં આવે છે.પોતાની મંદ હલ્કા હાસ્યના દ્વારા અંડ એટલે કે બ્રહ્માંડને ઉત્પન્ન કરવાના કારણે તેમને કૂષ્માણ્ડા દેવી કહેવામાં આવે છે.જ્યારે સૃષ્ટિનું અસ્તિત્વ નહોતું ચારે તરફ અંધકાર પરીવ્યાપ્ત હતો ત્યારે આ દેવીએ પોતાના ઈષત્ હાસ્યથી બ્રહ્માંડની રચના કરી હતી એટલે સૃષ્ટિના આદિ-સ્વરૂપા..આદિ-શક્તિ કહેવાય છે.તેમનો નિવાસ સૂર્યમંડળના અંદરના લોકમાં છે.સૂર્યલોકમાં નિવાસ કરવાની ક્ષમતા અને શક્તિ ફક્ત તેમનામાં જ છે.તેમના શરીરની ક્રાંતિ અને પ્રભા સૂર્ય સમાન દેદીપ્યમાન અને ભાસ્વર છે.અન્ય કોઇ દેવી-દેવતા તેમના તેજની તુલના કરી શકતાં નથી.બ્રહ્માંડની તમામ વસ્તુઓ અને પ્રાણીઓમાં અવસ્થિત તેજ તેમની જ છાયા છે. માં કૂષ્માણ્ડાને આઠ હાથ છે એટલે તે અષ્ટભૂજા દેવીના નામથી વિખ્યાત છે.તેમના સાત હાથોમાં ક્રમશઃ કમંડલ ધનુષ્ય-બાણ કમળનું પુષ્પ અમૃતપૂર્ણ કલશ ચક્ર તથા ગદા છે.આઠમા હાથમાં તમામ સિદ્ધિઓ અને નિધિઓ આપનાર જપમાળા છે. તેમનું વાહન સિંહ છે.

નવરાત્રીના પાંચમા નોરતે સ્કન્દમાતાની ઉપાસના કરવામાં આવે છે. ભગવાન સ્કંન્દ કાર્તિકેય નામથી ઓળખાય છે. કાર્તિકેય દેવાસુર સંગ્રામમાં દેવતાઓના સેનાપતિ બન્યા હતા. પુરાણોમાં તેમને કુમાર અને શક્તિધર કહીને તેમની મહિમાનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમનું વાહન મોર છે. ભગવાન સ્કંન્દની માતા હોવાના કારણે માં દુર્ગાજીના આ પાંચમા સ્વરૂપને સ્કંન્ધ માતાના નામથી જાણવામાં આવે છે. તેમના ચિત્ર કે મૂર્તિમાં જોઇએ તો ભગવાન સ્કંન્દજી બાળકરૂપમાં તેમના ખોળામાં બેઠેલા હોય છે. તેમની ઉપાસના કરવાથી ભક્તોની તમામ ઇચ્છાઓ પૂર્ણ થાય છે.આ મૃત્યુલોકમાં જ તેમને પરમશાંતિ અને સુખનો અનુભવ થવા લાગે છે.

મોક્ષનું દ્વાર તેમના માટે સુલભ થઇ જાય છે. સ્કંન્દમાતાની ઉપાસના કરવાથી બાળસ્વરૂપ સ્કંન્ધ ભગવાનની ઉપાસના આપોઆપ થઇ જાય છે. નવરાત્રીના છઠ્ઠા નોરતે માં કાત્યાયની દેવીની ઉપાસના કરવામાં આવે છે. કત નામના એક પ્રસિદ્ધ મહર્ષિ હતા. તેમના પૂત્ર ઋષિ કાત્ય થયા. આ કાત્ય ગોત્રમાં વિશ્વ પ્રસિદ્ધ મહર્ષિ કાત્યાયન થયા. તેમને ભગવતી પરામ્બાની ઉપાસના કરતાં કરતાં ઘણા વર્ષો સુધી ઘણી જ કઠીન તપસ્યા કરી. તેમની તપસ્યાથી પ્રસન્ન થઇ માતા ભગવતીએ તેમને પ્રત્યક્ષ દર્શન આપ્યા. મહર્ષિ કાત્યાયનની ઇચ્છા હતી કે માં ભગવતી તેમના ઘેર પૂત્રીના રૂપમાં જન્મ લે. માં ભગવતીએ તેમની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો. મહર્ષિ કાત્યાયનના ત્યાં આદ્યશક્તિ માં દુર્ગાજીએ પૂત્રીના રૂપમાં જન્મ ધારણ કર્યો હતો તેથી તેમનું નામ કાત્યાયની દેવી પડ્યું છે. માં કાત્યાયની અમોઘફલદાયિની છે. નવરાત્રીના સાતમા નોરતે માં કાલરાત્રિની ઉપાસના કરવામાં આવે છે. કાલરાત્રી દેવીના શરીરનો રંગ ગાઢ અંધકાર જેવો એકદમ કાળો છે. માથાના વાળ વિખરાયેલા છેગળામાં વિદ્યુતની જેમ ચમકતી માળા છે. તેમને ત્રણ નેત્ર છે.આ ત્રણે નેત્ર બ્રહ્માંડની જેમ ગોળ છે.જેમાંથી વિદ્યુત સમાન ચમકીલા કિરણો નીકળી રહ્યા છે.તેમના નાકમાંથી નીકળતા શ્વાસ--શ્વાસથી અગ્નિની ભયંકર જ્વાળાઓ નીકળે છે.તેમનું વાહન ગધેડો છે.

પૌરાણિક કથા પ્રમાણે શુંભ અને નિશુંભ નામના અસુરોનો સંહાર કરવા માટે દેવી પાર્વતીએ કાલરાત્રિ સ્વરૂપ ધારણ કર્યું હતું. શનિ ગ્રહનું સંચાલન દેવી કાલરાત્રિ દ્વારા કરાય છે.માં કાલરાત્રિનું મુખ્ય મંદિર કોલકાતાના કાલિઘાટ પર આવેલું છે.માં કાલરાત્રિ દુષ્ટોનો વિનાશ કરનારી છે.દાનવ દૈત્ય રાક્ષસ ભૂત-પ્રેત વગેરે તેમના સ્મરણમાત્રથી ભયભીત થઇને ભાગી જાય છે.માં કાલરાત્રિ ગ્રહ-બાધાઓ દૂર કરનાર છે. તેમના ઉપાસકને અગ્નિ જળ જીવ જંતુ શત્રુ વગેરેનો ભય ક્યારેય થતો નથી. તેમની કૃપાથી ઉપાસક ભયમુક્ત બની જાય છે.

નવરાત્રીના આઠમા નોરતે માં મહાગૌરીની ઉપાસના કરવામાં આવે છે. તેમનો વર્ણ પૂર્ણતઃ ગોરો છે.આ ગૌરતાની ઉપમા શંખ-ચંદ્ર અને કસ્તુરી મોગરાના ફુલ સાથે કરવામાં આવે છે.તેમનું આયુષ્ય આઠ વર્ષનું માનવામાં આવે છે અષ્ટવર્ષા ભવેદ્ ગૌરી તેમના તમામ વસ્ત્રો અને આભૂષણ વગેરે શ્વેત છે એટલે શ્વેતાંબરધરા તરીકે પણ ઓળખાય છે.તેમને ચાર હાથ છે. તેમનું વાહન વૃષભ છે તેથી તેમને વૃષારૂઢ તરીકે ઓળખાય છે. દેવી મહાગૌરી રાહુ ગ્રહનું સંચાલન કરે છે. નવરાત્રીના નવમા નોરતે માં દુર્ગાજીની નવમી શક્તિ સિદ્ધિદાત્રીની ઉપાસના કરવામાં આવે છે.તે તમામ પ્રકારની સિદ્ધિઓ આપનારી દેવી છે.માં સિદ્ધિદાત્રી ભક્તો અને સાધકોને આ તમામ સિદ્ધિઓ પ્રદાન કરવામાં સમર્થ છે.દેવી ભાગવત પુરાણ પ્રમાણે બ્રહ્માંડની શરૂઆતમાં ભગવાન શિવે સૃષ્ટિની રચના માટે આદિ-પરાશક્તિની ઉપાસના કરી હતી.

આદિ-પરાશક્તિ દેહ સ્વરૂપ ધરાવતા ન હતા આથી આદિ-પરાશક્તિ શિવનાં અર્ધા દેહમાંથી સિદ્ધિદાત્રી સ્વરૂપે પ્રગટ્યા. આમ ભગવાન શિવના અર્ધનારીશ્વર સ્વરૂપમાં અર્ધો દેહ તે દેવી સિદ્ધિદાત્રી.. માં સિદ્ધિદાત્રીને ચાર હાથ છે.તેમના જમણી બાજુના ઉપર તરફના હાથમાં ગદા અને નીચે તરફના હાથમાં ચક્ર છે. ડાબી બાજુના ઉપર તરફના હાથમાં કમળનું પુષ્પ અને નીચે તરફના હાથમાં શંખ છે.તેમનું વાહન સિંહ છે.તે કમળ-પુષ્પ ઉપર આસિન છે. નવરાત્રી પૂજનના નવમા દિવસે તેમની ઉપાસના કરવામાં આવે છે.આ દિવસે શાસ્ત્રીય વિધિ-વિધાન અને પૂર્ણ નિષ્ઠાથી સાધના કરનાર સાધકને તમામ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્તિ થાય છે.સૃષ્ટિમાં કશું જ તેમના માટે અગમ્ય રહેતું નથી.સમગ્ર બ્રહ્માંડ ઉપર પૂર્ણ વિજય પ્રાપ્ત કરવાનું સામર્થ્ય તેમનામાં આવી જાય છે. પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે કે તેમને માં સિદ્ધિદાત્રીની કૃપા પ્રાપ્ત કરવા માટે નિરંતર આરાધના કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.તેમની કૃપાથી અત્યંત દુઃખરૂપ સંસારથી નિર્લિપ્ત રહીને તમામ સુખોનો ભોગ કરતાં કરતાં મોક્ષને પ્રાપ્ત કરે છે.માં ભગવતીના ચરણોનું સાનિધ્ય પ્રાપ્ત કરવા માટે અમારે નિરંતર નિયમનિષ્ઠ રહીને ઉપાસના કરવી જોઇએ.માં ભગવતીનું સ્મરણ-ધ્યાન અને પૂજન અમોને આ સંસારની અસારતાનો બોધ કરાવીને વાસ્તવિક પરમ શાંતિદાયક અમૃતપદની તરફ લઇ જાય છે.

**સંકલનઃ સુમિત્રાબેન દાદુભાઇ નિરંકારી**

### જળાશયોમાં પાણીની સંગ્રહ અંગે ચોંકાવનારો રિપોર્ટ

## દેશના ૧૬૧ જળાશયોમાં ૪૨% પાણી, એક સપ્તાહમાં ૩% પાણી ઘટ્યું



### ઉત્તર અને પૂર્વ ભારતમાં આવેલા ૩૮ જળાશયોમાં ગયા વર્ષની સરખામણીએ પાણીનું સ્તર સાત ટકાથી આઠ ટકા ઓછું

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૧ : દેશમાં ધગધતી ગરમી શરૂ થઈ નથી, તે પહેલા દેશના જળાશયોમાં પાણીની સંગ્રહ અંગે ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો છે. કેન્દ્રીય જળ આયોગ જળાશયોમાં પાણી અંગેનો સાપ્તાહિત રિપોર્ટ જાહેર કરાયો છે, જેમાં દેશભરના ૧૬૧ જળાશયોમાં વર્તમાનમાં ૪૨ ટકા પાણી હોવાનું તેમજ એક સપ્તાહમાં ત્રણ ટકા પાણી ઘટ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ તમામ જળાશયોની કુલ સંગ્રહ ક્ષમતા ૨૫૭.૮૧૨ અબજ ઘન મીટર સામે વર્તમાન સમયમાં ૧૮૨.૮૫૨ બીસીએમ પાણી સંગ્રહ થયેલો છે. આ જળાશયોમાં ૨૭ માર્ચ સુધીમાં કુલ ૭૭.૩૨૪ બીસીએમ એટલે કે ૪૨% ટકા પાણી ભરાયેલું છે. બીજીતરફ રાહતની વાત એ છે કે, આ વર્ષની શરૂઆતમાં આ જળાશયોમાં પાણીનો સારો સંગ્રહ કરવામાં આવ્યો હતો.

છેલ્લા કેટલાક અઠવાડિયામાં આ જળાશયોના જળસ્તરમાં ઘટાડો થયો છે. ૨૦ માર્ચની સ્થિતિની તુલના કરીએ તો પાણીના જળસ્તરમાં ત્રણ ટકાનો ઘટાડો થયો છે ૨૦ માર્ચે ૮૦.૭૦૦ બીસીએમ જળસ્તર હતું, જે હવે ઘટીને ૭૭.૩૨૪ બીસીએમ પર પહોંચી ગયું છે. જોકે આ ઘટાડો છતાં છેલ્લા ૧૦ વર્ષની સ્થિતિ મુજબ વર્તમાન સમયમાં સરેરાસ સારું છે, બીજીતરફ ચિંતાજનક વાત એ છે કે, જેમ જેમ તાપમાન વધતું જશે, તેમ તેમ જળસ્તર ઘટવાની સંભાવના છે.

જો જળાશયોની સ્થિતિને પ્રદેશ મુજબ વાત કરવામાં આવે તો, ઉત્તર અને પૂર્વ ભારતમાં આવેલા ૩૮ જળાશયોમાં ગયા વર્ષની સરખામણીએ પાણીનું સ્તર સાત ટકાથી આઠ ટકા ઓછું જોવા મળ્યું છે. કેટલાક રાજ્યોમાં જળાશયોમાં પાણીનું સ્તર ગયા વર્ષની સરખામણીમાં ઘટ્યું છે, જેમાં પંજાબ, રાજસ્થાન, હિમાચલ, ઝારખંડ અને બિહારનો સમાવેશ થાય છે.

રિપોર્ટ મુજબ દક્ષિણ ભારતના પાંચ રાજ્યોના ૪૩ જળાશયોમાં કુલ ૫૪.૯૩ બીસીએમ પાણી સંગ્રહણ કરવાની ક્ષમતા છે, જેની સામે વર્તમાન સમયમાં ૨૧.૨૩ (૩૯ ટકા) પાણી છે. એવી જ રીતે મધ્ય ભારતના ચાર રાજ્યોના ૨૬ જળાશયોમાં ૪૮.૫૮ બીસીએમની સમક્ષા સામે ૨૨.૭૫૫ (૪૭ટકા), પશ્ચિમ ભારતના ત્રણ રાજ્યોના ૫૦ જળાશયોમાં ૩૭.૩૫ બીસીએમની ક્ષમતા સામે ૧૯.૧૮ (૫૧ ટકા), પૂર્વ ભારતના ૯ રાજ્યોના ૨૭ જળાશયોમાં ૨૧.૬૫ બીસીએમની ક્ષમતા સામે ૯.૪૧ (૪૩ ટકા) અને ઉત્તર ભારતના ત્રણ રાજ્યોના ૪૩ જળાશયોમાં કુલ ૧૯.૮૩ બીસીએમ પાણીની સંગ્રહ ક્ષમતા સામે વર્તમાન સમયમાં ૪.૭૩ (૨૪ટકા) પાણી છે. આમ દક્ષિણ ભારતના જળાશયોમાં ૨૦૨૪માં ૨૨ ટકા પાણી હતું, જે હવે ૩૯ ટકા છે. મધ્ય ભારતમાં ૪૪ ટકા સામે ૪૭ ટકા, પશ્ચિમ ભારતમાં ૪૨ ટકા સામે ૫૧ ટકા, પૂર્વભારતમાં ૪૯ ટકા સામે ૪૩ ટકા અને ઉત્તરભારતમાં ૨૦૨૪માં ૩૨ ટકા જળસ્તર સામે વર્તમાન સમયમાં ૨૪ ટકા જળસ્તર છે.

પંજાબ અને હિમાચલ પ્રદેશ જેવા રાજ્યોમાં ગત વર્ષની તુલનાએ ૭ ટકાથી ૮ ટકા પાણીનો ઘટાડો થયો છે. રાજસ્થાન, ઝારખંડ અને બિહાર જેવા રાજ્યોમાં પરણ જળાશયોમાં ગત વર્ષની તુલનાએ આ વર્ષે જળસ્તર ઘટ્યું છે.

## સ્પોર્ટ્સ - સમાચાર

### CSKના કોચનો ચોંકાવનારો ખુલાસો

## ધોનીના ઘૂંટણમાં ઈજા, ૧૦ ઓવર બેટિંગ ના કરી શકે



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૧
ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૫ની સિઝનનો રોમાંચ શરૂ થઈ ગયો છે. અત્યાર સુધીમાં ૧૧ મેચ રમાઈ ચૂકી છે. આ દરમિયાન એક બાબત જે સૌથી વધુ ટ્રેન્ડમાં અને ચર્ચામાં રહી તે છે મહેન્દ્ર સિંહ ધોનીનો બેટિંગ ઓર્ડર.

ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) ટીમને પાંચ વખત ટાઈટલ જીત અપાવનાર પૂર્વ કેપ્ટન ધોની આ સિઝનમાં નીચલા ક્રમમાં બેટિંગ કરવા માટે આવી રહ્યો છે. ક્યારેક તે ૮મા નંબરે બેટિંગ કરે છે તો ક્યારેક ૯મા નંબર પર બેટિંગ માટે ઉતરે છે. તેનું પરિણામ તેની ટીમે ભોગવવું પડી રહ્યું છે. ચેન્નાઈની ટીમે આ સિઝનમાં અત્યાર સુધીમાં ૩ મેચ રમી છે, જેમાંથી તેણે માત્ર એક જ મેચ જીતી છે. બે મેચમાં તેણે હારનો સામનો કરવો પડ્યો છે. ધોનીએ આ ત્રણેય મેચમાં ૪૬ રન બનાવ્યા છે. તેમાં અણનમ ૩૦ રન તેનું બેસ્ટ પ્રદર્શન રહ્યું છે. આ તમામ વચ્ચે ચાહકો એ જાણવા માટે ઉત્સુક હશે કે ધોની આટલા નીચા સ્તરે બેટિંગ કરવા કેમ આવી રહ્યો છે?

હવે આનો જવાબ ચેન્નાઈ ટીમના કોચ સ્ટીફન ફ્લેમિંગે આપ્યો છે. એક ન્યૂઝ એજન્સીના જણાવ્યા પ્રમાણે ફ્લેમિંગે કહ્યું કે, ધોની હાલમાં ઘૂંટણની ઈજાથી પીડાઈ રહ્યો છે. તેની ઈજા સંપૂર્ણપણે મટી નથી. આ જ કારણ છે કે ધોની માટે ૧૦ ઓવર સુધી બેટિંગ કરવી મુશ્કેલ છે. આવી સ્થિતિમાં ધોની ઓવરો પ્રમાણે બેટિંગ કરવા આવે છે.'

ચેન્નાઈએ રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ (RCB) અને રાજસ્થાન રોયલ્સ (RR) સામે છેલ્લી ૨ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. RCB સામેની મેચમાં ધોની ૯મા નંબરે અને રાજસ્થાન સામે ૭મા નંબરે બેટિંગ કરવા આવ્યો હતો, પરંતુ તે ટીમને જીત અપાવી ન શક્યો.

ચેન્નાઈને રાજસ્થાન સામે સતત બીજી હારનો સામનો કરવો પડ્યો છે. ત્યારબાદ કોચ ફ્લેમિંગે એ હકીકતને સંપૂર્ણપણે નકારી કાઢી છે કે ધોની ટીમ પર બોજ બની ગયો છે. તેણે કહ્યું કે ધોની ફ્રેન્ચાઈઝીનો સૌથી મૂલ્યવાન ખેલાડી છે.

## કપિલ શર્માની નવી ફિલ્મના ફર્સ્ટ લુકનું પોસ્ટર થયું રિલીઝ

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧, કોમેડી કિંગ કપિલ શર્મા ફરી એકવાર મોટા પડદા પર પાછા ફરવા માટે તૈયાર છે. તેની આગામી ફિલ્મ 'કિસ કિસ કો પ્યાર કરું ૨'નો ફર્સ્ટ લુક સોશિયલ મીડિયા પર રિલીઝ કરવામાં આવ્યો છે. કપિલ શર્માએ તેને પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોસ્ટ કર્યું અને કેપ્શનમાં લખ્યું, "ઈદ મુબારક." પોસ્ટરમાં, કપિલ શર્મા સફેદ શેરવાની અને સેહરો પહેરેલો જોવા મળે છે અને તેની બાજુમાં એક છોકરી ઉભી છે બ્લુ આઉટફિટમાં ઉભી છે, જેનો ચહેરો નથી દેખાતો. કપિલ શર્મા સેહરો હટાવીને આશ્ચર્યચકિત આંખોથી જોઈ રહ્યો છે, જ્યારે તેની બાજુમાં ઉભેલી છોકરી સલામ કરતી જોવા મળે છે. લોકોને ફિલ્મનો પહેલો ભાગ ખૂબ ગમ્યો હતો અને હવે ફેન્સ તેના બીજા ભાગ માટે ખૂબ જ ઉત્સાહિત છે. કપિલ શર્માના ફેન્સ અને ફોલોઅર્સ તેની પ્રશંસા કરતા જોવા મળે છે. એક સોશિયલ મીડિયા યુઝરે કમેન્ટ સેક્શનમાં લખ્યું, "અભિનંદન ભાઈ. હવે મજા શરૂ થશે. હું ઘણા સમયથી રાહ જોઈ રહ્યો હતો." એક ફેને લખ્યું, "હું પણ તમારી ફિલ્મોની આતુરતાથી રાહ જોઉં છું." તમને જણાવી દઈએ કે કપિલ શર્મા તેના કોમેડી શો માટે જાણીતો છે પરંતુ તેણે ફિલ્મ ઉદ્યોગમાં પણ ઘણું કામ કર્યું છે. કપિલ શર્માએ પોતાની કારકિર્દીની શરૂઆતથી અત્યાર સુધી કુલ ૯ ફિલ્મોમાં કામ કર્યું છે. કપિલ શર્માએ ૨૦૧૦માં આવેલી ફિલ્મ 'ભાવનાઓ કો સમજો'થી મોટા પડદા પર પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. પરંતુ તે ૨૦૧૫માં આવેલી ફિલ્મ "કિસ કિસ કો પ્યાર કરું" માં પહેલી વખત મુખ્ય ભૂમિકામાં દેખાયો હતો. આ પછી તેણે 'ફિરંગી' ફિલ્મ બનાવી જે ફ્લોપ રહી હરી. કપિલ શર્માએ 'ઝ્વિગાટો' નામની ફિલ્મ પણ બનાવી હતી જેમાં તેણે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, આ ફિલ્મની પણ ખૂબ પ્રશંસા થઈ હતી. પરંતુ પછી કપિલ શર્માએ લાંબા સમય સુધી કોઈ કોમેડી ફિલ્મ ન કરી. હવે તે "કિસ કિસ કો પ્યાર કરું ૨" દ્વારા ફરી એકવાર મોટા પડદા પર કોમેડી કરવા પરત ફરી રહ્યો છે. કોમેડિયન તરીકે સફળ કપિલ શર્મા એક સારો અભિનેતા પણ છે.

## 'હીરામંડી' બાદ કરિયરમાં દુષ્કાળ આવ્યાનો અદિતિનો વસવસો

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧
સંજય લીલા ભણસાલીનો ડ્રીમ પ્રોજેક્ટ 'હીરામંડીઃ ધ ડાયમંડ બજાર'ને ક્રિટિક્સથી લઈને દર્શકો બધાએ ખૂબ વખાણી હતી. સિરીઝમાં મનીષા કોયરાલા, સંજીદા શેખ, રિચા ચઢ્ઢા, સોનાક્ષી સિન્હા, ફરદીન ખાન, અદિતિ રાવ હૈદરી સહિત ઘણા પ્રતિભાશાળી અને દિગ્ગજ કલાકારો હતા. સિરીઝ અને તેમાં ભૂમિકા નિભાવનાર કલાકારોના ખૂબ વખાણ કરવામાં આવ્યા. પરંતુ અદિતિ રાવ હૈદરી ભારે લાઈમલાઈટમાં રહી હતી. ન માત્ર અભિનય પરંતુ સિરીઝમાં તેનું ગજગામિની વોક પણ ખૂબ વાયરલ થયું હતું. સિરીઝમાં તેની સૌથી વધુ સરાહના કરવામાં આવી હતી. તેને આશા હતી કે, તેને વધુ કામ મળશે, પરંતુ એવું થયું નહીં. અદિતિ રાવ હૈદરીએ કહ્યું કે, 'હીરામંડીઃ ધ ડાયમંડ બજાર'થી તેને કોઈ ફાયદો થયો નહીં, અદિતિએ ખુલાસો કર્યો કે, સિરીઝ રિલીઝ થયા બાદ તેના પ્રોફેશનલ કરિયરમાં દુષ્કાળ આવી ગયો અને તેણે એ સમયે લગ્નનો નિર્ણય કર્યો. વાતચીત દરમિયાન, ફરાહ અને અદિતિએ હીરામંડી વિશે વાત કરી હતી. અદિતિએ કહ્યું કે, હીરામંડી બાદ, જે રીતે લોકોએ તેના વખાણ કર્યા અને તેને પસંદ કરી, મને લાગ્યું હવે ઈન્ટરેસ્ટિંગ પ્રોજેક્ટ્સનો વરસાદ થશે અને પછી અચાનક... હું વિચારી રહી હતી, ખબર નહીં શું થઈ રહ્યું છે? હકીકતમાં એક દુષ્કાળ જેવું હતું. ફરાહ ખાને નવાઈ પામતા પૂછ્યું, ખરેખર? એટલે તે લગ્ન કરી લીધા!

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES
પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ 9879374605

# પારડી પારનદીના પાણીનું સ્તર ઘટ્યું





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૧ :** પારડી નગરજનો માટે જીવાદોરી સમાન પારનદીમાં પાણીનું સ્તર ઘટતા નગરજનો એ હવે પાણીનો બગાડ જો કરતા હોય તો એમણે અટકવું પડશે ઉનાળાની ઋતુ શરૂ થતા પારનદી માં પાણી નો ઘટાડો જોવા મળ્યો છે. ત્યારે પાણી નો બગાડ ન કરવા લોકોને અપીલ કરી હતી. પારડી નગરપાલિકા ચીફ ઓફિસર અને પ્રમુખ દ્વારા પંચલાઈ ડેમમાંથી પારનદી માં પાણી છોડવા રજુઆત કરવામાં આવી છે. પાલિકાના વોટર વર્કસ વિભાગના કર્મચારી સુમન પટેલે જણાવ્યું હતું કે હાલ પારનદી માં ૩ થી ૪ દિવસ નગરજનો ને મળી શકે એટલું પાણી છે. આમ તો નગરજનો ને પાણી પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે. પરંતુ હાલ નદીમાં પાણી નો ઘટાડો થતા કાર-ગાડી વોશ ન કરવું, તેમજ ગમે તેમ પાણી નો વેડફાટ ન કરવા અપીલ કરી હતી. જળ એ જીવન છે ત્યારે હાલ ગરમીની મોસમ માં લોકો પાણીનો બગાડ ન થાય તે રીતે વાપરે તે ખુબ જ જરૂરી છે. પંચલાઈ ડેમ માંથી પારનદીમાં પાણી છોડવા રજુઆત કરવામાં આવી છે હોવાનુ જણાવ્યું હતું જોકે હાલમાં શહેરના તમામ વિસ્તારોમાં રાબેતા મુજબ બે ટાઈમ પાણી આપવામાં આવી રહ્યો છે વહેલી તકે પાન નદીમાં પાણી આવે એવા પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે.

# પારડી ચંદ્રપુર હાઈવેનો ફુટ ઓવરબ્રિજનું કામ પૂર્ણતાના આરે



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૧ :** પારડીમાં નેશનલ હાઈવે નં.૪૮ પર ચંદ્રપુર પાસે આઈટીઆઈ, જીઆઈડીસી અને નવી મામલતદાર કચેરી પાસે મળી ૩ ફૂટ ઓવર બ્રિજ ની કામગીરી હાથ ધરવામાં આવી છે જેમાં ચંદ્રપુર આઈટીઆઈ પાસે હાઈવે પર ફૂટ બ્રિજ નું કામ અંતિમ તબક્કા પર છે અને બનીને તૈયાર થઈ ગયું છે જેનો ઉપયોગ રાહદારીઓ માટે વિદ્યાર્થીઓ માટે ક્રોસ કરવા ખુબ જ ઉપયોગી નીવડશે. ખાસ કરીને હાલ આઈટીઆઈના વિદ્યાર્થીઓ જીવના જોખમે હાઈવે ક્રોસ કરતા હોય છે એમના માટે અત્યંત ઉપયોગી નિવડશે પારડી માં અકસ્માત નિવારવા માટે હાઈવે તંત્ર દ્વારા બનાવવામાં આવેલા બ્રિજ ખરેખર ખૂબ જ કામ લાગશે સાંસદ ધવલભાઈ પટેલ આ દિશામાં કામ કરી રહ્યા છે કે હાઈવેમાં ચોક્કસ સુવિધા ઉભી થાય અને અકસ્માત નિવારણ કરી શકાય આ પહેલા વર્ષોથી દમણ ગંગા ટાઈમ્સમાં ફૂટ ઓવર બ્રિજ અંગેના સમાચાર છાપવામાં આવ્યા હતા કે ફૂટ બ્રિજ ની જરૂર છે હવે જ્યારે આ સુવિધા મળી રહી છે ત્યારે દમણ ગંગા ટાઈમ્સમાં આવેલા સમાચાર થકી અકસ્માત અટકશે અને લોકોને સુંદર સુવિધા મળી શકશે.

# પંચલાઈ સાંઈધામ ખાતે સદાવ્રતનો પ્રારંભ ૬ એપ્રિલથી થશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૧ :** પારડી તાલુકાના પંચલાઈ ગામે આવેલ સાંઈધામ ખાતે રામનવમીના પાવન દિવસ થી સદાવ્રતનો પ્રારંભ કરવામાં આવશે. આ અંગે સાંઈધામ ના સંચાલક સતિષભાઈ એ જણાવ્યું હતું કે ૬ એપ્રિલ રવિવારના રોજ રામનવમી ના દિવસે બપોરે ૩ કલાકે સાંઈધામ થી શોભાયાત્રા નીકળી મોટાવાઘછીપા રામ મંદિર સુધી જશે. સાંજે રામનવમી ઉત્સવ અને સદાવ્રતનો ઉદ્ઘાટન સંતો મહંતોની ઉપસ્થિતિમાં સતિષભાઈના માતૃશ્રી લીલાબેનના હસ્તે કરવામાં આવશે. અને રાત્રિના ૯ કલાકે સદાવ્રતના લાભાર્થે લોકડાયરો યોજાશે. આ સમગ્ર કાર્યક્રમમાં પંચલાઈ ગામ તેમજ પારડી તાલુકાના અને વલસાડ જિલ્લાના ભક્તોને જોડાવા અપીલ કરી હતી. શેરડી, વીરપુર, બગદાણા ખાતે જે રીતે સદાવ્રત ચાલે છે તે રીતે અહીં પંચલાઈ સાંઈધામ ખાતે હજાર લોકો જમી શકે તેવી વ્યવસ્થા સાથે સદાવ્રતનો પ્રારંભ સાથે મહાપ્રસાદનો ભક્તો લાભ લેશે હોવાનું જણાવ્યું હતું. આ કાર્યક્રમ ને સફળ બનાવવા ૐ શ્રી સાંઈ આદર્શ મિત્ર મંડળ દ્વારા જહેમત ઉઠાવી રહ્યા છે.

# વલસાડી હાફૂસને જીઆઈ ટેગની માંગણી માટે ખેડૂત સંઘે સાંસદનો આભાર માન્યો



કેરીની સીઝનનો ધમધમાટ શરૂ થઈ રહ્યો છે ત્યારે દક્ષિણ ગુજરાતની વિશેષ ઓળખ ધરાવતી દેશ વિદેશોમાં ભારે માગ ધરાવતી વલસાડી હાફુસને જિયોગ્રાફિકલ ઈન્ડિકેશન GI ટેગનો દરજ્જો આપવા વર્ષોથી થઈ રહેલા અન્યાય સામે પારડી તાલુકા કિસાન સંઘ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી જે રજૂઆત બાદ વલસાડ ડાંગ સાંસદ એ છે કે દિલ્હી સુધી આ મુદ્દે લઈ જઈ રજૂઆત કરી પારડી તાલુકાના ખેડૂતો સહિત વલસાડ, નવસારી સહિત દક્ષિણ ગુજરાતના હાફુસ કેરીના ખડૂતોને આઈજી ટેગ માટે ન્યાય મળી રહે ખેડૂતોની માગણીને વાચા આપવા દિલ્હી ખાતે વાણિજ્ય મંત્રી પિયુષ ગોયેલ સમક્ષ દ.ગુ.ની આંતરરાષ્ટ્રિય ખ્યાતિ-પ્રાપ્ત વલસાડી હાફુસને જીઆઈ ટેગ ફાળવવાનોમાંગણી કરી છે જે માટે પારડી તાલુકા કિસાન સંઘ દ્વારા સાંસદ ધવલભાઈ પટેલ નો આભાર માનવામાં આવ્યો છે અને આશા વ્યક્ત કરવામાં આવી છે કે ખેડૂતોને જીઆઈ ટેક માટે ન્યાય મળશે.

વલસાડના સાંસદ ધવલ પટેલે દ.ગુ.ના ખેડૂતોની વર્ષોની માગણીને ધ્યાને લઈ કેન્દ્રના વાણિજ્ય મંત્રી પિયુષ ગોયેલ સાથે બેઠક કરી છે.જેમાં મહત્વપૂર્ણ મુદ્દા રજૂ કર્યા છે.જેમાં સાંસદે જણાવ્યા મુજબ વલસાડી હાફુસના જીઆઈ ટેગની એપ્લિકેશન નં.૧૦૫૮ તંત્ર દ્વારા તા. ૧૨ જૂલાઈ ૨૦૨૪થી જીઆઈ નં.૧૯૨ સ્વીકારવામાં આવી છે. તેમ છતાં ૧ જૂન ૨૦૧૮ના જીઆઈ જર્નલ નં. ૧૦૬ના મુજબ હાફુસના જીઆઈ ટેગ એપ્લિકેશન નં. ૧૩૯ કોકણ પ્રદેશની અરજી ગ્રાન્ટેડ કરાઈ હતી.આ કોકણ પ્રદેશમાં મહારાષ્ટ્રના પાલઘર,થાણે, રાયગઢ, રત્નાગિરી અને સિંધુદુર્ગ જિલ્લાનો સમાવેશ કરાયો હતો.તેમ છતાં વલસાડ નવસારી જિલ્લા સહિત દ.ગુ.ના ખેડૂતોના હિતમાં વલસાડી હાફુસને જીઆઈ ટેગ માટે કાર્યવાહી કરવામાં નહિ આવતાં વલસાડ સાંસદ અને લોકસભાના દંડક ધવલ પટેલે હવે કેન્દ્ર વાણિજ્ય મંત્રી સુધી અવાજ ઉઠાવી આ પ્રશ્નના નિરાકણ કરવા ચક્રો ગતિમાન કર્યા છે આ અંગે પારડી તાલુકાના ઉમરસાડી ગામના જાગૃતખેડૂત અને ભારતીય કિસાન સંઘ ના ભરતભાઈ દેસાઈ જણાવ્યું હતું કે વર્ષો થી વલસાડી હાફુસના જીઆઈ ટેગ માટે ખેડૂતો પ્રયાસો કરી રહ્યા હતા. ત્યારે આ અંગે સાંસદ ધવલ પટેલે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયેલ જોડે મુલાકાત કરી જીઆઈ ટેગ માટે રજુઆત કરતા આભાર વ્યક્ત કર્યો હતો. વલસાડી હાફુસ દૂનિયાભરમાં દર વર્ષે એક્સપોર્ટ થતી આવી છે. યુરોપ યુએસ,યુકે,કેનેડા, ગલ્ફ દેશોમાં તેની સારી માગ છે. દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લાના ખેડૂતો વતી ભારતીય કિસાન સંઘે વલસાડી હાફુસના જીઆઈ ટેગ માટે વાણિજ્ય મંત્રાલય અને કૃષિ મંત્રાલયમાં અરજી રજિસ્ટર કરાવી છે. જેને નંવસારી કૃષિ યુનિવર્સિટી,વલસાડ કલેકટર અને ગુજરાત નાબાર્ડ સંસ્થાનો પણ પુરો ટેકો મળ્યો છે તો જી આઈ ટેક માટે પારડી તાલુકાના કિસાન સંઘના ખેડૂતો વલસાડ જિલ્લાના કિસાન સંઘના ખેડૂતો સાથે વર્ષોથી માંગણી કરતા આવ્યા છે અને એમની રજૂઆત સરકારમાં પહોંચી તો હતી પરંતુ ચોક્કસપણે એનો નિકાલ આજ દિન સુધી આવ્યો નથી ખેડૂતોને છેલ્લા લાંબા સમયથી ખાસ કરીને પારડી તાલુકાના ખેડૂતોને લાંબા સમયથી કેરી સિઝનમાં નુકસાની વેઠવા પડે છે અને આ વર્ષે પણ કેરીમાં ભયંકર નુકસાન થયું છે અને ખેડૂતો છેલ્લા પાંચ છ દિવસથી આવી રહેલા વાદળિયા વાતાવરણથી હેરાન પરેશાન થઈ ગયા છે ખૂબ જ ઓછા પ્રમાણમાં કેરી બેઠી છે જે પ્રમાણે ફલાવરિંગ થયું હતું તે પ્રમાણે કેરી ઓછી બેઠી છે આ માટે પલસાણા ગામમાં જાગૃત ખેડૂત હર્ષદભાઈ દેસાઈના ત્યાં ખેડૂત ચિંતન સભા પણ રાખવામાં આવી હતી જેમાં ફલાવરિંગ બાદ જે રીતે નુકસાન થયું એ અંગેની ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી હવે ભરતભાઈ જેવા ખેડૂતો આશા રાખી રહ્યા છે કે દિલ્હી સુધી એમની વાત પહોંચી છે તો આગામી દિવસોમાં જીઆઈ ટેક મળશે તો ખેડૂતોને રાહત મળે એમ છે તો સરકાર પાસે નુકસાની વળતર પણ ખેડૂતો માંગી રહ્યા છે હાલમાં કેરી પકાવતા ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે કારણ કે ખેડૂતોને આ વર્ષે પણ ભયંકર નુકસાન થઈ ગયું છે.

# પારડીના આઈ હોસ્પિટલમાં ફ્રી આઈ ચેકઅપ કેમ્પ યોજાયો




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૧ :** પારડી માં આવેલ અનુ આઈ હોસ્પિટલ ખાતે ફ્રી આઈ ચેકઅપ કેમ્પ યોજાયો હતો પારડીમાં અનુ આંખની હોસ્પિટલના ૩૫ વર્ષ પૂર્ણ થતા મફત આંખની તપાસ નો કેમ્પમાં મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો. મામલતદાર કિરણસિંહ રાણા, પોલીસ મથકના પી આઈ જી.આર.ગઢવી ની ઉપસ્થિતિમાં દીપ પ્રગટાવી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કેમ્પ માં ૫ થી ૧૮ વર્ષના બાળકો માટે મફત ચશ્માની તપાસ, દરેક ચશ્મા ઉપર ૫૦ ટકા ડિસ્કાઉન્ટ તેમજ બીપીએલ કાર્ડ ધારકોને કેમ્પમાં નોંધણી થયેલા મોતિયાના ઓપરેશન માત્ર રૂ. ૫૦૦૦ માં, તેમજ આંખોના અન્ય ઓપરેશન ઉપર ૩૦થી ૪૦ ટકા ડિસ્કાઉન્ટ, ગરીબ દર્દીઓને સંપૂર્ણ મફત સારવાર સાથે કેમ્પ માં ડો. ઉષા હેરંજલ અને ROP અને રેટિના સ્પેશિયાલિસ્ટ ડો. અભિષેક હેરંજલ, ડો. રાધિકા હેરંજલ, ડો. શ્યામ હેરંજલ ની ટીમે સેવા આપી હતી ડો. અભિષેક હેરંજલ એ જણાવ્યું હતું કે અહીં અભીશ્યામ ફાઉન્ડેશન દ્વારા ડિસ્કાઉન્ટ સાથે ઓપરેશન કરવામાં આવશે. જેઓને સમયસર નિદાન ન મળ્યું તેવા દર્દીઓ કેમ્પમાં જોવા મળ્યા હતા. અનુ આઈ હોસ્પિટલમાં ૨૦ ટકા ડિસ્કાઉન્ટ સાથે રેટિના સર્જરી, ઓસિટી, ડાયાબિટીક લેસર, ગ્લુકોમા વર્કઅપ, ગ્લુકોમા સર્જરી વગેરે કરવામાં આવશે. આ કેમ્પમાં પારડી મામલતદાર કિરણસિંહ રાણા, પોલીસ મથકના પીઆઈ જી.આર.ગઢવી, બ્રહ્મકુ મારી પારૂલદીદી, શરદભાઈ દેસાઈ વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહી શુભકામના આપતા આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ડો. જશવંતભાઈ પટેલનું સાલ ઓઢાડી ડો. ઉષા હેરંજલ અને ડો. શશી હેરંજલ એ સન્માન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અનુજા શાહ એ કર્યું હતું.

# મોતીવાડા ગ્રા.પં.માં ઉપસરપંચ બિનહરીફ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૧ :** પારડીના મોતીવાડા ગ્રામ પંચાયતના ઉપસરપંચ પદે ડેગીસ આહીર બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે પારડી તાલુકાના મોતીવાડા ગ્રામ પંચાયત ખાતે પારડી તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારી રાજુભાઈ નાયકના અધ્યક્ષ સ્થાને ઉપસરપંચની ચૂંટણી યોજાઈ હતી જેમાં ડેગીસ સુનિલભાઈ આહીર નું એકમાત્ર ઉમેદવારી ફોર્મ ભરાતા ઉપસરપંચ તરીકે બિનહરીફ ચૂંટાયા હતા. આ અંગે સરપંચ જયસુખ નાયકા એ જણાવ્યું હતું કે મોતીવાડા ગ્રામ પંચાયતમાં ત્રણ વર્ષમાં ડેપ્યુટી સરપંચ તરીકે પ્રથમ તેજલબેન, જે બાદ બે વર્ષ માટે જીતેશ આહીર અને હાલ ડેગીસ આહિર ને ઉપસરપંચ માટે સર્વાનુમતે મંજુર કરતા બિનહરીફ વરણી કરવામાં આવી હતી. નવા ઉપસરપંચ ડેગીસ આહીરે જણાવ્યું હતું કે મોતીવાડા ગ્રામ પંચાયતમાં સૌ સાથે મળી વિકાસના કામો કરતા આવ્યા છે અને આગામી દિવસોમાં પણ પંચાયતમાં કોઈપણ સભ્યના મતભેદ વગર ખભે થી ખભા મિલાવી કામગીરી કરતા રહીશું હોવાનું જણાવ્યું હતું. આ ચૂંટણીમાં તલાટી શીતલબેન ટંડેલ, પંચાયતના સભ્યો વગેરે હાજર રહ્યા હતા.

# ધગડમાળ પ્રા. શાળા અને આશ્રમ શાળાના મકાનનું લોકાર્પણ કરાયું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૧ :** પારડી તાલુકાના ધગડમાળ ગામમાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાના નવનિર્મિત આધુનિક મકાન અને આશ્રમશાળાના આધુનિક મકાનનું લોકાર્પણ કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ અને ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું આ બંને મકાનની આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થતા આ વિસ્તારના નાના ભૂલકાઓને શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ સ્માર્ટ ક્લાસ અને અન્ય સુવિધાઓ પ્રાપ્ત થશે



ધગડમાળ પ્રાથમિક શાળા નવનિર્મિત વિદ્યામંદિરનો લોકાર્પણ કાર્યક્રમ ઉદ્ઘાટન કેબીનેટ મંત્રી કનુભાઈ દેસાઈ,પૂર્વ મંત્રી અને કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી ની ઉપસ્થિતિ માં કરવામાં આવ્યું હતું ગુજરાત સરકારના નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે રાજયમાં શિક્ષણ વ્યવસ્થામાં નોંધપાત્ર સુધારો થયો છે. તેમણે વિશેષ રૂપે સ્માર્ટ ક્લાસ સુવિધાઓનો ઉલ્લેખ કરતાં કહ્યું કે હવે શાળાઓ આધુનિક શિક્ષણ પદ્ધતિઓ અપનાવી રહી છે, જે વિદ્યાર્થીઓ માટે વધુ અસરકારક સાબિત થઈ રહ્યું છે. શાળાઓમાં તમામ જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સરકાર પ્રતિબદ્ધ છે. સ્માર્ટ ક્લાસરૂમ, ડિજિટલ અને આધુનિક પદ્ધતિઓ દ્વારા શિક્ષણની ગુણવત્તામાં વધારો થયો છે. આ પ્રયાસોના કારણે વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સ્તર ઊંચું થશે અને તેઓ વૈશ્વિક સ્પર્ધામાં આગળ વધી શકશે. રાજ્ય સરકાર દ્વારા સતત શૈક્ષણિક સુધારાઓ કરવામાં આવી રહ્યા છે, જેથી ગુજરાતનું શિક્ષણવિભાગ વધુ મજબૂત બની શકે. પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ સુધી નવીન ટેક્નોલોજીના ઉપયોગથી શિક્ષણને વધુ અસરકારક અને સુલભ બનાવવાનું લક્ષ્ય છે.પૂર્વ મંત્રી અને કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું હતુ કે કેન્દ્ર અને ગુજરાત સરકાર પ્રાથમિક શાળાઓ માટે મકાન અને અન્ય આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે સતત પ્રયત્નશીલ છે. સરકારનું મુખ્ય ઉદ્દેશ્ય પ્રાથમિક શિક્ષણને વધુ મજબૂત બનાવવું છે જેથી ભવિષ્યમાં બાળકોને સારી તકો મળી શકે.તેમણે જણાવ્યું કે શિક્ષણક્ષેત્રે સુવિધાઓ વિકસાવવી એ સરકારની પ્રાથમિકતા છે, અને આ દિશામાં શાળાઓ માટે શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવામાં આવી રહ્યું છે. માત્ર ભવન બનાવવાનું જ નહીં, પણ શાળાઓમાં સારાં શિક્ષકો, જળસંચય, શૌચાલય અને ડિજીટલ લર્નિંગ જેવી આધુનિક સુવિધાઓ વિકસાવવી એ પણ સરકારનું લક્ષ્ય છે.જીતુભાઈ ચૌધરીએ વધુમાં ઉમેર્યું કે સરકારે સર્વાંગી વિકાસ માટે લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અનેક યોજનાઓ શરૂ કરી છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ પ્રાથમિક શિક્ષણ મજબૂત બને અને દરેક બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે સરકાર ખાસ પ્રોજેક્ટ્સ અમલમાં મૂકી રહી છે. જિલ્લા પંચાયત સદસ્ય શૈલેષભાઈ પટેલે સમારંભ દરમિયાન ઉપસ્થિત મહેમાનોનું સન્માન અને સ્વાગત કર્યું હતું. પોતાના પ્રવચનમાં તેમણે જણાવ્યું કે ગુજરાતમાં ભાજપ સરકાર સતત વિકાસપ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપી રહી છે.તેમણે ઉમેર્યું કે રાજ્યમાં વિવિધ પ્રોજેક્ટોના ખાતમૂહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવી રહ્યા છે, જેનાથી સામાન્ય જનતાને નવી સુવિધાઓનો લાભ મળશે. ગુજરાત સરકારની આ પહેલ વિકાસની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.

શૈલેષભાઈ પટેલે તમામ મહેમાનો અને હાજર જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ડુંગરીમાં કોળી સમાજ પ્રિમિયમ લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૧ :** પારડીતાલુકાના ડુંગરી ગામમાં આવેલ શ્રી રામ ક્રિકેટ ગ્રાઉન્ડમાં દક્ષિણ વિભાગ કોળી સમાજ પ્રીમિયમ લીગ ૨૦૨૫ સીઝન ૫ ક્રિકેટ ટુર્નામેન્ટ નો પ્રારંભ કરવામાં આવ્યો છે આ ટુર્નામેન્ટ સતત રામનવમી સુધી યોજાશે અને રામનવમીના દિવસે ફાઈનલ મેચ રમવામાં આવશે અહીં દક્ષિણ વિભાગ કોળી સમાજ ના યુવા ખેલાડીઓ વચ્ચે રોમાંચક ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો આ -રંભ દરમિયાન કોળી પટેલ સમાજના અગ્રણી દિનેશભાઈ પટેલ ઉત્તમભાઈ પટેલ ખંડુભાઈ પટેલ, હેમંતભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, સમયભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ, ડુંગરી ગામના સરપંચ રવિન્દ્રભાઈ પટેલ સહિત કોળી પટેલ સમાજના આગેવાનો યુવાનો ઉપસ્થિત રહ્યા હતા અને ટુર્નામેન્ટની શુભ શરૂઆત કરાવી હતી.

આ ટુર્નામેન્ટ રામનવમી સુધી ચાલશે અને રામનવમીના દિવસે ફાઈનલ મેચ રમવામાં આવશે આ ટુર્નામેન્ટમાં ૧૦૦ થી વધુ કોળી પટેલ સમાજના જુદા જુદા ગામોમાં રહેતા ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે જેમને ઓનર દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યા છે ખૂબ જ રોમાંચક પૂર્ણ ટુર્નામેન્ટ યોજાઈ રહી છે દર વર્ષની જેમ આ વર્ષે પણ કોળી પટેલ સમાજના યુવાનો વચ્ચે એકતા રહે અને ક્રિકેટની ખેલ દિલ રહે એવા હેતુથી આ ટુર્નામેન્ટનો ભવ્ય આરંભ કરવામાં આવ્યો છે.

# ઉમરસાડીના પ્રતિકકુમાર પીએચડી થયા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૧ :** પારડી તાલુકાના ઉમરસાડી માછીવાડ ગામના પ્રતિકકુમાર જે. ટંડેલ પી. એચ. ડી. ની ડિગ્રી હાંસલ કરી ગામનું અને તાલુકાનું ગૌરવ વધાર્યું છે વલસાડ જિલ્લા, પારડી તાલુકા, ઉમરસાડી માછીવાડ ગામ ગોલ્ડન ફળિયાના વતની હાલ સરિતા સાગરમાં વસવાટ કરતા પ્રતિકકુમાર જે. ટંડેલ કેન્દ્ર શાસિત પ્રદેશોના વ્યાયામ શિક્ષકોના યોગ પ્રત્યેના વલણોનો અભ્યાસ વિષય પર તૈયાર કરેલા મહાશોધ નિબંધને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરાએ માન્યતા રાખીને ડૉકટર ઓફ ફિલોસોફીની પદવી એનાયત કરવામા આવી છે. આ મહાશોધ નિબંધ આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. વિજયકુમાર. એન. સોલંકી સાહેબના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો. સતત પરિશ્રમ કરીને ભગવાન યોગેશ્વર અને પાંડુરંગ શાસ્ત્રી (દાદાજી )ના આશીર્વાદથી આ ( Ph. D. ) ની ડિગ્રી હાંસલ કરી છે. સ્વાધ્યાયના રંગે રંગાયેલા સંસ્કારી કુટુંબમાં જન્મેલા પિતા જયકિશનભાઈ ટંડેલ તથા માતા જશોદાબેન જે. ટંડેલના પુત્ર પ્રતિકકુમાર જે. ટંડેલ સાદગી ભર્યું જીવન નિર્વાહ કરે છે.

સ્વભાવે નિખાલસતા જોવા મળે છે. આમ પી.એચ.ડી. ની ડિગ્રી પ્રાપ્ત કરવા બદલ પ્રતિક ટંડેલને શ્રી વિદ્યાર્થી પ્રગતિ મંડળ, શ્રી માછી મહાજનપંચ તથા ટીચર્સ સોસાયટીના સભ્યશ્રીઓ તથા સમગ્ર ગામે પ્રતિક ટંડેલને અભિનંદન પાઠવ્યા હતાં.

# સુખેશમાં મન કી બાત કાર્યક્રમ નિહાળ્યો



**પારડી, તા.૦૧ :** પારડી તાલુકાના સુખેશ ગામમાં તાજેતરમાં જ પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદી પ્રેરિત મન કી બાત કાર્યક્રમ ની ઉજવણી પારડી તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા કરવામાં આવી હતી જેમાં પારડીના ધારાસભ્ય અને નાણામંત્રી કનુભાઈ દેસાઈ સહિત ભારતીય જનતા પાર્ટીના હોદેદારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદી ના મન કી બાત કાર્યક્રમને સાંભળ્યો હતો.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Wednesday 02, April 2025


## દેશ ધર્મશાળા નથી

અમેરિકા સહિત દુનિયાભરમાં જ્યારે ગેરકાયદે પ્રવાસીને લઈને ચર્ચા ગરમ છે અને દરેક દેશ પોતાને ત્યાં રહેતા ગેરકાયદે નાગરિકોને હાંકી કાઢવા માટે પ્રયાસરત છે, ત્યારે ભારતમાં પ્રવાસન નીતિને લઈને વિધેયક પર ચર્ચા ધ્યાન ખેંચનારી રહી. આઝાદી બાદથી ભારત બહારથી આવનારા લોકો માટે આ દેશ ધર્મશાળા જેવો બની રહ્યો. તેનું કારણ છે કે ભારતથી અલગ થયેલા પાકિસ્તાન, બાંગ્લાદેશ ઉપરાંત પડોશી નેપાળ, ભુટાન, મ્યાંમાર, શ્રીલંકા, અફઘાનિસ્તાનથી લોકો ભારત આવીને રહેતા-વસતા રહ્યા. ભારત બહારના નાગરિકો માટે એક સુરિક્ષત દેશ રહ્યો છે, પરંતુ આજે સ્થિતિ બદલાઈ રહી છે. ખોટી દાનતથી આવનારા પ્રવાસી, ગેરકાયદે નાગરિકો ભારત માટે સમસ્યા બનતા જાય છે. ભારતની ડેમોગ્રાફીમાં બદલાવની દાનતથી, આતંકવાદ, ઉપદ્રવ, અશાંતિ ફેલાવવાના ઉદ્દેશ્યથી લોકો આવવા લાગ્યા છે, જે ભારત માટે ચિંતાની વાત છે. ગૃહમંત્રી અમિત શાહે સંસદમાં ‘આ-વાસ અને વિદેશીઓ વિષયક વિધેયક, ૨૦૨૫’ પર ચર્ચા દરમ્યાન જવાબમાં બે સ્પષ્ટ સંદેશ આપ્યા છે કે ‘ભારત કોઈ ધર્મશાળા નથી કે ગમે તે અહીં આવીને રહી જાય, અશાંતિ માટે આવનારા લોકો સામે સરકાર કઠોરતા રાખશે.’

જોવામાં આવ્યું છે કે દેશમાં ગેરકાયદે ઘૂસણખોરી કરનારા આતંકવાદ, હિંસા, ડ્રગ્સ તસ્કરી વગેરેમાં સંડોવાયેલા રહે છે, જે દેશની શાંતિમાં ખલેલનું કારણ બની રહ્યા છે. ભારત સરકારની પ્રવાસન નીતિ કઠોરતા અને કરુણાનું મિશ્રણ છે. નવા વિધેયકમાં જોગવાઈ છે કે ભારતમાં વેપાર, શિક્ષણ અને શોધ માટે આવનાર લોકોનું સ્વાગત થશે, પરંતુ ખોટા ઉદ્દેશ્યથી અને અશાંતિ ફેલાવવાના મનસૂબા સાથે દાખલ થનારાઓ સામે કઠોરતા રાખવામાં આવશે.શાંતિ અને સુરક્ષા માટે આ નીતિ જરૂરી છે. ભારતમાં કોણ આવે છે અને કેટલાય સમય માટે ıવે છે, દેશની સુરક્ષા માટે સરકારને એ જાણવાનો અધિકાર છે. દુનિયાના તમામ દેશોમાં બહારતી આવનારા લોકો માટે કઠોર નિયમ છે. ભારત પણ આ દિશામાં આગળ વધી રહ્યું છે, જે સકારાત્મક છે. ભારતે અત્યાર સુધી શરણાર્થી સંબંધી આંતરરાષ્ટ્રીય સંધિ પર હસ્તાક્ષર નથી કર્યા. તેની પાછળ સરકારની દલીલ છે કે પાંચ હજાર વર્ષથી પ્રવાસીઓ વિશે ભારતનો ટ્રેક રેકોર્ડ બેદાગ રહ્યો છે અને દેશને કોઈ શરણાર્થી નીતિની જરૂર નથી. ભારતનો શરણાર્થીઓ પ્રત્યે એક ઈતિહાસ રહ્યો છે. પારસી ભારતમાં આવ્યા. ઈઝરાયલથી યહૂદી ભારતમાં આવી રહ્યા છે. કાળક્રમમાં અનેક લોકો વસવાની દૃષ્ટિએ આવ્યા. પરંતુ હવે સ્થિતિ બદલાઈ છે, અશાંતિ ફેલાવનારાં તત્ત્વોને રોકવાં જરૂરી છે. આખી દુનિયાના અર્થતંત્રની યાદીમાં ભારત એક ‘બ્રાઈટ સ્પોટ’ બનીને ઉભર્યું છે, એક વિનિર્માણ કેન્દ્ર બનીને ઉભર્યું છે અને એવામાં દેશમાં આવનારા લોકોની સંખ્યા વધશે. ભારતના વિકાસમાં યોગદાન કરવા માટે આવનારા દેશ માટે ઉપયોગી ગણાશે, પરંતુ અસ્થિરતા અને અશાંતિ ફેલાવવા કોઇ આવશે તો તેમને કઠોરતાથી કચડી નાખવા જરૂરી છે. બાંગ્લાદેશ અને રોહિંગ્યા ઘૂસણખોરો કઈ રીતે સરકાર માટે સંકટ બન્યા છે તે કોઈથી છૂપું નથી. ભારત છ પડોશી દેશોના પ્રતાડિત લોકોને નાગરિકતા સંશોધન કાયદા (સીએએ)ના માધ્યમથી નાગરિકતા આપી રહ્યું છે. ભારતને એક સુરિક્ષત અને નાગરિક વિનિયમન રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરવું જરૂરી છે. નાગરિકતાને લઈને ભારતની સોફ્ટ પાવર છબિને બદલીને કઠોર નિરીક્ષણ સાથે નિયમ આધારિત બનાવવી જ જોઇએ. નાગરિકતા પર રાજનીતિ ન થવી જોઇએ.

### લોકસભામાં તમામ સાંસદ હાજર રહે’, ભાજપે જાહેર કર્યું વ્હિપ

# આજે વક્ફ સંશોધન બિલ લોકસભામાં રજૂ કરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવીદિલ્હી,તા.૧ : વક્ફ સંશોધન બિલ બીજી એપ્રિલે લોકસભામાં રજૂ કરવામાં આવશે. બિલ પર ચર્ચા માટે ૧૨ કલાકના સમયની માંગ કરવામાં આવી હતી, જોકે છેવટે ચર્ચા માટે ૮ કલાકનો સમય નક્કી કરવામાં આવ્યો છે. પ્રશ્નકાળ બાદ બિલ પર ચર્ચા શરૂ થશે. ચર્ચા બાદ આવતીકાલે જ બિલ પસાર કરવા અંગે પણ નિર્ણય લેવાઈ શકે છે. આ માટે ભારતીય જનતા પાર્ટી એ તેના તમામ લોકસભા સાંસદોને ૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ સંસદમાં હાજર રહેવા માટે વ્હિપ જાહેર કર્યું છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, આ જોતાં કોંગ્રેસે હજુ સુધી એ નક્કી નથી કર્યું કે પ્રિયંકા ગાંધી કે રાહુલ ગાંધી આવતીકાલે લોકસભામાં વક્ફ ચર્ચા પર બોલશે કે નહીંતેલુગુ દેશમ પાર્ટી દ્વારા સૂચવવામાં આવેલા ત્રણેય સુધારાને વક્ફ (સુધારા) બિલમાં સ્વીકારવામાં આવ્યા છે. આ સાથે ટીડીપીએ બિલને સંપૂર્ણ સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે. આવતીકાલે પાર્ટી લોકસભામાં બિલના સમર્થનમાં મતદાન કરશે. આ સાથે જેડીયુના પ્રસ્તાવનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે. તેથી હવે એવું માનવામાં આવી રહ્યું છે કે નીતીશ કુમારની પાર્ટી પણ લોકસભામાં વક્ફ સંશોધન બિલને સમર્થન આપી શકે છે. ૧.
ટીડીપી દ્વારા સૂચવવામાં આવેલા ત્રણેય સુધારામાં ’વક્ફ બાય યુઝર’ સંબંધિત જોગવાઈમાં સુધારો કરવાની દરખાસ્ત કરી હતી, જે મુજબ, ’વક્ફ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ના અમલમાં આવતા પહેલા જે પણ વક્ફ દ્વારા યુઝર પ્રોપર્ટીની નોંધણી કરવામાં આવી છે, તે વક્ફ પ્રોપર્ટી તરીકે ચાલુ રહેશે, સિવાય કે મિલકત વિવાદિત હોય અથવા સરકારી મિલકત હોય.’ આ સુધારો બિલમાં સામેલ કરવામાં આવ્યો છે. ૨. ૨. તેમજ ટીડીપીએ એવી પણ દરખાસ્ત કરી હતી કે વક્ફના મામલામાં કલેક્ટરને અંતિમ સત્તા તરીકે ધ્યાનમાં લેવાને બદલે, રાજ્ય સરકાર કલેક્ટર કરતાં ઉચ્ચ અધિકારીની નિમણૂક કરતું જાહેરનામું બહાર પાડી શકે છે, જે કાયદા મુજબ તપાસ કરશે. હવે આ સુધારો પણ બિલનો ભાગ બની ગયો છે. ૩. ૩. ત્રીજો મોટો સુધારો ડિજિટલ ડોક્યુમેન્ટની સમય મર્યાદા વધારવા સંબંધિત હતો. હવે, જો ટ્રિબ્યુનલને વિલંબનું વાજબી કારણ સંતોષકારક લાગશે, તો વક્ફને ડિજિટલ ડોક્યુમેન્ટ સબમિટ કરવા માટે વધારાના ૬ મહિનાનો સમય મળશે. ટીડીપીના સુધારાને સ્વીકાર્યા બાદ પાર્ટીએ આ બિલના સમર્થનમાં મતદાન કરવાનો નિર્ણય લીધો છે.
૫. લોકસભાના સ્પીકર ઓમ બિરલાની અધ્યક્ષતામાં બિઝનેસ એડવાઈઝરી કમિટી ની બેઠકમાં વક્ફ સુધારા બિલ પર ચર્ચા કરવામાં આવી હતી. પરંતુ મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની નિંદા કરતા વૈધાનિક ઠરાવ પર ચર્ચા કરવાની હોવાથી વક્ફ બિલ માટે ૮ કલાકથી વધુ સમય આપી શકાય નહીં.

## જમ્મુ-કાશ્મીરના કઠુઆમા એક પરિવારના ઘરમાં આતંકીઓ ઘૂસ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
જમ્મુ કાશ્મીર,તા.૧ : જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં સેના અને આતંકવાદીઓ વચ્ચે ચાલી રહેલ અથડામણ નિર્ણાયક તબક્કે છે. દરમિયાન, મંગળવારે એક પરિવાર આગળ આવ્યો અને તેમની આપવીતી જણાવી હતી. આ આતંકવાદીઓ કઠુઆમાં આ પરિવારના ઘરમાં બળજબરીથી ઘૂસ્યા હતા. આતંકવાદીઓ ખૂબ ભૂખ્યા હતા. પાણી માંગવાના બહાને ત્રણેય આતંકીઓએ ઘરનો દરવાજો ખખડાવ્યો હતા. ત્યારબાદ તેઓ બળજબરીથી અંદર ઘૂસ્યા અને હથિયારોની મદદથી બધાને કાબૂમાં લીધા બાદ રસોડામાં હાજર ખોરાક પર તૂટી પડ્યા હતા. કોઈક રીતે આ પરિવાર પોતાનો જીવ બચાવવા માટે પોતાના જ ઘરમાંથી ભાગવામાં સફળ રહ્યો હતો.

પરિવારે સુરક્ષા દળોને જણાવ્યું કે ગઈકાલે સાંજે ત્રણ શંકાસ્પદ આતંકવાદીઓ તેમના ઘરમાં ઘૂસ્યા હતા. ત્રણેય ભૂખ્યા અને તરસ્યા હતા. તે પહેલા ઘરની બહાર પહોંચ્યા અને પાણી માંગ્યું, પછી બળજબરીથી રસોડામાં ઘૂસી ગયો. પરિવારની મહિલા સભ્યએ કહ્યું કે તે મને પૈસા આપતો હતો પણ મેં લીધા નથી. આ પછી, તે રસોડામાં ગયો અને શાકભાજી અને રોટલી જાતે જ ખાવા લાગ્યો. અમે તેને ઘણી વાર કહ્યું કે અમારા ઘરની અંદર ન જાવ પણ તે માન્યા નહીં. મહિલાના કહેવા પ્રમાણે તે ૫૦૦-૫૦૦ રૂપિયાની ભારતીય ચલણી નોટો આપતો હતો. તેની પાસે ભારે બેગ હતી અને તેણે કાળા કપડા પહેર્યા હતા. અમે ડરીને ઘર છોડીને ભાગ્યા. લગભગ એક કલાક પછી તેણે રસોડામાં જે મળ્યું તે ખાઈ લીધું અને ચાલ્યા ગયા હતા.

સોમવારે મોડી રાતથી કઠુઆમાં ભારતીય સેના અને આતંકીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. સુરક્ષા દળોએ એક આતંકીને ઠાર કર્યો છે. બાકીની શોધખોળ ચાલુ છે.

માનવામાં આવે છે કે જંગલોમાં કુલ ત્રણથી ચાર આતંકીઓ હોઈ શકે છે.સુરક્ષા દળોનો દાવો છે કે છેલ્લા ૮ દિવસમાં આતંકીઓ સાથે આ તેમની ત્રીજી અથડામણ છે. આ પરિવારના ઘરમાં બળજબરીથી ખોરાક લીધા બાદ સુરક્ષા દળોએ તેમની શોધમાં આસપાસના વિસ્તારોમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ દરમિયાન આતંકીઓ તરફથી ફાયરિંગ પણ થયું હતું. તપાસ ટીમે કહ્યું કે રામકોટ બેલ્ટના પંજતીર્થી વિસ્તારમાં હજુ પણ ઓપરેશન ચાલુ છે. એન્કાઉન્ટરને ધ્યાનમાં રાખીને, જંગલમાં ફસાયેલા ત્રણ આતંકવાદીઓને ભાગી ન જાય તે માટે રાત્રે કોર્ડન કરવામાં આવ્યું હતું.

## ભારતમાં વીજળીની માંગ ૯થી ૧૦% વધી શકે છે

### ત્રણ મહિના ભીષણ ગરમીનું એલર્ટ, ૧૬ રાજ્યોમાં હીટવેવની અસર દેખાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧
એપ્રિલથી જૂન સુધી ભારતમાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા હોવાથી લોકોએ 3 મહિના સુધી તીવ્ર ગરમીનો સામનો કરવો પડશે. ભારતીય હવામાન વિભાગ (IMD)એ આગાહી કરતા જણાવ્યું હતું કે, મધ્ય અને પૂર્વ ભારત તેમજ ઉત્તર-પશ્ચિમમાં સામાન્ય કરતાં વધુ દિવસ સુધી હીટવેવની અસર જોવા મળશે. IMDના વડા મૃત્યુંજય મહાપાત્રાએ આગાહી કરતા જણાવ્યું હતું કે, દેશના મોટાભાગના ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા વધારે રહેશે. જોકે, પશ્ચિમ અને પૂર્વ ભારતના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય રહી શકે છે. મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન પણ સામાન્યથી ઉપર રહેશે.ગરમીના દિવસોની સંખ્યા બમણી: મહાપાત્રાના જણાવ્યા અનુસાર એપ્રિલથી જૂન દરમિયાન ઉત્તર અને પૂર્વ ભારત, મધ્ય ભારત અને ઉત્તરપશ્ચિમ મેદાનોમાં સામાન્ય કરતાં બેથી ચાર દિવસ હીટવેવની વધુ અસર જોવા મળી શકે છે. સામાન્ય રીતે આ સમયગાળા દરમિયાન ભારતમાં ચારથી સાત દિવસ તીવ્ર ગરમીનો અનુભવ થાય છે.16 રાજ્યોમાં સૌથી વધુ અસર દેખાશે: અગાઉ IMDના એક અધિકારીએ પણ કહ્યું હતું કે, સામાન્ય રીતે ઉનાળા દરમિયાન 5-6 દિવસ એવા હોય છે જ્યારે સૌથી વધારે ગરમી પડતી હોય છે. પરંતુ આ વખતે ઉત્તર-પશ્ચિમ ભારતમાં હીટવેવના દિવસોથી સંખ્યા બમણી થઈ શકે છે. રાજસ્થાન, ગુજરાત, હરિયાણા, પંજાબ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, છત્તીસગઢ, તેલંગાણા, આંધ્રપ્રદેશ ઉપરાંત કર્ણાટક અને તમિલનાડુના ઉત્તરીય ભાગોમાં ગરમીના દિવસો સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે.એપ્રિલમાં ભારતના મોટાભાગના ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે. જોકે, દક્ષિણ અને ઉત્તરપશ્ચિમ પ્રદેશોના કેટલાક વિસ્તારોમાં સામાન્ય તાપમાન રહી શકે છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે આ ઉનાળામાં ભારતમાં વીજળીની માંગ 9થી 10% વધી શકે છે, કારણ કે ગરમીના દિવસોની સંખ્યા વીજળીના વપરાશમાં વધારો કરશે. ગયા વર્ષે 30 મેના રોજ દેશની વીજળીની માંગ 250 ગીગાવોટ(GW)થી વધુ પહોંચી ગઈ હતી, જે અપેક્ષા કરતા 6.3% વધુ હતી. આબોહવા પરિવર્તનને કારણે વધતી ગરમી વીજળીની માંગમાં વધારો થવાનું મુખ્ય કારણ બની રહી છે.

## ઉત્તરાખંડમાં ૧૭ સ્થળોના નામ બદલાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઉત્તરાખંડ,તા.૧ :
ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ હરિદ્વાર, દહેરાદૂન, નૈનિતાલ અને ઉધમ સિંહ નગર જિલ્લામાં સ્થિત વિવિધ સ્થળોના નામો બદલવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું છે કે આ નામકરણ લોકોની ભાવના અને ભારતીય સંસ્કૃતિ અને વારસા અનુસાર કરવામાં આવી રહ્યા છે. આનાથી લોકો ભારતીય સંસ્કૃતિ અને તેના સંરક્ષણમાં યોગદાન આપનારા મહાપુરુષો પાસેથી પ્રેરણા લઈ શકશે.

**હરિદ્વાર જિલ્લો**

ઔરંગઝેબપુર - શિવાજી નગર, ગાઝીવાલી - આર્યનગર, ચાંદપુર- જ્યોતિબા ફૂલે નગર, મોહમ્મદપુર જાટ - મોહનપુર જાટ, ખાનપુર કુરસાલી – આંબેડકર નગર, ઈદ્રીશપુર- નંદપુર, ખાનપુર - શ્રી કૃષ્ણપુર, અકબરપુર ફાજલપુર - વિજય નગર

**દેહરાદૂન જિલ્લો**

મિયાંવાલા - રામજીવાલા, પીરવાલા - કેસરી નગર, ચાંદપુર ખુર્દ - પૃથ્વીરાજ નગર, અબ્દુલ્લાહપુર-દક્ષનગર

**નૈનિતાલ જિલ્લો**

નવાબી રોડ - અટલ માર્ગ, પવનચક્કીથી આઈટીઆઈ રોડ - ગુરુ ગોવલકર રોડ, ઉધમ સિંહ નગર જિલ્લો, મ્યુનિસિપલ કાઉન્સિલ સુલતાનપુર પટ્ટી- કૌશલ્યા પુરી, મુખ્યમંત્રીએ તેમના X હેન્ડલ પર પોસ્ટ કર્યું લિસ્ટ, સીએમ ધામીએ તેમના ઠ હેન્ડલ પરથી આ લિસ્ટ પોસ્ટ કર્યું છે. લિસ્ટમાં જોઈ શકાય છે કે કયા સ્થળોના નામ બદલવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે હરિદ્વાર જિલ્લાનું ઔરંગઝેબપુર હવે શિવાજી નગર તરીકે ઓળખાશે. લોકોની લાગણીઓ અનુસાર, હરિદ્વાર, દહેરાદૂન, નૈનિતાલ અને ઉદ્ધમ સિંહ નગર જિલ્લામાં સ્થિત વિવિધ સ્થળોના નામ બદલવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે મુઘલ સમ્રાટ ઔરંગઝેબને લઈને દેશમાં ઘણી ચર્ચા ચાલી રહી છે.

## ચીન અને બાંગ્લાદેશનો લશ્કરી-આર્થિક સહયોગ ભારત માટે ચિંતાજનક

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧
બાંગ્લાદેશમાં લશ્કરના બળવાની ભીતિ વચ્ચે વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસ માટે સત્તા ટકાવવાનું અઘરું બન્યું છે. ઘર આંગણે આર્થિક બેહાલી અને ભૂખમરાની સ્થિતિ વિકટ બની રહી હોવાથી યુનુસની હાલત પણ પૂર્વ વડાપ્રધાન શેખ હસીના જેવી થવાની આશંકાઓ છે. ચારે તરફથી સંકટોમાં ઘેરાયેલા યુનુસે ચીનના ખોળે માથુ નમાવી દીધું છે. બાંગ્લાદેશના સમુદ્ર અને જમીન પર વિસ્તાર અંકુશ જમાવવા યુનુસે ચીનને ખુલ્લુ આમંત્રણ આપ્યું છે. સત્તા ટકાવી રાખવા ગમે તે હદે જવાની તૈયારી દર્શાવતા યુનુસે ચીનની આંગળી પકડી બાંગ્લાદેશના અર્થતંત્રને ધબકતું કરવાના સપના બતાવ્યા છે. આ સાથે તેમણે ભારતની મુશ્કેલીમાં મૂકવાના બદઈરાદા પણ જાહેર કર્યા છે. બાંગ્લાદેશને ચીનનું ખંડિયું રાષ્ટ્ર બનાવવાની સત્તાવાર જાહેરાત જ બાકી રાખી હોય તેમ યુનુસે કહ્યું હતું કે, ભારતના સાત ઉત્તરપૂર્વી રાજ્યો લેન્ડલોક્ડ (જમીન પ્રદેશ) છે. દરિયા સુધી પહોંચવાનો રસ્તો તેમની પાસે નથી. દરિયો બાંગ્લાદેશ પાસે છે અને આ વિસ્તારના દરિયાનું રક્ષક માત્ર બાંગ્લાદેશ છે. તેથી આ પ્રદેશ સુધી ચીન પોતાના અર્થતંત્રનો વિસ્તાર વધારી શકે છે. ઈમારતોના નિર્માણ, ઉત્પાદન એકમો બનાવીને ચીન પૂરી દુનિયાના બજાર સુધી પહોંચી શકે છે. ચીનની ચાર દિવસની મુલાકાતે ગયેલા યુનુસના વીડિયોએ સોશિયલ મીડિયા પર ચકચાર જગાવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આર્થિક સલાહકાર સમિતીના સભ્ય સંજીવ સાન્યાલે યુનુસના આ વીડિયો અંગે પ્રતિક્રિયા આપતાં એક્સ પોસ્ટમાં જણાવ્યુ હતું કે, ભારતના ૭ રાજ્ય લેન્ડ-લોક્ડ હોવાનું કારણ દર્શાવી યુનુસે ચીનને જાહેર અપીલ કરી છે. બાંગ્લાદેશમાં ચીન રોકાણ કરે તે આવકાર્ય હોઈ શકે, પરંતુ ભારતના ૭ રાજ્યોના ઉલ્લેખનું મહત્ત્વ શું છે? ભૂખમરા અને રાજકીય અનિશ્ચિતતામાંથી પસાર થઈ રહેલા બાંગ્લાદેશને લોલિપોપ આપવા ચીને નાણાં કોથળી ખુલ્લી મૂકી છે. બાંગ્લાદેશને ૯૦૦ મિલિયન ડોલરની સહાય જાહેર કરાઈ છે. આ સાથે દરિયાઈ વિસ્તારોમાં લશ્કરી-આર્થિક સહયોગ વધારવાના ઈરાદા પણ બંને દેશે જાહેર કર્યા છે. ચીનમાં પહોંચેલા યુનુસની અવળવાણી અંગે ભારત તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી, પરંતુ બાંગ્લાદેશમાં ઉકળતા ચરૂ જેવી સ્થિતિમાં ચીનને મેદાને ઉતારવાના યુનુસના મરણિયા પ્રયાસે ચિંતા જરૂર વધારી છે.

### મૃત્યુઆંક હજુ પણ વધવાની આશંકા

## ડીસામાં ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટઃ ૨૧ શ્રમિકોના મોત,

(સંપૂર્ણ સમાચાર સેવા)
બનાસકાંઠા,તા.૧ :બનાસકાંઠાના ડીસામાં પર ફટાકડાની ફેક્ટરીમાં ભીષણ બ્લાસ્ટ અને આગના કારણે અનેક શ્રમિકોએ જીવ ગુમાવ્યા છે. ૧૮ શ્રમિકો બાદ વધુ ૩ શ્રમિકોના મૃતદેહ મળી આવતા મૃત્યુઆંક ૨૧ પર પહોંચ્યો છે. ફટાકડાની ફેક્ટરીમાં પ્રચંડ બ્લાસ્ટ થયા બાદ આગ ફેલાઈ હતી. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે ગોડાઉન ધરાશાયી થઈ ગયું અને કામ કરી રહેલા શ્રમિકોના શરીરના ટુકડા થઈ ગયા હતા. મૃત્યુઆંક હજુ પણ વધવાની આશંકા છે. ડીસા દુર્ઘટનામાં SITની રચના કરવામાં આવી છે. જેમાં ડીવાયએસપીની આગેવાનીમાં બે પોલીસ ઈન્સ્પેક્ટર અને બે પોલીસ સબ ઈન્સ્પેક્ટરને સામેલ કરાયા છે. ડીવાયએસપી સી.એલ. સોલંકી, પીઆઈ વી.જી. પ્રજાપતિ, પીઆઈએ.જી. રબારી, પીએસઆઈ એસ.બી. રાજગોર અને પીએસઆઈ એન.વી. રહેવારને SITમાં સામેલ કરાયા છે. બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અને મંત્રી બળવંત સિંહ રાજપૂત સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. સિવિલ હોસ્પિટલ ખાતે મંત્રીઓ અને અધિકારીઓને બેઠક યોજાઈ હતી. બીજી તરફ ફેક્ટરીમાં કામ કરતા એક યુવાનની પૂછપરછ કરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ, ડીસામાં ઢુંવા રોડ પર આવેલી ફટાકડાની ફેક્ટરીમાં વહેલી સવારે ભીષણ આગ લાગી હતી. ટૂંક જ સમયમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ઘટનાની જાણ થતાં તુરંત ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી આવી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. વિસ્ફોટ એટલો ભયાનક હતો કે શ્રમિકોના અંગના ટુકડા દૂર દૂર સુધી ફેંકાયા હતા. ૨૦૦ મીટર સુધી ફેક્ટરીનો કાટમાળ ફેલાયો હતો, જે હટાવવા માટે JCBની મદદ લેવાઈ હતી. વિસ્ફોટના કારણે ગોડાઉનની છત પણ ધરાશાયી થઈ ગઈ હતી.
પાંચ જેટલા શ્રમિકોને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. તમામ મૃતકો મધ્ય પ્રદેશના રહેવાસી હોવાનું અનુમાન છે. મળતી માહિતી પ્રમાણે આ શ્રમિકો હાલમાં જ પૈસા કમાવવા માટે અહીં જોડાયા હતા અને મજૂરી કરતાં. મૃતકોની ઓળખ માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. બનાસકાંઠાના કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું છે, કે ’આજે સવારે અમને ડીસાના ઔદ્યોગિક ક્ષેત્રમાં ભયાનક વિસ્ફોટની જાણકારી મળી. ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો. ઈજાગ્રસ્ત શ્રમિકોને હોસ્પિટલ લઈ જવાયા છે. વિસ્ફોટના કારણે ફેક્ટરીનો સ્લેબ ધરાશાયી થયો હતો.’ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડીસાની ઘટનાને લઈને દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે 'X’ પર લખ્યું છે કે, ડીસામાં ફટાકડાના ગોડાઉનમાં વિસ્ફોટ થવાથી આગ લાગવાના લીધે અને સ્લેબ ધરાશાયી થવાના લીધે શ્રમિકોના મૃત્યુની ઘટના હૃદયદ્રાવક છે. દુઃખની આ ઘડીમાં મારી આત્મીય સંવેદના મૃતકોના સ્વજનોની સાથે છે. આ દુર્ઘટનામાં રાહત-બચાવ અને સારવારની કામગીરીને લઈને હું વહીવટીતંત્ર સાથે સતત સંપર્કમાં છું.’

## ઈઝરાયેલનો ગાઝાના લોકોને રાફા ખાલી કરવા આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)
ડેર અલ-બલાહ, તા.૧
યુદ્ધવિરામ સમાપ્ત થયા પછી ઈઝરાયેલ હમાસ વિરુદ્ધ સતત હુમલાઓ કરી રહ્યું છે. ઈઝરાયેલ દ્વારા ગાઝા પટ્ટી પર બોમ્બમારો કરવામાં આવી રહ્યો છે. આ દરમિયાન ઈઝરાયલી સેનાએ ગાઝા પટ્ટીના લોકોને દક્ષિણ શહેર રાફાનો મોટાભાગનો વિસ્તાર ખાલી કરવા આદેશ કર્યો હતો. જે દર્શાવે છે કે તે ટૂંક સમયમાં ગાઝા પટ્ટીના દક્ષિણી શહેરમાં વધુ એક મોટું ગ્રાઉન્ડ ઓપરેશન શરૂ કરી શકે છે.ઈઝરાયેલી સૈન્યે પેલેસ્ટિનિયનોને મુવાસી તરફ જવાનો આદેશ આપ્યો છે જે દરિયાકિનારે તંબુ કેમ્પોનો વિસ્તાર છે. આ આદેશ ઈદ અલ-ફિત્રની દિવસે આવ્યો હતો. જેમાં આખા શહેર અને નજીકના વિસ્તારો આવરી લેવાયા છે. ઈઝરાયેલે મે ૨૦૨૪માં ઈજિપ્તની સરહદ પર આવેલા રફાહમાં એક મોટું ઓપરેશન શરૂ કર્યું હતું, જેના કારણે તેનો મોટો ભાગ ખંડેર બની ગયો હતો.ઈઝરાયેલે હમાસ આતંકવાદી જૂથ સાથેનો યુદ્ધવિરામ સમાપ્ત કરીને આ મહિનાની શરૂઆતમાં હવાઈ અને જમીન યુદ્ધ ફરી શરૂ કર્યું હતું. માર્ચની શરૂઆતમાં ઈઝરાયેલે હમાસ પર યુદ્ધવિરામ કરારમાં ફેરફારો સ્વીકારવા દબાણ કરવા માટે પ્રદેશના આશરે ૨ મિલિયન પેલેસ્ટિનિયનોને ખોરાક, બળતણ, દવા સહિતની સહાયનો તમામ પુરવઠો આપવાનું બંધ કરી દીધું હતું.હમાસ બાકીના ૫૯ બંધકો (જેમાંથી ૨૪ જીવિત હોવાનું માનવામાં આવે છે)ને મુક્ત ન કરે ત્યાં સુધી લશ્કરી કાર્યવાહી વધુ તીવ્ર કરવાની ઈઝરાયેલે પ્રતિજ્ઞા લીધી છે. ઈઝરાયલે હમાસને નિઃશસ્ત્ર કરીને પ્રદેશ છોડી દેવાની પણ માંગ કરી છે.

## ટ્રમ્પની ટેરિફ નીતિ વચ્ચે ચીનની નજર એશિયાઈ દેશો પર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવીદિલ્હી,તા.૧ :
અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની આકરી ટેરિફ નીતિના કારણે ચીન ભારત સાથે દ્વિપક્ષીય વેપાર સંબંધો સુધારવાનો પ્રયાસ કરી રહ્યું છે. બેઈજિંગના એમ્બેસેડરે દાવો કર્યો છે કે,

ચીન વેપારને સંતુલિત કરવા અમેરિકાના સ્થાને ભારત પાસેથી વધુ ચીજોની આયાત કરશે. ચીને જાપાન અને દક્ષિણ કોરિયા સાથે મળી અમેરિકાના ટેરિફનો જવાબ આપવાની તૈયારી પણ કરી છે.

અમેરિકા દ્વારા ટેરિફની જાહેરાતના પગલે અમે ભારત સાથે વેપાર અને અન્ય ક્ષેત્રોમાં સંબંધોને વધુ મજબૂત બનાવવા તેમજ સહકાર સ્થાપિત કરવા પ્રયાસો કરી રહ્યા છીએ. ચીનના બજારમાં ભારતીય પ્રોડક્ટ્સની વધુને વધુ આયાત કરવામાં આવશે.

ભારત અને ચીન વચ્ચેના સંબંધો ભલે કડવાશભર્યા હોય પરંતુ દ્વિપક્ષીય વેપાર સંબંધો મજબૂત છે.

દેશના વેપાર મંત્રાલયના ડેટા અનુસાર, ૨૦૨૩-૨૪માં બંને દેશો વચ્ચે ૧૦૧.૭ અબજ ડોલરનો વેપાર થયો હતો. ભારતે પેટ્રોલિયમ ઓઈલ, આયર્ન ઓર, મરિન પ્રોડક્ટ્સ, અને વેજિટેબલ ઓઈલ સહિતની મુખ્ય આયાત જ કુલ ૧૬.૬ અબજ ડોલરની નોંધાઈ હતી.

ટ્રમ્પે બીજી એપ્રિલથી રેસિપ્રોકલ ટેરિફ લાગુ કરવાની જાહેરાત કરી છે. જે દેશો અમેરિકા પાસેથી જેટલો ટેરિફ વસૂલે છે, તેટલો જ ટેરિફ તેમની પાસે વસૂલવાની તૈયારી અમેરિકાએ દર્શાવી છે. વધુમાં ચીનની તમામ પ્રોડક્ટ્સ પર ૨૦ ટકા ટેરિફ લાદવાની જાહેરાત પણ કરી હતી. ટ્રમ્પની જેવા સાથે તેવાની નીતિ વેપાર સંબંધો પર અસર કરી શકે છે. જેનાથી વિશ્વભરમાં ટ્રેડ વોર સર્જાવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે.

ચીનની ભારત પાસેથી વધુ પ્રોડક્ટ્સ ખરીદવાની ઈચ્છા ઉપરાંત જાપાન અને દક્ષિણ કોરિયા સાથે પણ વેપાર સંબંધો વધુ ગાઢ બનાવવાની તૈયારી કરી છે. ચીનના સરકારી મીડિયાએ જણાવ્યું હતું કે, તેઓ જાપાન અને દક્ષિણ કોરિયા સાથે મળી અમેરિકાના ટેરિફનો જવાબ આપવા તૈયાર છે.

## રસ્તો નમાઝ પઢવા માટે નહીં-: યોગી

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઉત્તર પ્રદેશ,તા.૧ : ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સ્પષ્ટપણે કહ્યું છે કે, રસ્તા પર નમાજ પઢવી શક્ય નથી. આ સાથે, તેમણે રસ્તાઓ પરથી પસાર થતી કાવડ યાત્રા અંગે પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. આ ઉપરાંત, વક્ફ (સુધારા) બિલનો વિરોધ કરનારાઓની આકરી ટીકા કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ કહ્યું છે કે, વક્ફ મિલકત થોડા લોકોના કબજામાં છે અને આ મિલકતો દ્વારા કોઈ ગરીબ મુસ્લિમને ફાયદો થયો નથી. સમાચાર એજન્સી પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે રસ્તાઓ પર નમાજ અદા કરવા અંગે કહ્યું, ‘રસ્તાઓ ચાલવા માટે છે અને જે લોકો રસ્તા પર નમાજ પઢવાની તરફેણ કરી રહ્યાં છેપ તેમણે હિન્દુઓ પાસેથી શિસ્ત શીખવી જોઈએ.’ પ્રયાગરાજમાં ૬૬ કરોડ લોકો આવ્યા. ક્યાંય લૂંટફાટ નહોતી, ક્યાંય આગચંપી નહોતી, ક્યાંય છેડતી નહોતી, ક્યાંય તોડફોડ નહોતી, ક્યાંય અપહરણ નહોતું, આ શિસ્ત છે, આ ધાર્મિક શિસ્ત છે. તેઓ શ્રદ્ધા સાથે આવ્યા, ‘મહાસ્નાન’માં ભાગ લીધો અને પછી તેમના ગંતવ્ય સ્થાન તરફ આગળ વધ્યા. તહેવારો અને ઉજવણીઓ અથવા આવા કોઈપણ કાર્યક્રમો અપમાનનું માધ્યમ ન બનવું જોઈએ.

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

Wednesday 02, April 2025

# દમણગંગા ટાઇમ્સ



VIMAL ENTERPRISE

શું તમે ગળતા ટેરેસ, બાથરૂમ લીકેજ તથા દિવાલમાંથી આવતા ભેજના લીધે પરેશાન છો ? તો ચિંતા નહિ!

આવી ગયું છે હવે, ''વિમલ એન્ટરપ્રાઈઝ'' જે તમને આધુનિક મશીન તથા ગેરંટી સાથે વોટરપ્રુફિંગ કરી આપવામાં આવશે

Mo. 9374135780

CONTACT:RAMBHAI KUSHWAHA.

Address: ઓફિસ નંબર 73 શિવ પૂજા સોસાયટી નંદાવલા વલસાડ-396001


### ઓવરબ્રીજની કામગીરીને લઈ

## વાપીમાં બે માસ સુધી કેટલાક માર્ગોને ડાયવર્ઝન અપાયું

**વલસાડ, તા. ૦૧ :** વલસાડ જિલ્લાના વાપી શહેરમાં આવેલ હયાત રેલ્વે ઓવરબ્રિજ - રેલ્વે ચે.૧૭૨/૧૬-૧૮ (ડી.એફ.સી.ચે.૧૩ ૫૨૩.૨૮૯ કિ.મી.)ને તોડવાનો હોવાથી હયાત બ્રિજ પરના ટ્રાફીકને મોટા વાહનો બલીઠા ફાટક ઉપરથી તથા નાના વાહનો અન્ડર પાસ તથા રેલ્વે દ્વારા બનાવવામાં આવેલ નવા ફાટક, કબ્રસ્તાન રોડ, કસ્ટમ રોડ, કસ્ટમ રોડ તરફ તા. ૩૧/૦૩/૨૦૨૫ સુધી ડાયવર્ઝન આપવામાં આવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. પરંતુ આ બ્રીજની કામગીરી પૂર્ણ થઈ ન હોવાથી અને કામગીરી પ્રગતિમાં હોવાથી વાહનોના ડાયવર્ઝન અંગેના જાહેરનામાની મુદત લંબાવવી આવશ્યક જણાતાં ટ્રાફીક નિયમન અને કાયદો-વ્યવસ્થાને ધ્યાને લઈ જિલ્લા મેજીસ્ટ્રેટ નૈમેષ દવેએ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧(૨૨-માં) ની કલમ- ૩૩ ની પેટા કલમ -૧ (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ વાપીના હયાત રેલ્વે બ્રિજ પરથી આવતા/જતા તમામ પ્રકારના વાહનોને અવર-જવર માટે આગામી તા.૩૧/૦૫/૨૦૨૫ રાત્રીના ૧૨:૦૦ કલાક સુધી પ્રતિબંધ મુક્યો છે.

**ડાયવર્ઝન અંગેની વિગત**

(૧) તમામ પ્રકારના વાહનો એલ.સી.નં.૮૧ બલીઠા ફાટક ઉપરથી આવન-જાવન કરી શકશે. પરંતુ સવારના ૧૦:૦૦થી ૧૨:૦૦ તથા સાંજે ૧૭:૦૦થી ૨૦:૦૦ કલાક દરમ્યાન સ્કુલ બસ તથા એસ.ટી. બસ સિવાયના તમામ ભારે વાહનો માટે પ્રતિબંધીત રહેશે. (૨) વાપી પૂર્વ - પશ્ચિમ જવા તથા આવવા માટે નાના વાહનો (૩.૫ મીટરની ઉંચાઈ સુધીન) રેલ્વે અન્ડર પાસ તથા રેલ્વે દ્વારા બનાવવામાં આવેલ નવા ફાટક એલ.સી - ૮૦, કબ્રસ્તાન રોડ, કસ્ટમ રોડ ઉપરથી આવન-જાવન કરી શકશે. તથા રેલ્વે અન્ડર પાસ (જુનું ગરનાળુ) માંથી માત્ર ટુ-વ્હીલર વાહનો આવન-જાવન કરી શકશે. (૩) ને.હા. નં.૪૮ ઉપર મુંબઈ - દમણ જવા તથા આવવા માટે તમામ પ્રકારના વાહનો મોહનગામ ફાટક (એલ.સી.-૭૭) તથા નાહુલી અન્ડર પાસ (એલ.સી. નં.૭૮) થી આવન - જાવન કરી શકશે. (૪) ને.હા.નં.૪૮ ઉપર વલસાડ -સુરત - દબાણ જવા તથા આવવા માટે તમામ પ્રકારના વાહનો મોતીવાડા ઓવરબ્રિજ (એલ.સી.નં.૮૮) થી આવન - જાવન કરી શકશે.

## ચીખલીનાં વાતાવરણમાં પલ્ટો આવતા ખેડૂતો ચિંતામાં

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા.૦૧ :** ચીખલી તાલુકામાં હવામાન ખાતા વિભાગે આપેલી આગાહી અનુસાર મંગળવારે સવારના સમયે અમી છાંટણા થતાં ખેડૂતોમાં ચિંતા ઉભી છે. જ્યારે પાકા મકાનો બનાવતા રહીશોનો સર સામાન ભીંજાય જવા પામ્યો છે.

હવામાન ખાતાએ આપેલી આગાહી અનુસાર ચીખલી પંથક મંગળવારે વહેલી સવારે અમી છાંટણા થતાં ખેડૂતોનો કેરીનો પાક બગડશે તેમજ શાકભાજીનો પાકને માઠી અસર પહોંચે તેવી ભીંતી સેવાઈ રહી છે. જોકે હાલમાં કેટલાક પરિવારો પાકા મકાનો બનાવતા હોય તેમજ ઘર રીપેરીંગ કામ કરતા હોય ત્યારે ક મોસમી વરસાદ થતા આવા પરિવારો માટે પણ ચિંતા ઉભી થવા પામી છે જોકે વધુ વરસાદ ન થતાં હાલમાં ખેડૂતોએ રાહત અનુભવી છે.



## ડાંગમાં સતત બીજા દિવસે કમોસમી અમીછાંટણાથી શીતલહેર વ્યાપી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**


**સાપુતારા, તા.૦૧ :** રાજ્યનાં છેવાડે આવેલ ડાંગ જિલ્લામાં છેલ્લા બે દિવસથી ઋતુચક્રનો મિજાજ બદલાયો છે. હવામાન વિભાગની આગાહીનાં પગલે ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં છેલ્લા બે દિવસથી ક્યાંક ઝરમરીયો તો ક્યાંક અમીછાટણા સ્વરૂપેનો કમોસમી વરસાદ પડતાં સમગ્ર પંથકોનું વાતાવરણ બેવડાયુ હતું. ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા, આહવા, બોરખલ,ગલકુંડ, સુબિર, વઘઇ, ભેંસકાતરી, સાકરપાતળ, પીપલાઈદેવી, ચિંચલી, સહીત પૂર્વપટ્ટી અને સરહદીય પંથકોમાં સતત બીજા દિવસે વાદળછાયુ વાતાવરણ છવાઈ રહેવાની સાથે સમયાંતરે ક્યાંક ઝરમરીયો તો ક્યાંક અમીછાટણા સ્વરૂપેનો વરસાદ પડતા ખેડૂતોમાં દોડધામ મચી જવા પામી હતી. ડાંગ જિલ્લામાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલટાની સાથે કમોસમી વરસાદનાં છાટણા પડતા ખેડૂતોનાં શાકભાજી, કઠોળ, સહીત ફળફળાદી પાકોને જંગી નુકસાનની ભીતિ વર્તાઈ હતી. ગિરિમથક સાપુતારા ખાતે દિવસભર વાદળછાયા વાતાવરણની વચ્ચે સમયાંતરે કમોસમી વરસાદનાં અમીછાટણા પડતા જોવાલાયક સ્થળોનું વાતાવરણ આહલાદક બની જવા પામ્યુ હતું. સાથે સાપુતારાનું વાતાવરણ ઠંડુગાર બની જતા ફરવા આવેલ પ્રવાસીઓનો ઉન્માદ બેવડાયો હતો. ડાંગ જિલ્લામાં છેલ્લા બે દીવસથી વાતાવરણમાં પલટો રહેતા ડાંગી જનજીવને ગરમીમાંથી આંશિક રાહત મેળવી હતી.

## વાપીની એક્રાપેક કંપનીમાં રક્તદાન કેમ્પ યોજાશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૧ :** વાપીના જાણીતા ઉદ્યોગપતિ અને સામાજિક કાર્યકર્તા મુન્નાભાઈ શાહની પત્ની સ્વર્ગવાસ ડોક્ટર સંધ્યાબેન શાહની યાદમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૫-૪-૨૦૨૫ને શનિવારના રોજ સવારે ૯:૦૦ કલાકે વાપી જીઆઇડીસીના થર્ડ ફેસ મા આવેલ એક્રાપેક પ્રાઇવેટ લિમિટેડ કંપની ખાતે બ્લડ ડોનેશન કેમ્પ રાખવામાં આવ્યો છે. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી બ્લડ ડોનેશન કરશે સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રાઈવેટ લિમિટેડ કંપની અને વર્ધમાન ફિજીયોથેરાપી ક્લિનિક વાપી દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## કાંગવીમાં દીપડીના બચ્ચા દેખાતાં પાંજરૂ મુકાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા.૦૧ :** ધરમપુર રેંજનાં કાર્યવિસ્તારમાં આવેલ આંબા રાઉન્ડનાં કાંગવી ગામનાં ખેડૂત ખાતેદાર બિસ્તુભાઈ ભાયજુભાઈ ગાંવિતએ તા.૩૧/૦૩/૨૦૨૫નાં રોજ સવારે ૧૦:૩૦ કલાકે વન વિભાગને ટેલિફોનીક જાણ કરતા પોતાની આંબાની વાડીમાં કેરીનો પાક જોવા ગયેલ. તે સમયે એક આંબાનાં ઝાડ પર દિપડીનાં બે બચ્ચાં જોવા મળેલ. જે પૈકી એક બચ્ચુ ફરીયાદીના નજર સમક્ષ આંબાનાં ઝાડ ઉપરથી સુરીક્ષત ઉતરી નીકળી ગયેલ. બીજું બચ્ચુ ત્યાંજ આંબાનાં ઝાડ પર બેસી રહેતા જે મદદનીશ વન સંરક્ષક બાબતે રૂચિ દવે, ધરમપુર ના આર એફ ઓ એચ.ડી. પટેલ, નાં માર્ગદર્શન હેઠળ રાઉન્ડ ફોરેસ્ટર આંબા તથા ધરમપુર રેંજ સ્ટાફ સાથે રૂબરૂ સ્થળ પર જઈ તપાસ કરતાં દિપડીનું બચ્ચુ આંબાનાં ઝાડ ઉપર જ બેસેલુ નજરે જોવા મળતા જે અંદાજીત ઉમર ૩ થી ૪ માસની હોવાના અનુમાન સાથે સ્થળ પર વન્યપ્રાણીની સુરક્ષા જળવાઈ એ અંતર્ગત વન વિભાગે અલગ-અલગ ટીમ બનાવી કાર્યવાહી હાથ ધરી હતી તેમજ લોકો ભયભિત ન થાય તે બાબતે સુરક્ષા સાથે ગ્રાજનોને યોગ્ય સુચનો કરાયા હતા તે ઉપરાંત સ્થળની આજુબાજુ ટ્રેપ કેમેરા તથા વિઝનવાળા કેમેરા ગોઠવી રાત્રી દરમ્યાન વોચ ગોઠવવામાં આવી હતી. વન વિભાગ દ્વારા ટીમ બનાવી વન્યપ્રાણી દિપડી તથા બચ્ચાંને સતત દેખરેખ હેઠળ રાખી જયાં સુધી બચ્ચાંને તેની માતા દિપડી લઈ ન જાય ત્યાં સુધી સ્થળ ઉપર વોચ ગોઠવી કાર્યવાહી હાથ ધરતા બીજા દિવસે સવારે તપાસ કરતાં આંબાનાં ઝાડ ઉપર કે આજુબાજુનાં વિસ્તારમાં દિપડીનું બચ્ચું કે તેની માતા દિપડીની હાજરી જોવા ન મળતા વધુ તપાસમા આજુબાજુનાં વિસ્તારમાં માતા દિપડી તથા બચ્ચાનાં ફૂટમાર્ક જણાઈ આવતા દિપડીનાં બચ્ચાંને માતા દિપડી સુરક્ષિત રીતે લઈ ગયેલ હોવાનુ અનુમાન કરી ઘટનાને ધ્યાને રાખી કાંગવી ગ્રામજનોને વન્યપ્રાણી તથા લોકોની સુરક્ષા બાબતે જન જાગૃતિ લાવવા જરૂરી માહિતી તથા માર્ગદર્શન આપવામાં આવી હતી.

## પારનેરામાં ભ્રષ્ટાચાર અંગે ખોટી સહી બાબતે કલેકટરને રાવ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૦૧ :** પારનેરા ગામમાં સસ્પેન્ડ સભ્યની એજન્સી સંચાલકે લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો હોવાના આક્ષેપ સાથે કલેકટર, ડી.ડી.ઓ. અને ટી.ડી.ઓ.માં તપાસ માટે પંચાયતના સભ્યોએ કરેલી અરજીમાં તાલુકા પંચાયત દ્વારા કરવામાં આવેલ પંચકેસમાં ગામના યુવાને સહી નહિ કરી હોવા તેમ છતાં તેના નામની ખોટી સહી કરી દેતા આજરોજ વલસાડ જિલ્લા કલેકટર, ડીડીઓ, ટીડીઓમાં ખોટી સહી કરનાર ઈસમ સામે પગલા લેવા માટે લેખિત ફરિયાદ કરતા ગામમાં ચર્ચાનો વિષય બન્યો છે.

વલસાડ તાલુકાના પારનેરા ગામ પંચાયતના સસ્પેન્ડ સભ્ય આશિષ ઉર્ફે અનુ પટેલની જય માતાજી નામની એજન્સી ચાલતી હતી. પોતે પંચાયતના સભ્ય હોવા તેમ છતાં તેમણે પોતાની એજન્સી મારફતે લાખો રૂપિયાના કામો વિસ્તારમાં કર્યા હતા. જોકે તેમણે કામો નહીં કરવા તેમ છતાં પેવર બ્લોક, વરસાદી ગટર ગરનાળા, બોરિંગ હેન્ડ પંપ જેવા કામો કર્યા હોવાના બોગસ બીલો મૂકી લાખો રૂપિયાનું કૌભાંડ કર્યો હોવા બાબતે ગામ પંચાયતના સભ્યો વિરેન શોભાએ કૌભાંડને ઉજાગર કરી વલસાડ જિલ્લા કલેકટર જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારીને કરેલા કામોના બીલો સાથે પુરાવા આપી તેની સામે કાર્યવાહી કરવાની માંગણી કરી હતી. જે અંગે જિલ્લા વિકાસ અધિકારીએ તાલુકા વિકાસ અધિકારીને તપાસના આદેશ આપ્યા બાદ તેમણે તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારી સહિતની ટીમોને સ્થળ તપાસ કરવા માટે મોકલાવી હતી. જોકે ગામના એક યુવાન કુંજન દિલીપભાઈ પટેલ અધિકારીઓએ સ્થળ પર કરેલી પંચક્યાસમાં તેની બોગસ સહી કરી હોવાનું બહાર આજરોજ કુંજન પટેલે વલસાડ જિલ્લા કલેકટર, વલસાડ જિલ્લા વિકાસ અધિકારી અને વલસાડ તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી ખોટી સહી કરનારા ઈસમ સામે પગલા લેવા માટે લેખિત રજૂઆત કરતા ગામમાં ચર્ચાનો વિષય બન્યો છે.

## કપરાડામાં કમોસમી વરસાદથી ભારે નુકસાન

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**નાનાપોંઢા, તા.૦૧ :** કપરાડા તાલુકામાં છેલ્લા બે દિવસથી વાદળછાયું વાતાવરણ જોવામાં આવી રહ્યું હતું. હવામાનમાં અચાનક ફેરફાર થયો અને આજે આકાશમાં ઘેરા વાદળો છવાઈ ગયા, જેના પરિણામે અચાનક જ વરસાદ શરૂ થયો. આ કમોસમી વરસાદના કારણે ખેડૂતોના પરિસ્થિતિ વધુ કઠિન બની છે. ખાસ કરીને, આંબાના પાક અને હાલની શાકભાજી માટે આ વરસાદ ભારે નુકસાની લાવનારો સાબિત થયો છે.



કપરાડા તાલુકામાં મુખ્યત્વે કિસાનોએ આંબા ઉછેરવા માટે ભારે મહેનત લીધી હતી. તે માત્ર મહિના-દોઢ મહિના પછી માર્શ કટિંગ અને કેરી ઉત્પન્ન થવાની પ્રક્રિયા શરૂ થવાની હતી. પરંતુ અચાનક થયેલા વરસાદથી આંબાના ફૂલ અને નાના કેરીના દાણાં નાશ પામ્યા છે. ભીનું વાતાવરણ અને અવિરત વરસાદના કારણે કેરીમાં ફૂગ, જીવાત અને અન્ય બીમારીઓ ફેલાવાની શક્યતા વધી ગઈ છે.

ખેડૂતોની મહેનત અને ખર્ચા હવે વ્યર્થ જશે તેવો ભય વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. આંબાના પાક માટે યોગ્ય હવામાન જરૂરી હોય છે, અને જો વધુ દિવસ સુધી ભીનું વાતાવરણ રહે તો પાક સંપૂર્ણપણે નાશ પામે તેવી શક્યતા છે.

શાકભાજીની ખેતી કરતા ખેડૂતો પણ ભારે નુકસાનનો સામનો કરી રહ્યા છે. કમોસમી વરસાદના કારણે ફૂદીનાં પાન, મેથી, વટાણા, ડુંગળી, બટાકાં, ગવાર અને અન્ય શાકભાજીનો પાક બરબાદ થઈ ગયો છે. ભારે ભીના અને અઘરાં વાતાવરણને કારણે જમીન ઓસરી નહીં, તો રોગ અને બેક્ટેરિયલ રોગો પણ ફેલાઈ શકે છે. જો હાલની પરિસ્થિતિ યથાવત્ રહે તો આગામી દિવસોમાં ખેડૂતો માટે આર્થિક સંકટ ઊભું થઈ શકે છે.

આ ખેડુતો માટે ખરેખર મુશ્કેલીભર્યું વર્ષ સાબિત થઈ શકે છે. એક તરફ કૃષિમાં ખર્ચો વધતો જાય છે, અને બીજી તરફ કુદરતી આપત્તિઓને કારણે પાકને નુકસાન થાય છે. ખેડૂતો માટે સરકાર તરફથી સહાય, વીમા અને માવઠા હિતસર સબસિડી જેવી સહાયશ્રેણી જરૂરી બની છે.

માવઠાને કારણે રોગચાળો વધવાની શક્યતા છે, અને જો તાપમાન આજીવન નીચું રહે તો પાક માટે વધુ ખરાબ પરિસ્થિતિ ઊભી થઈ શકે. કેરીના પાક સાથે સાથે અન્ય ફળો અને શાકભાજી પર પણ પ્રભાવ પડશે.

ખેડૂતોને નુકસાનની ભરપાઈ માટે સહાય આપવી જોઈએ. ખેડૂતોને વરસાદ અને ભીના વાતાવરણના પરિણામે થતી સમસ્યાઓથી બચવા માટે જૈવિક ઉપાયો અપનાવવાં જોઈએ.

ખેતી નિષ્ણાતો દ્વારા ખેડૂતોને સલાહ મળી રહે, જેથી નુકસાનને ઓછું કરી શકાય.

હવામાનની સ્થિતિ આવી જ રહે તો આગામી દિવસોમાં ખેડૂતો માટે હાલત વધુ કઠિન બની શકે છે. સરકાર, કૃષિ વિભાગ અને વૈજ્ઞાનિકોએ આ પરિસ્થિતિનું તાત્કાલિક નિરાકરણ લાવવું જરૂરી છે.

## વલસાડ કેરી માર્કેટમાં સુવિધા અંગે ચેરમેનને રજૂઆત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૦૧ :** વલસાડ ફ્રુટ મરચન્ટ એન્ડ કમીશન એજન્ટ એસોસીએશન દ્વારા વલસાડ A.P.M.C. માર્કેટ કમિટિ દ્વારા માર્કેટ થાર્ડમાં વેપારીઓને તેમજ ખેડૂતોને પ્રાથમિક સુવિધા આપવા બાબતે એપીએમસી ચેરમેન અને સેક્રેટરીને લેખિત રજૂઆત કરી છે.

વલસાડ ફ્રુટ મરચન્ટ એન્ડ કમીશન એજન્ટ એસોસીએશન દ્વારા આજરોજ એપીએમસીના ચેરમેન અને સેક્રેટરીને લેખિતમાં રજૂઆત કરવામાં આવી કે વલસાડ જિલ્લાની કેરી અને ચીકુના વેચાણ માટે તેમજ ખરીદીનું પ્રથમ માર્કેટ તરીકે ગણના થતી આવી હતી. પરંતુ વલસાડ એ.પી.એમ.સી. માર્કેટના સાશકો ધ્વારા વલસાડ માર્કેટના પાયાના પ્રશ્નો બાબતે સતત ઉદાસિનતા કરતી આવી છે. માર્કેટ યાર્ડમાં સાર્વજનિક સુવિધાઓમાં રસ્તાની હાલત બે હાલ તેમજ છેલ્લા ૪૦-વર્ષથી રીપેરીંગ પણ કરવામાં આવેલ નથી. છેલ્લા પાંચ વર્ષથી ટોયલેટ-બાથરૂમ પણ બંધ હાલતમાં છે. માર્કેટમાં આવતા હજારો ખેડૂતોમાં મહિલાઓની મુતરડી વગર હાલત દયનિય છે. તેમજ શરમજનક પણ છે. માર્કેટ યાર્ડમા છેલ્લા ૪૦-વર્ષથી પિવાના પાણીની પણ કોઈ સગવડ કરવામાં આવી નથી. આ તમામ સાર્વજનિક સુવિધાઓ માટે એશોસિએશન ધ્વારા વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતાં ટોઈલેટ બાથરૂમ, રસ્તા પીવાના પાણી તેમજ અન્ય સુવિધાઓ કોઈપણ પ્રકારે કામગીરી કરતા નથી. માર્કેટ યાર્ડના સાશકો ધ્વારા સરકારમાંથી મળતી કરોડો રૂપિયાની સહાય ખેડૂતો તેમજ વેપારીઓના વિકાસ માટે વાપરવાને બદલે તેમના ગેરવહીવટના કારણે કરોડો રૂપિયા સકરારના વેડફાઈ રહ્યા છે. સરકાર દ્વારા આવા ગેરવહીવટ માટે સાશકોની જવાબદારી નકકી કરવી જોઈએ ફક્ત વેપારીઓ ઉપર નવા નવા કાયદાના ઓથા હેઠળ હેરાનગતિ કરવા સિવાય કોઈ કામગીરી કરવામાં આવતી નથી.આર્થિક નિતીના કારણે વલસાડ એ.પી.એમ.સી. ખાડાએ ગયેલી હોય માર્કેટના સાશકો ધ્વારા કચેરી ભીર બેદરકારીને લઈ વેપારીઓ તેમજ ખેડૂતોના હિતને તેમજ વિકાસને ગંભીર નકશાન પહોંચાડી રહયા છે. હાલમાં ખુબજ ટુંકા સમયમાં કેરીની સિઝન ચાલુ થનાર હોય ત્યારે માર્કેટ યાર્ડ ધ્વારા આવા ગંભીર પ્રશ્નો બાબતે બેદરકારી સેવવા બદલ તેમની વેપારીઓ તેમજ હજારો ખેડૂતો પ્રત્યેની વિશ્વસનીયતા સ્પષ્ટ જણાઈ રહી છે. પાયાની માગણીની સુવિધાઓ તાત્કાલિક અપાવવા કાયદેસરના પગલાં લેવા વિનંતી કરી છે.

## લીલાપોર હિંગળાજ કોસ્ટલ હાઈવે પર પડેલ જીએસપીથી લોકો પરેશાન

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૦૧ :** વલસાડના લીલાપુર પીચિંગથી હિંગળાજ તરફ અને લીલાપુર કોસ્ટલ હાઈવેને જોડતા પર જીએસબી નાંખી રસ્તો ડામર નહીં કરવામાં આવતા લીલાપુર અને હિંગરાજ ગામના વાહન ચાલકો રાહદારીઓ રોડ પરથી પસાર થતી વખતે ઉડતી ધૂળની ડમરીના કારણે લોકો પરેશાન થઈ ગયા છે. આ રસ્તો છેલ્લા પાંચ દિવસથી કામ બંધ કર્યો હોવાથી વિસ્તારના રહીશો ભારે પરેશાન થઈ ગયા છે. લીલાપુર હિંગરાજ તરફ જતા રસ્તાને તાત્કાલિક ડામરનો રસ્તો બનાવે એવી વિસ્તારના લોકોની માંગણી છે.

વલસાડ નજીકના લીલાપુર ગામે આવેલ આઈ.ટી.આઈ પાસેથી પીચિંગ સુધીનો ડામર રસ્તો બનાવવામાં આવ્યો છે. જોકે કોન્ટ્રાક્ટરે લીલાપુર પિચિંગ પાસેથી હિંગળાજ તરફ જતો રસ્તો અને પીચિંગથી લીલાપુર કોસ્ટલ હાઈવે તરફ રસ્તો જાય છે. લીલાપુર હિંગળાજ અને કોસ્ટલ હાઈવેની આજુબાજુ આવેલા ગામોના રહીશો બાઈક ચાલકો શાળા કોલેજના વિદ્યાર્થીઓ રાહદારીઓ આ રસ્તાનો ઉપયોગ રાત દિવસ ઉપયોગ કરે છે. જોકે આ કોન્ટ્રાક્ટરે લીલાપુર પીચિંગથી હિંગરાજ તરફ જતો અને પીચિંગથી લીલાપુર કોસ્ટલ હાઈવેને જોડતો રસ્તા પર જી.એસ.બી. નાંખવામાં આવી હતી. આ જી.એસ.બી. નાખવાના કારણે તેમાંથી ઉડતી ધૂળની ડમરીના કારણે હિંગરાજ કે લીલાપુર હાઈવે વિસ્તારમાં આવેલા ગામોમાંથી આવતા જતા વાહન ચાલકો, રાહદારીઓ ભારે પરેશાન થઈ રહ્યા છે. તો બીજી તરફ જીએસબી નાંખતા રોડ પર પથરાના કારણે મોપેડ કે બાઈક ચાલકો સ્લીપ થવાના અને અકસ્માત થવાનો ભય વાહન ચાલકોને સતાવી રહ્યો છે. હિંગરાજ અને લીલાપુર કોસ્ટલ તરફ જતા રસ્તા કોન્ટ્રાક્ટર દ્વારા જીએસબીમાંથી ઉડતી ડમરી ઉપર પાણી નાખવાની તસ્દી પણ લીધી નથી. જોકે આ ડામર રોડ બનાવવાનો કોન્ટ્રાક્ટ પારડીના જીગર પટેલ નામનો કોન્ટ્રાક્ટરનો હોવાનું વિસ્તારના રહીશોએ જણાવ્યું હતું. લીલાપર પીચિંગથી હિંગળાજ તરફ અને લીલાપર પીચિંગથી કોસ્ટલ હાઈવે તરફ જતો રસ્તો તાત્કાલિક ડામર કામગીરી કરી વિસ્તારમાં રહીશોની વાહન ચાલકોની કાયમી સમસ્યા હદ કરે તેવી માંગણી થઈ રહી છે.

## સંજાણમાં પિતાએ ઠપકો આપતાં પુત્રી ગુમ

**વલસાડ, તા.૦૧ :** ઉમરગામ તાલુકાના સંજાણ બંદરે લાંબા ફળિયામાં રહેતા સમીર અહમદ ઉમરમીયા સુલેમાનની દીકરી શિફાને તા. ૨૯/૦૩/૨૦૨૫ના રોજ પિતાએ મોડે સુધી ઉંઘી રહેવા બાબતે ઠપકો આપ્યો હતો. જેથી ખોટુ લાગી આવતા પોતાના ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વિના ક્યાંક ચાલી ગઈ હતી. ગુમ થનાર શિફા શરીરે મધ્યમ બાંધો, ઘઉંવર્ણ અને પાંચ ફૂટ પાંચ ઈંચ ઉંચાઈ ધરાવે છે. ઘરેથી નીકળતી વેળા બ્લેક કલરનું ટોપ, કાળા કલરની પેન્ટ અને પીળા કલરની ચંપલ પહેરી હતી. જે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા જાણે છે. જે કોઈને પણ આ ગુમ થનાર શિફાની ભાળ મળે તો ઉમરગામ પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

## ડુંગરી સ્ટેશને ટ્રેન અડફેટે અજાણ્યા યુવકનું મોત

**વલસાડ, તા. ૦૧ :** વલસાડ તાલુકાના ડુંગરી રેલવે સ્ટેશન નજીક બાલાજી કંપની પાછળ કિમી નંબર ૨૦૫/૧૫ રેલવે લાઈન પર તા.૨૫/૦૩/૨૦૨૫ના રોજ ૦૧/૩૦ વાગ્યાના સુમારે પસાર થતી ટ્રેન નં.૦૯૦૫૨ ભુસાવલ બાંદ્રા એક્સપ્રેસ ટ્રેનની અડફેટે એક અજાણ્યો ૨૫ થી ૩૫ વર્ષનો યુવક આવી જતા માથાના ભાગે થયેલી ગંભીર ઈજાને કારણે મોતને ભેટ્યો હતો. જે શરીરે મધ્યમ બાંધો અને પાંચ ફૂટ ચાર ઈંચ ઉંચાઈ ધરાવે છે. શરીરે કાળા કલરની ટી શર્ટ જેમાં અંગ્રેજીમાં SPACE લખેલુ છે. કાળા કલરનો ટ્રેક પેન્ટ પહેર્યો છે જેના પર અંગ્રેજીમાં M લખ્યુ છે. જેના વાલી વારસોની ડુંગરી પોલીસે તપાસ કરી હતી પરંતુ મળી આવ્યા ન હતા. જેથી જે કોઈને પણ આ અજાણ્યા મૃતકના વાલી વારસો અંગે ભાળ મળે તો ડુંગરી પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.


**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**